ભાગ-૬

# ગોલ્ડન એરા ઓફ પી.એન.આર






ATARAJ"
CHILDREN WITH CEREB

# ગોલ્ડન એરા ઓફ પી.એન.આર

- પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક
- આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર
- ગોઝારો અકસ્માત
- પહેલો પોલિયો ઑપરેશન કેમ્પ સંપન્ન થયો
- સ્વયંભૂ જુવાળ
- વર્લ્ડ રેકૉર્ડ
- કૃત્રિમપગ બનાવવાનું સાહસ
- વિજય નાયક અને પ્રભાકૂટ
- મફતકાકા : હાથે લોઢું હૈયે મીણ
- પી.એન.આર. સોસાયટીની સ્થાપના
- પી.એન.આર. સોસાયટીના પ્રમુખદાતાઃ કાંતિભાઈ શાહ એક જુદી માટીના માનવી
- સર જોન વિલ્સન સાથે મુલાકાત
- ડૉ. જીંજર વિલ્સનનું આગમન
- પોલિયો પીડિતો માટે હૉસ્પિટલનું નિર્માણ
- કરુણા મોટો ધર્મ - દાતા ખુશેન્દ્રભાઈ દેસાઈ
- સહાય કરતાં સફળતા મોટી
- કનૈયા નહીં કન્હૈયા
- નાથી 'હાઉ સ્વીટ'!
- શ્રીમતી કલેર હિકસ વણથંભી વિકાસકૂચના સાથી
- જોન હાટઃ ફ્રી લાન્સ જર્નૉલિસ્ટ
- ડૉ. બ્રિન્ડા લક સાઈકલવાળી સ્વયંસેવિકા
- ભાવથી ભરેલા ટિફિન
- શૅર એન્ડ કેર અને હાર્ટ ઍન્ડ હૅન્ડ ફોર ધી હેન્ડિકેપ્ડ
- વજુભાઈ મહેતા, દરિયાદિલ દાતા
- ગોલ્ડન ઍરા ઑફ પી.એન.આર. ડૉ. સરધારવાલા એક ફ્રેન્ડ ફિલોસોફર ઍન્ડ ગાઈડ
- મોંઘેરા મહેમાન સર જોન વિલ્સન
- કરુણાભીની આંખો
- લાસ્ટ વિલ ઑફ લિયોનાર્ડ માર્ક
- જેરી જોન્સનું 'સો હમ્'
- સંવેદનાની પાંખે જોન એસ્કેન્ઝી પરિવાર
- કચ્છનો ધરતીકંપ
- શ્રીમતી માલતીબહેન અને શ્રી શ્યામલાલ દલાલ હેન્ડિકેપ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ વિકલાંગોને સાધન સહાયનો નવતર પ્રયોગ
- બાંગ્લાદેશની યાદગાર મુલાકાત
- ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પોલિયો કરેક્ટિવ સર્જરી
- ફંડ ડ્રાઈવ માટે વિદેશ પ્રવાસ
- જબાનથી દિલોને જીતવાની કળાના જાદુગર નટવરભાઈ દેસાઈ
- 'નટરાજ કૉલેજ' એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ
- મુઠ્ઠી ઉંચેરા માનવી, બાબુભાઈ સંઘવી
- નટરાજ સી.પી. સ્કૂલનું સ્વપ્ન સાકાર થયું
- વંચિત વિકલાંગોને પગભર કરવાનો સેવાયજ્ઞ AT&T ટૅકનૉલૉજી પાર્કઃ પ્રફુલભાઈ શાહનું બ્રેઈન ચાઈલ્ડ
- પી.એન.આર. ઈમ્પેક્ટ (યુ.કે.) પાર્ટનરશિપ પ્રોગ્રામનું મહત્ત્વ
- અંબાનિવાસ હૉસ્ટેલ ધીરજનું ફળ પ્રમુખદાતા : લલિતભાઈ પારેખ
- ગટરના પાણીને શુધ્ધ કરી રોજ ૨૫૦૦૦ લિટર જળની બચત કરતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- PNR-USA ફાઉન્ડેશનના વિઝનરી નયન દલાલ

- વંચિતોની વહારે 'નીલકમલ'ના વામનભાઈ પારેખ
- હર્ષદભાઈ શેઠ ગલિયાકોટવાળા પરિવાની અવિરત દાનની સરવાણી
- વિરલ વ્યક્તિત્વના સ્વામી દાતા વસંતભાઈ ગાંધી
- હરિનો મારગ
- યુગાન્તર








# પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક

## પોલિયો પીડિતોની ગંભીર સમસ્યા

૧૯૮૧ નું વર્ષ યુનાઈટેડ નેશન્સે ‘ઈન્ટરનેશનલ યર ફોર ડિસેબલ્ડ’ જાહેર કર્યું. દુનિયાભરમાં તેની ઊજવણી શરૂ થઈ. વિકલાંગોની હલનચલનની ક્ષમતા વધે તેવા ખાસ પ્રકારના કેલિપરના કૅમ્પ કરવા, કેન્દ્ર સરકારે, બહેરાંમૂંગા શાળાને ગ્રાન્ટ ફાળવી ત્યારે હજુઁ દ્રઇ સોસાયટીની સ્થાપના થઈ ન હતી. અંધશાળાના મેદાનમાં કૅમ્પનું આયોજન કર્યું. ગુજરાતમાંથી હજારેક જેટલા પોલિયોપીડિત બાળકો કૅમ્પમાં આવ્યાં. તેના પગનું માપ લઈને કેલિપર બનાવી આપવા, અમે અમદાવાદથી ઓર્થેટિક પ્રોસ્થેટિક એન્જિનિયર સાથે અંધજન મંડળમાંથી ટીમબોલાવી હતી. મોટાભાગના બાળકોને, પોલિયો થયા પછી જે ટ્રીટમેન્ટ મળવી જોઈએ, તે મળી ન હતી. તેથી કમરથી નીચે કોઈનો એક પગ, તો કોઈના બંને પગ સંકોચાઈને વળી ગયેલા હતા. મેડિકલમાં તેને ‘લોઅર લિંબ કોન્ટ્રેક્ચર’ કહેવામાં આવે છે. કોન્ટ્રેક્ચરના આ એક માત્ર કારણસર ઘણાં બાળકોને કેલિપર પહેરાવી શકાયા નહીં. મોટી આશા લઈને આવેલાં લોકો નિરાશ થઈને પાછા ગયા. અમે પણ આવું પહેલી વખત જોયું. આ સમસ્યાનો કાંઈક ઉપાય તો હોવો જોઈએ એમ લાગતાં, અમે કેટલાક નિષ્ણાત તબીબોને પૂછયું. જેનો અભિપ્રાય મળ્યો ‘ઉપાય તો છે, પરંતુ તે કરતાં પહેલાં બાળકના પગના કોન્ટ્રેક્ચર રીલિઝ ઑપરેશન કરવાં પડે જેને કરેક્ટિવ સર્જરી



**વિશાખાપટ્ટનમથી ડૉ. વ્યગ્રેશ્વર રુડુ તેમની ટીમ સાથે વરસમાં એક બે વખત નડિયાદ આવતા હતા.**

કહેવાય. પછી થેરાપી અને ત્યારપછી કેલિપર પહેરીને બાળક પોતાના પગ ઉપર ચાલી શકે.'

સવાલ હતો કે જો ઉપાય છે તો પછી પોલિયોપીડિત હજારો બાળકોની આવી હાલત કેમ છે?

જવાબ હતો, 'આ માટે મોટું ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈએ. વળી ૭૦% પોલિયોપીડિતો ગામડાઓમાં વસે છે ત્યાં સુધી પહોંચવાનું અતિ કપરું હતું. એક તરફ દેશમાં ઑર્થોપેડિક સર્જનોની કમી અને હૉસ્પિટલોમાં ઑર્થોપેડિક પથારીઓ પણ ઓછી. તેમાં વળી અકસ્માતમાં રોજ સેંકડો લોકોના હાડકાં ભાંગે, તેને સાજા કરવાની પ્રાયોરિટી હોય, ત્યાં ઘરમાં બોજારૂપ લાગતાં આ બાળકોનો ભાવ કોણ પૂછે?'

આ આપણા સમાજનું કડવું, પણ વાસ્તવિક સત્ય હતું. આ પીડા જોવાતી ન હતી. સમસ્યા ગંભીર હતી, કાંઈ રસ્તો સૂઝતો ન હતો. પણ કાંઈક કરવું તો છે જ, એમ નિર્ણય કરતાં અમને જરા પણ વાર ન લાગી. કેમ કરશું? શું કરશું? એ વિચારણા ચાલતી હતી, ત્યાં નડિયાદના સંતરામમંદિરમાં પોલિયો ઑપરેશન કૅમ્પ થવાનો છે, એવા સમાચાર મળ્યા. વળી આ કેમ્પનું આયોજન મારા મિત્ર ડૉ.જયંત શાહે કર્યું હતું. ડૉ. જયંત શાહ જાણીતા રોટેરિયન અને સમાજસેવાના કામમાં હંમેશા આગળ રહેતા. સંતરામ મંદિરની સામે જ તેમની ૧૦૦ બેડની હૉસ્પિટલ હતી. નડિયાદમાં બહેરાં બાળકો માટે શાળા બનાવવાના કામમાં તેમણે મારું માર્ગદર્શન લીધું હતું ત્યારથી તેઓ વારંવાર બોલાવતા.ડૉ. જયંત શાહે કહ્યા મુજબ, વિશાખાપટ્ટનમથી ડૉ.વ્યગ્રેશ્વર રુડુ તેમની ટીમ સાથે વરસમાં એક બે વખત નડિયાદ આવતા હતા. ડૉ.જયંત શાહની જેમ આ ડૉકટર પણ, સત્યસાંઈના ભકત હતા. ડૉ.વ્યગ્રેશ્વર રુડુ, કિંગ જયોર્જ હૉસ્પિટલના જાણીતા ઑર્થોપેડિક સર્જન પણ ખરા. દેશમાં પોલિયોપીડિતોની સમસ્યાના ઉકેલ માટે તેમણે, 'રૂરલ પોલિયો સર્જીકલ કૅમ્પ' ની થિયરી વિકસાવી હતી. ટીમનું ટ્રેન ભાડું, દવા, કેલિપર અને પોલિયોના દર્દી અને તેની સાથે આવનારને રહેવા જમવાની વ્યવસ્થા જે કરી આપે, તેને ત્યાં આ ટીમ ફ્રી ઑપરેશન કરવા આવતી.

**દેશમાં પોલિયો પીડિતોની સમસ્યાના ઉકેલ માટે તેમણે રૂરલ પોલિયો સર્જીકલ કેમ્પની થિયરી વિકસાવી હતી.**

## પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક

અમારે તો દોડવું હતું ને ઢાળ મળ્યો. ૧૯૮૫માં અમે ડૉ.વ્યગ્રેશ્વર રુડુને મળવા નડિયાદ કેમ્પમાં પહોંચ્યા. મુંબઈથી હિન્દુસ્તાન પેન્સિલ્સવાળા બાબુભાઈ સંઘવી, તાપીદાસભાઈ ગાંધી અને હરજીવનદાસભાઈ પણ આવી પહોંચ્યા. કેમ્પનું આયોજન જોઈને અમે પ્રભાવિત થયા, એથી વિશેષ પ્રભાવિત થયા ઋષિમુની જેવી પ્રતિભા ધરાવતા સાદા, સરળ ડૉ.વ્યગ્રેશ્વર રુડુને જોઈને! આ કેમ્પ જોયા પછી ભાવનગરમાં કેમ્પ કરવાનો નિર્ણય કર્યો. ડૉ.વ્યગ્રેશ્વર રુડુએ એકાદ વર્ષ પછી નડિયાદના કેમ્પ સાથે ભાવનગરમાં કેમ્પ કરી આપવા સંમતિ દર્શાવી ને તેમાંથી દેશવ્યાપી પોલિયોકૅમ્પની ઝુંબેશનો વિચાર મૂર્તિમંત થયો. આ વિચાર માત્રથી અમારી રોજિંદી ચિલાચાલુ પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક આવ્યો.

## જાણે અજાણે PNR ફોરમનું બીજ રોપાયું



આ નિર્ણાયક વળાંકનો દશકો એટલે વર્ષ ૧૯૮૧ થી ૯૦. ત્યારે નવી સંસ્થા ઊભી કરવાનું અમારું ગજું ન હતું. કારણ સંસ્થાઓ પહેલેથી જ ભયંકર આર્થિક ભીંસ ભોગવતી હતી. એમાં વળી અમે પોલિયોની ઝુંબેશ માટે ઝંપલાવ્યું. આ ઝુંબેશ માટે સાધન સરંજામ, સ્ટાફ અને જગ્યા જોઈએ. તે એક મોટી સમસ્યા હતી. સદ્ભાગ્યે તે સમયે હું અને મારા સાથી મિત્રો અમારી સંસ્થાઓમાં નિર્ણાયક ભૂમિકામાં હતા. એટલે પોલિયોકૅમ્પ માટે અંધઉદ્યોગ શાળાનું વિશાળ કેમ્પસ, કાર્યાલય માટે બહેરાંમૂંગા શાળા, પોલિયોની પ્લાન સર્જરી માટે લોઢાવાળા હૉસ્પિટલનું ઑપરેશન થિયેટર, તેના ડૉકટરો અને નર્સિંગ સ્ટાફ તેમજ દર્દીઓને લાવવા મૂકવા માટે અંકુર શાળાનું મેટાડોર અમે વિના રોક ટોક મેળવી શકયા, એટલું જ નહીં પરંતુ એકબીજી સંસ્થાઓના કાર્યકર્તાઓ અને કર્મચારીઓ પણ ઉત્સાહભેર આ ઝુંબેશમાં જોડાઈને તેમાં ઓતપ્રોત થઈ ગયા. આમ,એકબીજી સંસ્થા વચ્ચે સહકારનો સેતુ રચાયો, તોમાંથી જાણે-અજાણે પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓનું ફોરમ બન્યું, અને વણથંભી વિકાસ કૂચનો આરંભ થયો. કહો કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સૂત્રની જેમ "સૌનો સાથ સૌનો વિકાસ" થયો. આ વિકાસ અકલ્પનીય છે. સમાજમાં સંસ્થાઓ એકબીજાની પૂરક બનીને આગળ વધે ત્યારે કેવું અદ્ભુત સર્જન થઈ શકે તેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે.





ડૉ. આદિનારાયણ રાવ

# આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર

## કેમ્પ ખર્ચની વ્યવસ્થા

અમારી નડિયાદની મુલાકાતમાં નકકી થયા મુજબ ડૉ.વ્યગ્રેશ્વર રુડુસાહેબના ભાવનગર કેમ્પની તારીખ નકકી થઈ આવી. રૂરલ પોલિયો સર્જીકલ કેમ્પથી દેશમાં જાણીતા થયેલા ડૉ.રુડુનો કેમ્પ, ભાવનગરમાં થવાનો છે એ સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા. અમારા ઉપર ગામેગામથી પૂછપરછ થવા લાગી. તે સાથે જ સંસ્થામાં કેમ્પનો ધમધમાટ શરૂ થઈ ગયો.

૧૯૮૬માં એક કેમ્પનો ખર્ચ લાખથી સવા લાખ રૂપિયા આવતો. તેમાં એક સો જેટલાં બાળકોના ઑપરેશન થઈ શકતાં. કેમ્પ માટે અમારા પાસે પૈસા તો હતા નહીં ! બધો આધાર દાતા ઉપર હતો. આ પહેલાવહેલા કેમ્પ માટે મુંબઈથી શામજીભાઈ પારેખે, ડૉકટરોની ટિકિટ માટે પચ્ચીસેક હજારની વ્યવસ્થા કરી આપવા કહેલું. દવાનો ખર્ચ શશીભાઈ વાધર, અને કેલિપરનો ખર્ચ આફ્રિકાવાળા શાંતિલાલ શાહ ઉપાડવા તૈયાર થયા હતા. કેમ્પમાં આઠ-દસ દિવસ રસોડું ચલાવવું પડે. આ ભોજનની વ્યવસ્થા માટે ગોળીબાર હનુમાનના મહંતશ્રીએ આશ્વાસન આપ્યું હતું.

## સો દોઢસો સર્જરી

ડૉ. રુડુના કેમ્પનું મિકેનિઝમપણ ગજબનું હતું. સારામાં સારી હૉસ્પિટલની પ્લાન સર્જરી કરતા તે જરા પણ ઊતરતું ન હતું. તેનું છાપેલું મૅન્યુઅલ નડિયાદથી અમે લઈ આવ્યા હતા. તે મુજબ કેમ્પના સ્થળે પહોંચતાની સાથે ડૉ. રુડુ, તેના આસિસ્ટન્ટ સર્જન ડૉ. આદિનારાયણ રાવ અને એનેસ્થેટિસ્ટ ડૉ. બાપી રાજુ બાળકોની તપાસ શરૂ કરશે તેમ જણાવ્યું હતું. તપાસમાં જે બાળક ઑપરેશન માટે પસંદ થાય, તેના લોહી-પેશાબ અને બી.પી. ની તપાસ બાજુના રૂમમાં લૅબોરેટરી બનાવીને કરવાની સૂચના હતી. આ તપાસમાં જે ફીટ માલુમ પડે, તેના જે પગે ઑપરેશન કરવાનું હોય તે પગની રુવાટીનું શેવિંગ કરી, કેલિપરનું માપ લઈને, પછી ગળામાં દર્દીના નંબરનું કાર્ડ પહેરાવી પલંગ ફાળવી દેવાના હતા. બીજા દિવસે વહેલી સવારમાં ઑપરેશન શરૂ કરવાના હતા. તેમાં નાના બાળકોને ઓપરેશન માટે પહેલાં લેવાના, પછી મોટાં, આમ મોડી સાંજ સુધી ઓપરેશન ચાલવાના હતા. ડૉ.રુડુ અને આસિસ્ટન્ટ ડૉ.આદિનારાયણ રાવ મોડી સાંજ સુધીમાં સોથી દોઢસો સર્જરી સહેજે કરી શકતા. તે માટે સ્થાનિક ડૉક્ટરો, સર્જનો, એનેસ્થેટિસ્ટ, નર્સિસ અને વૉલિન્ટિયરના મોટા કાફલાનો સપોર્ટ બરાબર હોવો જોઈએ.



**ડૉ. વ્યગ્રેશ્વર રુડુના કેમ્પનું મિકેનિઝમ પણ ગજબનું હતું. સારામાં સારી હોસ્પિટલની પ્લાન સર્જરી કરતા તે જરા પણ ઉતરતું ન હતુ**

વળી, આ સપોર્ટ, કેમ્પના બેત્રણ દિવસ પૂરતો નહીં, પરંતુ આઠદસ દિવસ માટે જોઈએ. બાળકનું ઑપરેશન કરીને પગે પ્લાસ્ટર થતું, પછી અર્ધ બેશુદ્ધ સ્થિતિમાં બાળક તેના પલંગ ઉપર આવે, ત્યારથી શરૂ કરીને આઠદસ દિવસ આ બાળકોને પોસ્ટ ઑપરેટિવ ટ્રીટમેન્ટ માટે શમિયાણામાં રાખવાના હતાં. એટલે શમિયાણામાં પણ ડૉકટર અને નર્સની જરૂર પડે, આમ, ઑપરેશન થિયેટરમાં અને વૉર્ડમાં સ્ટાફની જવાબદારી કેમ્પ આયોજક સંસ્થાને શિરે

રહેતી. ડૉ. રુદુની ટીમતો, ઑપરેશન પૂરાં કરીને વિશાખાપટ્ટનમ્ જવા રવાના થઈ જવાની હતી, એટલે અમને આ પોસ્ટ ઑપરેટિવ કેરની ચિંતા હતી.

## મીટિંગમાં સન્નાટો છવાઇ ગયો

ઑપરેશન પછીની આ પોસ્ટ ઓપરેટિવ ટ્રીટમેન્ટ અમારા માટે ચિંતાનો વિષય હતો. એ માટે અમે ગામના ઓર્થોપેડિક સર્જનોનો સહકાર માગ્યો હતો. શરૂઆતમાં સહકાર મળ્યો પણ ખરો, પરંતુ ઑપરેશન કૅમ્પનો દિવસ જેમ જેમ નજદીક આવતો ગયો, તેમ તેમ કેટલાક સર્જનનો ટોન બદલાવા લાગ્યો. કામની વહેંચણી કરવા અમે એક રાત્રિના આ સર્જનો સાથે મીટિંગ રાખી. તેમાં બધાં એક સંપ કરીને આવ્યા હોય તેમ જણાતું હતું. એક સર્જને કહ્યું, 'આવા ઑપરેશન તો અમે પણ કરીએ છીએ, તમે બહારથી ડૉ. રુદુને બોલાવીને અમારું ડીવેલ્યુએશન કરી રહ્યા છો.'

ખરેખર તો વરસમાં પોલિયોનાં દસપંદર ઑપરેશન પણ ભાવનગરમાં થતાં ન હતાં, પરંતુ અમારે ચૂપ રહીને સાંભળવા સિવાય છૂટકો ન હતો. ત્યાં બીજા સર્જન બોલ્યા, 'આ ડૉક્ટર રુદુ, છે કોણ ? અમે તો સાંભળ્યું છે તે કોઈક હાડવૈદ છે, છોકરાવને મારી નાંખશે, ને તમે જાશો જેલમાં' હવે હદ થતી એટલે ખુલાસો કર્યા વગર છૂટકો ન હતો એટલે મેં સ્પષ્ટતા કરી, 'આ ડૉ. વ્યગ્રેશ્વર રુદુ, વિશાખાપટ્ટનમની કિંગ જયોર્જ હૉસ્પિટલના સિનિયર ઓર્થોપેડિક સર્જન રહી ચૂકયા છે અને નિવૃત્તિ પછી પોલિયો નાબૂદીની ઝુંબેશ ચલાવી રહ્યા છે.' ત્યાં વળી પાછા એક ડૉકટર બોલ્યા, 'ઑપરેશન એ કરે, અને પોસ્ટ ઑપરેટિવ ફોલોઅપ અમારે કરવાનું? એ બિલકુલ નહીં બને. ડૉ. રુદુને પાછા મોકલી દો. અમને ઑપરેશનના પંદરપંદર હજાર રૂપિયા આપો,અમે ઑપરેશન કરી દઈશું.' આમ વાતવાતમાં ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું. છેવટે સર્જનસાહેબોએ મીટિંગ માંથી ચાલતી પકડી. જતાજતા કહેતા ગયા. 'તમે કૅમ્પ કેમ કરો છો, તે અમે જોઈશું.' મીટિંગમાં ઘડીભર સન્નાટો છવાઈ ગયો. કાંઈક રસ્તો નીકળશે, એવી આશા સાથે મોડી રાત્રે અમે છૂટા પડયા.

**આ ડૉકટર રુદુ છે કોણ અમે તો સાંભળ્યું છે તેમ કોઇક હાડવૈદ છે છોકરાવને મારી નાંખશે ને તમે જાશો જેલમાં**

## આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર

રાત્રિના બનેલા બનાવની કળ હજુ વળી ન હતી, ત્યાં સવારે આફ્રિકાવાળા શાંતિલાલ શાહનો ફોન આવ્યો, કહેઃ, 'તમારા કૅમ્પમાં કેલિપર માટે દાન આપવાનું મેં કીધેલું, પણ હવે મારો વિચાર નથી, માફ કરજો.' આ શાંતિલાલ શાહના બુઝુર્ગ પત્ની સૂરજબેન થોડા દિવસ પહેલાં પડી ગયાં હતાં. તેને ફ્રેકચર થયું હતું. તેને ઘરે સારવાર આપવા એક સર્જન ગયા, ત્યારે અમારી 'ભલામણ' કરી આવ્યા હતા. તેનો આ પડઘો હતો. આમએક પછી એક બધા ખસવા લાગ્યા. અમારા લાખ પ્રયત્ન છતાં આ વિરોધનો વંટોળ શમવાનું નામ લેતો ન હતો. અંતે, સ્થાપિત હિતો અને અહમ્‌ના ટકરાવ સામે અમે ભાંગી પડયા. ન છૂટકે અમે, પોલિયો ઑપરેશન કૅમ્પ રદ કર્યો. અમારી છાવણીમાં નિરાશાનું મોજું ફરી વળ્યું. પરંતુ અમે, એમ સહેલાઈથી હાર કબુલ કરવાવાળામાંના ન હતા. આ નિષ્ફળતા એક પડકાર બનીને સામે આવી હતી. તેનો સ્વીકાર કરીને જે જે ખામી રહી ગઈ હતી તેનું નિરાકરણ કર્યા વગર અમે ચેનથી સૂવાના ન હતા. મેદાન છોડીને ભાગવાને બદલે, અમે આફતને અવસરમાં પલટાવવાનો નિર્ધાર કર્યો.

**સ્થાપિત હિતો અને અહમ્‌ના ટકરાવ સામે અમે ભાંગી પડયા. પરંતુ અમે એમ સહેલાઇથી હાર કબુલ કરવાવાળામાંના ન હતા.**

# ગોઝારો અકસ્માત



## ગાડીનું સપનું

બહેરાંમૂંગાં શાળા, અંધશાળા અને લોઢાવાળા હૉસ્પિટલના સહયોગથી અમે પોલિયોના પ્રચાર અને નિદાન કેમ્પ માટે સૌરાષ્ટ્રના ગામેગામ ફરતા હતા. એક તરફ પાસે પૈસા ન હતા અને બીજી તરફ ટાંચા સાધનો હતા. પોલિયોના આ નિદાન અને પ્રચાર કેમ્પમાં મેડિકલ, પેરામેડિકલ સ્ટાફના મોટા કાફલા સાથે એક ગામથી બીજા ગામ અમારે ફરવું પડતું. આ ટ્રાન્સપોર્ટેશન માટે ટેક્ષીઓ ભાડે કરતા. પરંતુ ભાડાં મોંઘા પડતા. આ સંજોગોમાં પોતાનું વાહન હોય તો સારું, પરંતુ લેવાનું અમારી પહોંચની બહાર હતું.

**બહેરાંમૂંગાં શાળા અંધશાળા અને લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી અમે પોલિયોના પ્રચાર અને નિદાન કૅમ્પ માટે સૌરાષ્ટ્રના ગામે ગામ ફરતા હતા. એક તરફ પૈસા ન હતા અને બીજી તરફ ટાંચા સાધનો હતા.**

## દાતાઓના માનીતા મનુભાઇ શેઠ

તે સમયે ભાવનગરની ટીમમાં મનુભાઈ શેઠ પણ હતા. મનુભાઈ જૈન સમાજનાં અગ્રણી. દેવ, દર્શન, સાધુ-સાધ્વી ઉપરાંત માનવસેવા એ પ્રભુ સેવામાં રુચિ ધરાવે. નાત-જાતના ભેદ વગર જરૂરતમંદ સૌને ઉપયોગી થાય. આવા મનુભાઈ દાતા નહીં પણ દાતાઓના માનીતા. મનુભાઈની અસ્ખલિત વાણી શરૂ થાય અને દાતાઓ વરસવા લાગે. તેમને મુંબઈના મોટા દાનવીરો સાથે સારા સંપર્ક. મનુભાઈએ તેના કેટલાક સ્નેહીઓને પોલિયો કેમ્પ માટે વાહન અપાવવા વાત કરી. એક સ્નેહીએ વાહન આપવાનું સ્વીકાર્યું. આ સમાચાર મળતાં અમારા હરખનો પાર ન રહ્યો. સંસ્થા પાસે પોતાની એક ગાડી હોય, એ સપનું અમે વર્ષોથી જોતા હતા. હવે એ સપનું સાકાર થવા જઈ રહ્યું હતું.

## વાન જોઇને ઠરી જ ગયા

વાનની ડિલિવરી લઈ જવા મુંબઈથી સંદેશો આવ્યો. અમે એક ડ્રાઇવરને લઈને મુંબઈ પહોંચ્યાં. જઈને જોયું તો, જૂના જમાનાનું ખખડધજ સ્ટાન્ડર્ડ વાન, રંગરોગાન, રિપેરિંગ પછી, શણગારીને અમને ભેટ આપવા તૈયાર હતું. આ વાન જોઈને અમે તો ઠરી જ ગયા. થોડો વખત કોઈ કાંઈ બોલ્યું નહીં. સાથે કાંતિકાકા હતા, છેવટે એમણે મૌન તોડયું, બોલ્યા, 'લ્યો હાલો હવે, લાંબો વિચાર કરો મા, જે મળ્યું તે લઈ લ્યો. નહીં મામા કરતાં કાણો મામો શું ખોટો?'

કાકાની વાત પણ ખરી હતી. અમારી પાસે બીજો કોઈ વિકલ્પ પણ ન હતો. અમે આ વાન લઈને ભાવનગર આવ્યા. વાનની અંદર લકઝરી ગાડીની સીટો ફીટ કરાવી. કોણ જાણે કેમ પણ અમારે વટ પાડી દેવો હતો. પરંતુ આ વટ એક દિવસ ભારે પડવાનો હતો, તેની કલ્પના અમને ન હતી.

## ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો

આ બાજુ કેટલાક લોકોના વિરોધને કારણે ભાવનગરમાં કેન્સલ થયેલો પોલિયો ઑપરેશન કેમ્પ, એક વરસના અંતે ફરી વખત કરવા હવે અમે પૂરી તૈયારી કરી લીધી હતી. ઓર્થોપેડિક ડૉકટરની સમસ્યા ઉકેલવા અમારી લોઢાવાળા હૉસ્પિટલમાં, અમદાવાદના યુવાન ઓર્થો. સર્જન ડૉ. શાહને માસિક વેતનથી રોકી લીધા પછી ભાવનગર અને રાજુલા, એમ બે જગ્યાએ પોલિયો ઑપરેશન કેમ્પ રાખ્યા હતા. અમે ઑપરેશન માટે દર્દીઓની પ્રાથમિક તપાસ કરવા, લોઢાવાળા હૉસ્પિટલ અને ભાવનગર રેલવે હૉસ્પિટલના ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, અને સ્કાઉટના સ્વયંસેવકોને સાથે લઈને ભેટમાં મળેલા આ સ્ટાન્ડર્ડ વાનમાં રાજુલા પહોંચ્યા.મોડી સાંજે કેમ્પ પૂરો કરી ભાવનગર

**રાત અંધારી હતી. પવન ઠંડો હતો. ડ્રાઇવરે સ્ટિઅરિંગ ઉપરનો કાબૂ ગુમાવ્યો. વાન બેતણ ગોથા ખાઇ ગયું. કોઇ બહાર ફેકાંયા કોઇ વાન નીચે દબાયા કોઇ મારી જેમ બેશુદ્ધ થઇ ગયા.**

આવવા નીકળ્યા. આ વાનની આ પહેલી ટ્રીપ હતી. વાન ખીચોખીચ ભરેલું હતું. રેલવેના સ્કાઉટ જાનીએ, ડ્રાઇવિંગની જવાબદારી સંભાળી હતી. રાત અંધારી હતી. પવન ઠંડો હતો. આખો દિવસ કૅમ્પની કામગીરી કરીને થાકેલાં સૌ ઝોકે ચડયા હતા. એવામાં રાત્રિના અગિયારેક વાગે, ભંડારિયા પાસે વળાંકમાં ડ્રાઇવરે સ્ટિઅરિંગ ઉપરનો કાબૂ ગુમાવ્યો. દેડકા જેવું વાન બેતણ ગોથા ખાઈ ગયું. દરવાજો ખૂલી જતાં, કોઈ વાનમાંથી બહાર ફેંકાયા, કોઈ વાન નીચે દબાયા, તો કોઈ વાનમાં જ પડયા રહ્યા. તો કોઈ મારી જેમ થોડી ક્ષણો માટે બે શુદ્ધ થઈ ગયા ઘડીકમાં શું બની ગયું? તેની કોઈને ખબર ન પડી. ચીસાચીસ, રોકકળ અને દેકારો મચી ગયો. રસ્તા ઉપર લોહી અને સામાન વેરવિખેર પડયો હતો. સાથે યુવાન જનરલ સર્જન ડૉ.પીયૂષ અંધારિયા હતા. તેને ઈજા થઈ ન હતી. ડૉ.અંધારિયાએ સતર્કતા વાપરી પોતાની ટોર્ચના અજવાળે એક પછી એકને બહાર કાઢયા. સદ્ભાગ્યે પાછળ એક લકઝરી બસ આવી. ઍક્સિડન્ટ જોતાં બસમાંથી કેટલાક લોકો ઊતરી પડયા. આડા થયેલા વાનને ચત્તું કર્યું ને અમને ઉપાડીને બસમાં ચડાવ્યા. આ બસ અમદાવાદ જતી હતી પરંતુ ડ્રાઇવરે ખરો માનવ ધર્મ બજાવ્યો. પૂરઝડપે બસને સીધી ભાવનગરની સર ટી. સિવિલ હૉસ્પિટલના ઈમરજન્સીમાં પહોંચાડી દીધી.

## હર્ષનાં આંસુ

મને ખભા પાસેથી પાંસળીમાં ફ્રેકચરનો પાટો આવ્યો. મારી પત્ની ઈલાના પગના ઘૂંટણમાંથી માંસના લોચા નીકળી ગયા હતા. નાની પુત્રી અમીને ગળા ઉપર મોટો કાપો પડી ગયો હતો અને કાનની બૂટ કપાઈને જરા અમસ્તી લટકી રહી હતી. અંતુભાઈ રાવળનો હાથ ભાંગ્યો હતો. મફતભાઈને હેડ ઈન્જરી થઈ હતી. પી.ડી.ભાઈ, ચંદ્રિકા બનજારા, રાજુભાઈ હકાણી વગેરે હૉસ્પિટલ દોડી આવ્યાં. પી.ડી.ભાઈ એટલે પી.ડી. ત્રિવેદી અને ચંદ્રિકાબહેન બનજારા બંને આ હૉસ્પિટલના નર્સિંગ સ્ટાફમાં હતાં. તેના પ્રભાવને કારણે રાત્રે જ એક્સ-રે, ઑપરેશન, ડ્રેસિંગ વગેરે કામગીરી પાર પાડી. સવારે હૉસ્પિટલના મેલ-સર્જીકલ વૉર્ડમાં મારી આંખ ઉઘડી ત્યારે, ઘણાં મિત્રો, સગાંસ્નેહીઓ પલંગની આજુબાજુ ઊભા હતાં. હું ચકળવકળ નયને એકએક ઘવાયેલા સાથીઓને તેમાં શોધી રહ્યો હતો. બધામાં એક મફતભાઈ દેખાતા ન હતાં. મેં ચિંતાભર્યા વદને તેની પૃચ્છા કરી ત્યારે રાજુભાઈ હકાણીએ કહ્યું, 'બધાં ભયમુકત છે, ચિંતા ન કરો.' સાંભળતા જ આંખમાંથી હર્ષના આંસુ સરી પડયાં.



# પહેલો પોલિયો ઑપરેશન કેમ્પ સંપન્ન થયો



## અનિશ્ચિતતાનો અંત

રાજુલાનો નિદાન કેમ્પ પૂરો કરીને ભાવનગર પાછા આવતાં થયેલાં ગોઝારા અકસ્માતમાંથી અમે હજુ સાજા થયાં ન હતા. એક તરફ પાટાપિંડી અને કસરતની ટ્રીટમેન્ટ ચાલતી હતી. બીજી તરફ ઑપરેશન કેમ્પની તારીખ નજીક આવી રહી હતી અને હજુ ભાવનગરનો નિદાન કેમ્પ પણ બાકી હતો. આ વિપરીત સંજોગોમાં કેમ્પ થશે કે નહીં? તે અંગે અનિશ્ચિતતા વતાર્વા લાગી.

એક વરસ પહેલાં સ્થાનિક મેડિકલ વ્યાવસાયિકોના વિરોધને કારણે કેમ્પ કેન્સલ થયો હતો. આ વખતે બીજા કોઈ ઉપર આધાર રાખવાને બદલે બહેરાંમૂંગા શાળા, અંધ શાળા અને લોઢાવાળા હૉસ્પિટલની મેડિકલ, પેરામેડિકલ ટીમને કેમ્પ માટે તૈયાર કરી લીધી હતી. વધુમાં સાર તાખ્તાસિંહજી હૉસ્પિટલમાંથી પી.ડી. ભાઈ અને ચંદ્રિકાબેન બનજારાને ઑન ડયૂટી કેમ્પમાં સેવા આપવા મોકલવાની માગણી, સી.એમ.ઓ. સાહેબે મંજૂર કરી દીધી. સાથોસાથ વેસ્ટર્ન રેલવે ભાવનગરના સ્કાઉટને આ કેમ્પમાં ઑન ડયૂટી સેવા માટે રજા આપવાની માગણી પણ ડી.આર.એમ. સાહેબે મંજૂર કરી હતી. ભાવનગરનો કેમ્પ શશીભાઈ વાધર અને લોઢાવાળા હૉસ્પિટલે તથા રાજુલાનો કેમ્પ બાબુભાઈ સંઘવીએ સ્પોન્સર કરવા તૈયારી બતાવી હતી. હવે માત્ર અમારી તબિયતની પ્રતિકૂળતાને કારણે કેમ્પ બંધ રાખવાનું ઊચિત જણાતું ન હતું. એટલે કેમ્પ તો થશે જ, એમ જાહેર કરીને અમે આ અનિશ્ચિતતાનો અંત આણ્યો.

## લોકો હોંશેહોંશે સેવામાં જોડાયા

અંધ ઉદ્યોગ શાળાના ગ્રાઉન્ડમાં યોજાયેલા નિદાન કેમ્પમાં, ગામે ગામથી સેંકડો પોલિયો પીડિત બાળકો તેના વાલીઓ સાથે ઊમટી પડયા. ઑપરેશન માટે આખરી પસંદગી પૂરી થઈ, ત્યારે ઘણાં બાળકોના નામ વેઈટિંગ લિસ્ટમાં રાખવા પડયા. બે અઠવાડિયા પછી, વિશાખાપટ્ટનમની ટીમ નડિયાદમાં કેમ્પ કરીને ભાવનગર આવી પહોચી. અંધશાળાનાં પ્રાર્થના ખંડમાં અમે અદ્યતન ઑપરેશન થિયેટર ખડું કર્યું હતું અને મેદાનમાં મોટામોટા શમિયાણા બાંધીને, દર્દીના પલંગ ગોઠવી, હૉસ્પિટલ જેવો વોર્ડ ઊભો કર્યો હતો. તા. ૨૭, ૨૮ મે ૧૯૮૭ ના બે દિવસના કેમ્પમાં ૧૫૦ બાળકોનાં ઑપરેશન થયા. ડૉ.વ્યગ્રેશ્વર રુડુ, ડૉ.આદિનારાયણ રાવ સાથે અમારા ઑર્થોપેડિક સર્જન ડૉ.શાહ, સર્જરીમાં જોડાયા. એનેસ્થેટિક ડૉ.બાપી રાજુ સાથે, અમારા ડૉ.લાખાણી અને ડૉ.ભટ્ટે કામગીરી બજાવી. પી.ડી.ભાઈ સાથે, લોઢાવાળા હૉસ્પિટલનો નર્સિંગ સ્ટાફ ઑપરેશન થિયેટરમાં ખડે પગે ઊભો રહ્યો. સંસ્થાઓનો સ્ટાફ અને રેલવે સ્કાઉટ એક તરફથી ઑપરેશન થિયેટર સુધી બાળકોને લાવતાં અને બીજી તરફથી પ્લાસ્ટર કરાવીને બાળકને વૉર્ડમાં તેની પથારી ઉપર પહોંચાડતા. ડૉ.ઝા, ડૉ.બકુલભાઈ, ડૉ.સુધાબહેન,

**અંધ ઉદ્યોગ શાળના ગ્રાઉન્ડમાં ઑપરેશન માટે આખરી પસંદગી પૂરી થઈ. તા. ૨૭-૨૮ મે ૧૯૮૭ના બે દિવસના કૅમ્પમાં ૧૫૦ બાળકોનાં ઑપરેશન થયા.**



પિતા હરકિશનભાઈ મહેતાએ તેનો બંગલો ખોલી નાખ્યો હતો. તા. ૨૯ મે ૮૭ ના રોજ ડૉ.વ્યગ્રેશ્વર રુદુની ટીમ સાથે ભાવનગરથી આવેલા મેડિકલ-પેરામેડિકલ્સે મળીને સવારથી મોડી સાંજ સુધીમાં ૯૩ બાળકોના ઑપરેશન કર્યા. રાજુલાની સરકારી હૉસ્પિટલના ડૉ. મૂછડિયાએ પણ પ્રશંસનીય સેવા બજાવીને રાજુલાએ રંગ રાખ્યો. કેમ્પની ઝૂંબેશ અટકવાનું નામ લેતી ન હતી.

**દર્દીઓ ચાલતા થઇને પોત પોતાના ગામ ગયા. તેને જોઇને લાકડિયા તારની જેમ ચારેય બાજુ સમાચાર ફેલાઇ ગયા. ઠેકઠેકાણેથી કૅમ્પ કરવા માટે માગણી આવવા લાગી.**

ડૉ.જગદીશ ભટ્ટ વિગેરેએ રાત-દિવસ સેવા બજાવી તો સવાર-સાંજના રસોઈ ઘરની વ્યવસ્થામાં પણ અશ્વિનભાઈ પંડયા સાથે કંઈ કેટકેટલા લોકો હોંશે હોંશે દર્દીની સેવામાં જોડાયા. આવા કેમ્પમાં કાઉન્સેલિંગ બહુ અગત્યનું બની રહે છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સી.એમ. વ્યાસ અને તેના સહાયક પાઠક વગેરેએ આ પ્રશંસનીય સેવા બજાવી.

## રાજુલાએ રંગ રાખ્યો

રાજુલા રિમોટ પ્લેસ. ભાવનગરથી દૂર. સરકારી હૉસ્પિટલમાં માત્ર નામની સુવિધા અને ન કરે નારાયણ અને કાંઈ કટોકટી ઊભી થાય તો મુશ્કેલી થઈ પડે. દાતા બાબુભાઈ સંઘવીના આગ્રહથી ઑપરેશન કૅમ્પ તો રાખ્યો હતો પરંતુ અમને ડર લાગતો હતો. વ્યવસ્થાનો ભાર તાપીદાસભાઈ ગાંધીને માથે હતો. પોતાને એક પગે પોલિયો ને ચાલવાની તકલીફ હતી, છતાં ટેક્ષી કરીને એ પ્રચાર માટે રાજુલા, જાફરાબાદના ગામડાંઓ ખૂંદી વળ્યા. ઑપરેશન માટે નામ ઘણાં નોંધાયા હતા. ગાંધી ધર્મશાળામાં ઑપરેશન અને દર્દીને રહેવાની સુંદર વ્યવસ્થા અંતુભાઈ પારેખે સંભાળી હતી. ડૉક્ટરો વગેરેના ઉતારા જમવાની વ્યવસ્થા માટે બાબુભાઈના પુત્રવધૂ ભારતીબેનના



# સ્વયંભૂ જુવાળ

## ૧૦૦૦ ઑપરેશનનો સંકલ્પ

પહેલા પોલિયો ઓપરેશન કૅમ્પની સફળતાથી ઉત્સાહિત થઈને રાજુલા કૅમ્પના દાતા બાબુભાઈ સંઘવીએ તા. ૨૬ જૂન ૮૭ ના દિવસે મુંબઈમાં પોતાના ઘરે, સૌરાષ્ટ્રના ગામેગામમાં કૅમ્પનું આયોજન કરવા દાતાઓની મીટિંગ બોલાવી હતી. આ મીટિંગમાં તળાજાવાળા કાંતિલાલ નારણદાસ શાહ, અમરેલીવાળા નટવરલાલ શામળદાસ વોરા, જામનગરવાળા જગુભાઈ તન્ના, ભાવનગરના ચીનુભાઈ શાહ અને ચંદ્રકાંતભાઈ શાહ, રાજુલાવાળા હરકિશનદાસ મહેતા અને તાપીદાસ ગાંધી, તેમજ શામજીભાઈ પારેખ, કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, હું અને અંતુભાઈ રાવળ ઉપસ્થિત રહ્યા હતા. 'દર્દી દેવો ભવ' થી શરૂઆત કરીને બાબુભાઈએ, રાજુલાના પોતાના કૅમ્પના અનુભવ જણાવ્યા અને સૌ શ્રેષ્ઠીઓને પોતાના વતનમાં એકએક પોલિયો ઑપરેશન કૅમ્પ કરવા અપીલ કરી.

**દર્દી દેવો ભવ થી શરૂઆત કરીને બાબુભાઇએ રાજુલાના પોતાના કૅમ્પના અનુભવ જણાવ્યા અને સૌ શ્રેષ્ઠીઓને પોતાના વતનમાં એક એક પોલિયો ઑપરેશન કૅમ્પ કરવા અપીલ કરી.**

મુ. શ્રી શામજીભાઈ પારેખે પોલિયો કૅમ્પના બીજા રાઉન્ડમાં, એક વરસમાં ૧૦૦૦ ઑપરેશન કરાવવાનો સંકલ્પ જાહેર કર્યો. મીટિંગના અંતે સૌ પોતાના વતનમાં એકએક કૅમ્પ કરાવવા સહમત થયા.



એક વરસમાં ૧૦૦૦ ઓપરેશન કરાવવાનો સંકલ્પ જાહેર કર્યો.

પરિણામે પોલિયો કેમ્પના બીજા રાઉન્ડમાં, ૨૩ થી ૨૬ ઑકટો. '૮૭ દરમ્યાન તળાજા, રાજુલા, સાવરકુંડલા અને અમરેલીમાં ૫૮૭ ઑપરેશન કરી શકયા. આ કેમ્પના દાતા કાંતિભાઈ શાહ, નટવરભાઈ વોરા, દ્વારકાદાસભાઈ સંઘવી અને અનિલભાઈ મહેતા હતા. આમ સરકારની આર્થિક સહાય વગર અમે દાતાઓની સંવેદનાને ઉજાગર કરવામાં સફળ થયા. ગામેગામથી કેમ્પના આમંત્રણ આવવા લાગ્યા. નીતનવા લોકો તેમની શકિત મુજબ સેવામાં જોડાવા લાગ્યા ને જોતજોતામાં સૌરાષ્ટ્ર આખામાં પોલિયો ઝુંબેશ માટે સ્વયંભૂ જુવાળ ઊભો થયો.

## કૃષ્ણકાંત ચિત્તલિયા મુંબઇના ભોમીયા



ઑપરેશન કેમ્પના સર્જન ડૉક્ટરો મુંબઈ ઍરપૉર્ટ ઉપર ઊતરતા. કયારેક મોડી રાત હોય, કયારેક વહેલી સવાર. તેને ફ્રેશ થવા હોટલમાં કે ઘરે લઈ જવા, કનેકટિંગ ફલાઇટમાં ભાવનગર માટે ઍરપૉર્ટ પહોંચાડવાની દોડધામભરી જવાબદારી શામજીકાકાએ કૃષ્ણકાંત ચિત્તલિયાને સોંપી હતી. તેને અમે ભીખુભાઈ કહેતા. મુંબઈ કમિટીમાં ભીખુભાઈ પહેલેથી સક્રિય રહ્યા છે. એમની એક અનોખી પ્રતિભા છે. એ આખી મુંબઈનાં ભોમિયા. એ સાથે હોય પછી તમારે ચિંતા નહીં. એ દાતા ઉપરાંત સ્વયંસેવક પણ છે. હવે પોલિયો કેમ્પ બંધ થયા છે ત્યારે પણ મુંબઈ આવતા સંસ્થાના મહેમાનોની આગતા-સ્વાગતા માટે તેઓ ખડે પગે રહે છે. મુંબઈની કોઈ પણ હોટલ અને તેના મેનુ તેમનો કંઠસ્થ છે. ઓરિએન્ટ કલબ અને સી.સી.આઈ. માં આજે પણ તેના નામના સિક્કા પડે છે.






Map showing different States of India where Free Polio Corrective Surgery Camps were organised since Inception of Polio Eradiction Campaign upto March 2010

# વર્લ્ડ રેકોર્ડ

## હરકિશનદાસ મહેતાએ મીટીંગ બોલાવી

પોલિયો ઑપરેશન કૅમ્પનાં બીજા રાઉન્ડની સફળતાથી પ્રભાવિત થઈને, હરકિશનદાસ મહેતા( મુંબઈના ભારતી એન્ડ કું.)એ ૧૫ જૂન ૮૮ ના રોજ મુંબઈમાં તેનાં ઘરે એક મીટિંગ બોલાવી તેમાં શામજીભાઈ પારેખ, બાબુભાઈ સંઘવી, ગોપાળભાઈ ઝવેરી, કાંતિભાઈ શાહ, દ્વારકાદાસભાઈ સંઘવી, અનિલભાઈ મહેતા, રમેશભાઈ મહેતા, રામદાસભાઈ ગોકાણી, વારછાભાઈ પારેખ, પ્રતાપભાઈ મોદી, કાનુભાઈ, આર.કે. શાહ, ઈમ્પેક્ટ ઈન્ડિયાના હિના માનેરીકર, તાપીદાસ ગાંધી અને મારી સાથે કાંતિભાઈ મહેતા, અંતુભાઈ રાવળ, ચંદ્રકાંત ત્રિવેદી, પી.ડી. ત્રિવેદી અને ડૉ.હિમાંશુ પટવારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૫૦૦ ઑપરેશનનો લક્ષ્યાંક

ઑપરેશન કૅમ્પના બીજા રાઉન્ડ પછી લોકોનો ઉત્સાહ ઘણો વધ્યો હતો. જેટલા ઑપરેશન થતા હતા તેના કરતાં વધુનું વેઈટિંગ લિસ્ટ બનતું હતું. હરકિશનદાસ મહેતાએ કૅમ્પના ત્રીજા રાઉન્ડમાં ૧૫૦૦ ઑપરેશનનો લક્ષ્યાંક રાખવા સૂચન કર્યું. ઉપસ્થિત દાતાઓએ લાખ લાખ રૂપિયામાં એકએક કૅમ્પ સ્પોન્સર કરવા નામ લખાવ્યાં. તેમાં કેટલાક તો બીજી-ત્રીજી વખત દાતા થતા હતા. તેના ઉપરથી દાતાઓના ઉત્સાહનો ખ્યાલ આવતો હતો.

## વર્લ્ડ રેકોર્ડ

આ ત્રીજા રાઉન્ડનો લક્ષ્યાંક ઘણો મોટો હતો. સરકાર પાસેથી આર્થિક સહાય મેળવવામાં અમારો ગજ વાગતો ન હતો. જૈન જનકમુનિ, રાજકોટ ગુરુકુળનાં માધવપ્રિયદાસજી અને દેવપ્રસાદજી, દયાના સાગર દયારામબાપા અને ચિત્રભાનુજી વગેરે ધર્મગુરુઓનું શરણ મેળવવામાં અમે સફળ રહ્યા. તેથી તેમના અનુયાયીઓ પણ આ માનવ સેવાનાં કામમાં જોડાયા. આમ, સમાજના બધા વર્ગોનો સહયોગ મેળવીને તા.૨૨ થી ૨૯ ડિસે.-૮૮, એકધારા આઠ દિવસના આઠ પોલિયો ઑપરેશનના કૅમ્પ, સૌરાષ્ટ્રના ભાવનગર, તળાજા, મહુવા, રાજુલા, સાવરકુંડલા, વિસાવદર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પાર પાડીને, ૧૦૧૫ પોલિયોપીડિત બાળકોનાં ઑપરેશન કરીને ' વિશ્વ વિક્રમ' સ્થાપવામાં સફળ રહ્યા.

આ જબ્બર પડકારને પહોંચી વળવામાં અમે દાતાઓ, સર્જનો, ડૉક્ટરો, પરિચારિકાઓ, સ્વયંસેવકો અને સેંકડો નાના મોટા માણસો પાસેથી તન, મન અને ધનથી સહકાર મેળવીને, સંવેદનાનું ઝરણું વહેતું કરી શકયા.

## કૅમ્પનું નેતૃત્વ

પોલિયો કૅમ્પની આ ઝુંબેશને કારણે સંસ્થાનું નેટવર્ક દેશના બાર જેટલા રાજયોમાં વિસ્તર્યું. સાથે સહયોગી સંસ્થાઓનું નેટવર્ક વધ્યું. ભાવનાશીલ દાતાઓ મળ્યા. નવાનવા



કાર્યકર્તાઓ ઊભરી આવ્યા. ૨૩ વરસ ચાલેલી આ ઝુંબેશને શરૂઆતના ઘણાં વરસ સુધી નેતૃત્વ પૂરું પાડવાની જવાબદારી મારા ઉપર રહી. ત્યાર પછી સી.એમ. વ્યાસસાહેબ સરકારી નોકરીમાં રિટાયર્ડ થતાં તેમણે પી.એન.આર. સોસાયટીમાં જોડાઈને કૅમ્પ આયોજનમાં નેતૃત્વ સંભાળ્યું. ૧૯૮૭ થી ૨૦૧૦ સુધીમાં ૬૨૩ સર્જરી કૅમ્પમાં ૪૦૮૫૨ બાળકોના ઑપરેશન કરી તેને પગ પર ચાલતા કરવામાં આવ્યા. આ કૅમ્પ માટે દાતાઓએ સામે ચાલીને કરોડો રૂપિયાના દાનની સરવાણી વહેવડાવી. કૅમ્પનો હેતુ હતો પીડિતોને પગભર કરવાનો. અનેક સાફલ્ય ગાથાઓ પૈકી એક જોઈએ. તેના જ શબ્દોમાં:

## ભક્તિની સાફલ્ય ગાથા

'મારું નામ ભક્તિ વોરા. હું અઢી વરસની હતી ત્યારે સખત તાવ આવ્યો. નિદાન થયું પોલિયો થયો છે. કમ્મરથી નીચે બંને પગ ખોટા પડી ગયા. બચી તો ગઈ પણ અપાહીજ થઈ ગઈ. મારા માતા પિતાએ દોડધામ કરી. ભાવનગરની સંસ્થામાં મારું પોલિયોનું ઑપરેશન થયું. હવે હું બેસી શકતી હતી. ભાવનગર-મુંબઈમાં મારા આઠેક ઑપરેશન થયાં. પગમાં કેલીપર પહેરીને ચાલતી થઈ. હિંમત આવી. સંઘર્ષ શરૂ કર્યો. એસ.વાય.બી.કોમ. સાથે ફાઈન આર્ટ્સ - હૅન્ડિક્રાફ્ટ શીખી. ઘણી કોમ્પિટિશનમાં પ્રશસ્તિપત્ર મેળવ્યા. મારે કોઈના ઉપર બોજ બનવું ન હતું. ચિત્રકામ હસ્ત ઉદ્યોગનાં વર્ગો ચાલુ કર્યા. ધમધોકાર



ચાલવા લાગ્યા. દરમ્યાન મારા જેવો જ જીવનસાથી રાકેશ મળી ગયો. પ્રભુતામાં ડગ માંડયાં. નવસારીમાં સુખેથી રહીએ છીએ. પોલિયો ઓપરેશન થયું ન હોત તો આજે મારી શું દશા હોત એ વિચાર માત્રથી મને કંપારી છૂટે છે!'

**પોલિયો કૅમ્પની આ ઝુંબેશને કારણે ૧૯૮૭ થી ૨૦૧૦ સુધીમાં ૬૨૩ સર્જરી કૅમ્પમાં ૪૦૮૫૨ બાળકોના ઑપરેશન કરી તેને પગ પર ચાલતા કરવામાં આવ્યા.**

આમ, ૨૫ વરસ થાકયા કે હાર્યા વગર ચલાવવામાં આવેલી ઝુંબેશે ઘણી રીતે ઘણાં રેકૉર્ડબ્રેક કર્યા છે.

## સંસ્થાના વિકાસનું રહસ્ય

પોલિયો ઝુંબેશને કારણે PNR સોસાયટીની સ્થાપના થઈ. બહેરાંમૂંગા શાળા, અંધ શાળા, અંકુર વગેરે સંસ્થાને સાથે લઈને એક ફોરમ બન્યું. પરિણામે ફોરમની સંસ્થાઓનો અદ્‌ભુત વિકાસ થયો. ઈમ્પેકટ ફાઉન્ડેશન (યુ.કે.) જેવી વૈશ્વિક સંસ્થા સાથે PNR સોસાયટીની પાર્ટનરશિપ થઈ. આ પાર્ટનરશિપ ૨૮ વરસ ચાલી. સંસ્થાની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. ના ચેરમેન સર જોન વિલ્સન જેવી વિશ્વ વિભૂતિએ આ સંસ્થાની મુલાકાત લીધી. સર જોને 'એકશન ટુ ડે, ટુ પ્રિવેન્ટ ડિસેબિલિટી ટુ મોરો' નું સ્લોગન આપ્યું, એટલે સંસ્થાએ 'પ્રિવેન્શન અને કોમ્યુનિટિ બેઝડ રિહેબિલિટેશન' (સી.બી.આર.) પ્રોજેકટ તરફ હરણફાળ ભરી અને સંસ્થાનું નામ વિશ્વના નકશા ઉપર અંકિત થઈ ગયું.

**પોલિયો ઝુંબેશને કારણે PNR સોસાયટીની ફોરમની સંસ્થાઓનો અદ્‌ભુત વિકાસ થયો.**



# કૃત્રિમપગ બનાવવાનું સાહસ

## પગ કપાયેલા લાખો પીડિતો

દેશમાં રોડ કે ટ્રેન અકસ્માતને કારણે માણસોના પગ કપાઈ જતા હોય છે. ડાયાબીટિઝમાં ગેંગરિન થવાથી પગ કાપવો પડે એ સ્થિતિનું નિર્માણ થાય છે. આવા પીડિતોની સંખ્યા શહેર કરતાં ગામડાઓમાં વધુ છે અને સ્ત્રીઓ કરતાં પુરુષોમાં તેનું પ્રમાણ પાંચ ગણું વધુ છે. દેશમાં ઘૂંટણથી નીચે અને ઘૂંટણથી ઉપર પગ કપાયેલા લોકોની સંખ્યા ૩૫ લાખથી વધારે હોવાનો અંદાજ છે અને તેમાં દર વર્ષે ૩૦-૪૦ હજાર નવા ઉમેરાય છે. આમાં ગરીબો, મહેનતકશ મજદૂરોની સંખ્યા વધુ છે.

## સસ્તી અને સારી સ્વદેશી ટૅકનૉલૉજી

આવા જરૂરતમંદ, નિઃસહાય લોકોને કૃત્રિમપગથી ચાલતા કરવા માટે, જયપુર ફૂટની સસ્તી અને સારી સ્વદેશી ટૅકનૉલૉજી ડૉ. શેટ્ટીએ વિકસાવી હતી. સૌરાષ્ટ્ર વિસ્તારના લોકો માટે આ ટૅકનૉલૉજી ભાવનગર લઈ આવવાના નિર્ધાર સાથે વર્ષ ૧૯૮૫માં, હું અને મારી પત્ની ઈલા, સાથી કાર્યકર રવજીભાઈ વાઢૈયાને લઈને જયપુરની સવાઈ માધવરાવ હૉસ્પિટલમાં ડૉ.શેટ્ટીનો મળવા પહોંચ્યાં.મારા સાથી રવજીભાઈ જાતે સુથાર હતા. લાકડાના જૂનાં ખોખાં લઈને નવા બનાવવાનું કામ કરવા માટે વડવા વિસ્તારમાં એક નાનકડું વર્કશોપ હતું. રવજીભાઈની એક દીકરી બહેરાંમૂંગા શાળામાં ભણતી હતી. સેવાને સમર્પિત આ રવજીભાઈ, જયપુર ફૂટની ટૅકનૉલૉજી જોઈને કૃત્રિમપગ બનાવવાનું સમજી લેશે અને સંસ્થામાં આવું વર્કશોપ ઊભું કરી શકશે એ આશા હતી.

## કોઇનો એક, તો કોઇના બે પગ કપાયેલા

અમે હૉસ્પિટલ પહોંચ્યા ત્યારે સવારના દશ વાગ્યા હતા. હૉસ્પિટલના દરેક વિભાગમાં કિડિયારાની જેમ દર્દીઓ ઊભરાતા હતા. ડૉ.શેટ્ટી તેના આઉટડોરમાં

**જયપુર ફૂટનું કામ મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ તરફથી નિશુલ્ક ચાલતું હતું**

**ડૉ. શેટ્ટીએ ભાવનગરમાં જયપુર ફૂટનું વર્કશોપ શરૂ કરવા માટે તમામ સહયોગ આપવાની તૈયારી દર્શાવી.**

વ્યસ્ત હતા. તે ફ્રી થાય પછી મળી શકશે એમ વાત થઈ. દરમ્યાન તેનો આસિસ્ટન્ટ અમને જયપુર ફૂટનું વર્કશોપ જોવા લઈ ગયો. એક મોટા પતરાંના શેડમાં એક તરફ નાની નાની ભઠ્ઠીઓમાંથી અગ્નિની જવાળા નીકળતી હતી. તેની પાસે બેઠેલા કારીગરો પીવીસી પાઈપના ટુકડાને ગરમકરીને, ઘૂંટણ નીચેના પગ જેવો શેઈપ આપતા હતા. બીજી બાજુ સિલાઈ મશીન ઉપર મોચી ચામડાના પટ્ટા બનાવતા હતા. દીવાલ પાસે લોખંડના મોટા મોટા ઘોડામાં, જુદી જુદી સાઈઝના ઢગલાબંધ રબ્બરના પગના પંજા પડયા હતા. આમ, વર્કશોપમાં કોઈ મોટી મશીનરી ન હતી. લોકલ માર્કેટમાં મળતું સસ્તી ક્વૉલિટીનું રો મટિરિયલ જણાતું હતું. શેડની બીજી તરફ ઘણા લોકો બની રહેલા પગના ફીટિંગ માટે બેઠા હતા. કોઈનો એક પગ તો કોઈના બે પગ કપાયેલા હતા. શેડની બહાર મેદાનમાં ઘણા લોકો, કોઈ પેરેલલ બારના તો કોઈ બગલ ઘોડીના સહારે નવા નવા કૃત્રિમપગ પહેરીને ચાલવાની પ્રેકિટસ કરી રહ્યા હતા. હૉસ્પિટલમાં 'જયપુર ફૂટ' નું કામ, 'મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ' તરફથી નિઃશુલ્ક ચાલતું હતું. આ સેવાનો લાભ લેવા માટે દેશના જુદા જુદા પ્રાંતમાંથી, જુદા જુદા ધર્મ અને બોલી બોલતા ઘણા બધા લોકો આવેલા હતા.

**માનસીંગ આ વર્કશોપમાં કામ કરતો હતો. તેના કહેવા પ્રમાણે નાચ મયૂરી ફિલ્મની જાણીતી ઍક્ટ્રેસ ડાન્સર સુધા ચંદ્રનનો પગ તેણે બનાવ્યો હતો.**



## એક્ટ્રેસ સુધા ચંદ્રનનો પગ માનસીંગે બનાવેલો

કારીગરો અને દર્દીઓ સાથે વાતચીત કર્યા પછી, હૉસ્પિટલની બહાર ચાપાણી પીવા માટે એક હૉટલમાં બેઠા, ત્યાં એક યુવાન હસીને પ્રણામ કરતો આવ્યો ને સામેની ખુરશીમાં બેસી ગયો. તેની આ ચેષ્ટા અમને અજુગતી લાગી. ત્યાં તો તેણે પોતે જ તેની ઓળખાણ આપી. માનસીંગ આ વર્કશોપમાં કામકરતો હતો. તેને કૃત્રિમપગ બનાવવાનો બહોળો અનુભવ હતો. તેના કહેવા પ્રમાણે 'નાચ મયૂરી' ફિલ્મની જાણીતી ઍક્ટ્રેસ-ડાન્સર સુધા ચંદનનો પગ તેણે બનાવ્યો હતો.

અમે ગુજરાતમાં કૃત્રિમ સાધનોનું વર્કશોપ ખોલવાના ઇરાદાથી અહીં આવ્યા છીએ, એ વાત પણ તેણે જાણી લીધી હતી. અમને આ ચપળ અને ચાલાક યુવાનની વાતમાં રસ પડયો. અમે સાથે ચાપાણી પીધા. તેના સાહેબ ડૉ.શેટ્ટી મંજૂરી આપે તો, તે ભાવનગર આવવા તૈયાર હતો. ડૉ.શેટ્ટી પાસે તેની માગણી કરવાનું કહીને તે પાછો ઊભો થઈને જલદી જલદી તેના કામ ઉપર જતો રહ્યો. આમ, કૃત્રિમપગનું વર્કશોપ ખોલવા માટેની તક સામે ચાલીને આવતી જોઈને, અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

## માનસીંગ તમને સારો નીવડશે

અમે ડૉ.શેટ્ટીને તેની ચેમ્બરમાં મળ્યા. બહુ કો-ઑપરેટિવ જણાયા. તેમણે



ડૉ શેટ્ટી

અમારી વાત શાંતિથી સાંભળી. સંસ્થાની પ્રવૃત્તિઓ જાણીને આનંદ વ્યકત કર્યો અને ભાવનગરમાં 'જયપુર ફૂટ' નું વર્કશોપ શરૂ કરવા માટે તમામ સહયોગ આપવાની તૈયારી દર્શાવી. અમે તેને માનસીંગ સાથે થયેલી વાત કરી. 'માનસીંગ તમને સારો નીવડશે' એવો અભિપ્રાય તેમણે આપ્યો. અને અમારી હાજરીમાં જ માનસીંગને બોલાવી, તેને લોન સર્વિસ ઉપર ભાવનગર જવાની મંજૂરી આપી. આ કામ આમ આટલી સરળતાથી થઈ જશે, એવી તો કલ્પના પણ ન હતી.

## ઈચ્છાશક્તિ અને મક્કમ મનોબળ

ભાવનગર પહોંચીને રવજીભાઈએ, અંધશાળાના ગ્રાઉન્ડના એક ખૂણામાં સિમેન્ટ શીટના પતરામાંથી, એક નાનકડું વર્કશોપ ઊભું કરી દીધું. પછી માનસીંગને સાથે લઈને, હેમર, ડ્રીલ વગેરે સાધનો તથા કૃત્રિમપગ બનાવવા માટેનું રો-મટિરિયલ ભાવનગરની બજારમાંથી ખરીદી કરી લાવ્યા. જુદી જુદી સાઈઝના જમણાડાબા પગના પંજા જયપુરથી મગાવી લીધા. દાતાઓનો સહકાર મળતો ગયો, તેમ અમે 'જયપુર ફૂટ' ના 'ફ્રી કેમ્પ'નું આયોજન શરૂ કર્યું. 'કૃત્રિમપગ હવે ભાવનગરમાં મળે છે' એ સમાચાર સાંભળીને સૌરાષ્ટ્ર-કચ્છના ગામે ગામથી લાભાર્થીઓ આવવા લાગ્યા. અંધશાળામાં ત્યારે જગ્યા ઘણી હતી, એટલે સંસ્થામાં દર્દીની રહેવા જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી. આમ, કોઈ પણ જાતના અનુભવ વગર માત્ર ઈચ્છાશકિત અને મક્કમ મનોબળને કારણે, કૃત્રિમપગ બનાવવાનું સાહસ કર્યું હતું, આ સાહસને કારણે અત્યાધુનિક સાધનો બનાવવાના પી.આર. વાઘર વર્કશોપની સ્થાપનાનો પાયો નખાયો.

**કોઇ પણ જાતના અનુભવ વગર માત્ર ઇચ્છાશક્તિ અને મક્કમ મનોબળને કારણે કૃત્રિમપગ બનાવવાનું સાહસ કર્યુ હતુ.**



# પોલિયોપીડિતોને ઘર આંગણે કેલિપર

વર્ષ ૧૯૮૫માં કૃત્રિમપગ અને હાથ બનાવવાનું કામકરવા માટે અમે જયપુર ફૂટની ટૅકનૉલૉજી સાથે તેના જાણકાર કારીગર માનસીંગને પણ ત્યાંથી લાવ્યા. સંસ્થામાં એક બાજુ આ કૃત્રિમઅવયવો બનાવવાનું કામ વધતું જતું હતું અને બીજી તરફ પોલિયોના દર્દીઓ માટે વર્ષમાં ત્રણેક હજાર કેલિપરની જરૂર પડવા લાગી હતી. આ કેલિપર વિશાખાપટ્ટનમથી ટ્રકમાં ભરીને કેમ્પના સ્થળે મગાવતા તેમાં ક્યારેક એક ગામના બદલે, બીજા ગામ કેલિપર પહોંચી જતા. તો ક્યારેક કેમ્પના દિવસે માલ પહોંચતો જ નહીં. એટલે ઑપરેશન કરેલા બાળકોના પ્લાસ્ટર તોડીને કેલિપર પહેરાવવાનું કામ ટલ્લે ચડતું. દર્દીઓને ધરમ ધક્કા થતા. તદ્ઉપરાંત જેને પોલિયો થયો હોય પણ ઑપરેશનની જરૂર ન હોય તેવાઓને પણ કેલિપરની જરૂરિયાત રહેતી હતી. તે માટે સૌરાષ્ટ્રમાં કોઈ કેલિપર બનાવી આપવાની સુવિધા ન હતી. પોલિયો થયા પછી બાળકને કેલિપર પહેરાવવામાં ન આવે તો કુમળી વયના બાળકોને ઘણું નુકસાન થતું હતું. આ અનુભવ પછી ભાવનગરમાં જ કેલિપર બનાવવાનો અમે વિચાર કર્યો. આ કેલિપર બનાવવાનું કામ માનસીંગ કરી શકે તેમ હતો. આ ખાસ પ્રકારના બૂટ માટે માપ લેવા, બનાવવા અને તેને કેલિપરની પટ્ટીમાં ફીટ કરવામાં વિશેષ સ્કીલની જરૂર પડતી. પરંતુ એવા માણસો મળવા મુશ્કેલ હતા. જાદવભાઈ અને કાંતિભાઈ જેવા મોચીકામના કુશળ કારીગરો મળી ગયા અને કેલીપરના ઈજીસ બનાવવામાં મારા મહેશભાઈ અને તેના જોડીદાર ઉપાધ્યાય મદદે આવ્યા. એટલે ૧૯૮૯-૯૦ માં કેલિપર બનાવવાની સ્વદેશી ટૅકનૉલૉજી વિકસાવી. પરિણામે પોલિયો પીડિતો માટે ઘર આંગણે કેલિપરની ઉપલબ્ધિ શકય બની. પરિણામે ૧,૩૦,૦૦૦ થી વધુ કેલિપરનું વિતરણ થઈ શક્યું.



# વિજય નાયક અને પ્રભાકૂટ



કૃત્રિમહાથ, પગ જેવા અંગો અને કેલિપર, બગલ ઘોડી, જેવા જાત-જાતના સાધનો બનાવવાની ટેકનૉલૉજીનો અભ્યાસ કર્યો હોય તેને ઓર્થોટિક ઍન્ડ પ્રોસ્થેટિક એન્જિનિયર કહેવાય છે. સંસ્થાના વર્કશોપને હવે નવી ઊંચાઈ સર કરીને આકાશને આંબવા માટે, ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટયૂટ ઓફ ફિઝિકલ મેડિસિન એન્ડ રિહેબિલિટેશન, મુંબઈના કવોલિફાઇડ એન્જીનિયરની જરૂર હતી. અમે આ ઈન્સ્ટિટયૂટ પાસે માગણી મૂકી રાખી હતી. પરંતુ કોઈ મળતું ન હતું. અને તેમાં પણ મોટાં શહેરો અને વિદેશમાં સારી તક હોય ત્યારે ભાવનગર જેવા ખૂણાના ગામમાં આવવા કોઈ તૈયાર ન થાય, તે સ્વાભાવિક હતું.

## પગાર માટે નહીં કામ માટે આવ્યો છું નાયક

પરંતુ હંમેશાં બનતું આવ્યું હતું તેમ, એક દિવસ એક યુવાન, અચાનક મારી સામે આવીને ઊભો રહી ગયો. દિવસ હતો ૧૬ જાન્યુ. ૧૯૯૨. નામ, તો કહે 'વિજય નાયક.' મુંબઈના ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટયૂટના ડાયરેકટર રામદાસે તેને મારી પાસે મોકલ્યો હતો. મુંબઈમાં ઓર્થોટિક પ્રોસ્થેટિક એન્જિનિયરિંગનો ડિપ્લોમા કર્યા પછી જયપુર, પૂના, વિદેશના યમનમાં તેણે કામ કર્યું હતું. પછી કેસલર યુનિવર્સિટી, ન્યુજર્સી. યુ.એસ.એ. ની ફેલોશિપ મળી એટલે અમેરિકામાં વિશેષ તાલીમ લીધી. અને કેસલરમાં જોબ પણ કરી. હવે અમેરિકા છોડીને પાછા આવવાનું કારણ ? તો કહે, 'માભોમની સેવા અને બાળકોને ભારતીય સંસ્કાર મળે તે માટે પાછો આવ્યો છું.' ગમે તેવી મથામણ કરીને અમેરિકા જવાવાળા મેં ઘણાં જોયા હતા પરંતુ પાછા આવનાર આ પહેલા યુવાનને હું જોતો હતો. તેની વાતમાં કાંઈક દમ હતો. પણ આટલો કવોલિફાઇડ એન્જિનિયર ટકશે કે કેમ? એ માટે મને શંકા હતી. તે દૂર કરવા મેં તેને પૂછી જ નાખ્યું. તો કહે, 'તમે ના નહીં કહો ત્યાં સુધી અહીંથી જઈશ નહીં.' આમ, મારી શંકા ખોટી ઠરી. હવે છેલ્લો પ્રશ્ન હતો પગારનો. પગાર તો એ મોટો જ માગશે, અને તે સંસ્થાને પરવડશે નહીં, એમ મારું મન કહેતું હતું. મેં તેને પગારની અપેક્ષા પૂછી. તો કહે, 'તમે જે આપો તે.' મેં કહ્યું, 'તમે કાંઈક તો કહો.' તો કહે, 'હું કાંઈ નહીં બોલું. પગાર માટે નહીં, કામ માટે આવ્યો છું.' સાંભળીને હું વિચાર કરતો રહી ગયો.

## આ યુવાન એસેટ્સ બની રહેશે

આટલું ડેડિકેશન મેં જોયું ન હતું. આ યુવાન સંસ્થાની એસેટ્સ બની રહેશે. એની મને ખાતરી થઈ, એટલે બહુ વિચાર કરીને મેં તેને પેટ છૂટી વાત કરી. 'જો ભાઈ તારી લાયકાત અને અનુભવના પ્રમાણમાં પગાર આપી શકીએ, એવી અમારી સંસ્થાની કૅપેસિટી નથી. અમે માસિક ટોકન પગાર રૂપિયા ૩૫૦૦ અને હાઉસ રેન્ટ રૂપિયા ૫૦૦ આપી શકીશું.' પછી આગળ ઉપર જોયું જશે. મારા આશ્ચર્ય વચ્ચે તેણે મારી આ ઑફર સ્વીકારી લીધી. મેં પૂછયું, 'ડયૂટી ઉપર કયારથી હાજર થશો.' તો કહે, 'આજ, અત્યારથી.' મેં કહ્યું, 'સામાન લેવા ઘરે નથી જવું?' જવાબમાં ખભે લટકાવેલા બગલ થેલા તરફ અંગુલિનિર્દેશ કરીને, મારી સામે એક સ્મિત કર્યું. હું વિચાર કરતો રહી ગયો 'આપણાં ગુજરાતીઓ નોકરીમાં કયાં માર ખાય જાય છે એ મને ત્યારે સમજાયું. આટલું કમિટમૅન્ટ હોય, તેને કોણ પહોંચી શકે ?'

## પ્રભાકૂટનું સંશોધન

વિજય નાયકના આગમન પછી, પી.આર. વાધર વર્કશોપે અકલ્પનીય વિકાસ સાધ્યો. કેલિપર, ક્રચિઝ વગેરેની કવોલિટીમાં સુધારા-વધારા કરાયા. જયપુર ફૂટની





**વિજય નાયકના આગમન પછી પી.આર. વાઘર વર્કશોપે અકલ્પનીય વિકાસ સાધ્યો.**

જગ્યાએ નાયકે, ઓછા વજનનો, ઘૂંટણમાંથી વળી શકે અને ઓટોમેટિક લોકિંગ સિસ્ટમનો સંસ્થાનો પોતાનો 'પ્રભાફૂટ' બનાવ્યો. તેની પૅટન રજિસ્ટર્ડ કરાવી. વર્કશોપના પ્રમુખ દાતા શશીભાઈની માતાના નામ ઉપરથી આ ફૂટનું નામકરણ કરાયું. 'પ્રભાફૂટ' તેની વિશેષતાને કારણે તે દેશભરમાં જાણીતો થયો. તેનાં અદ્‌ભુત ફાયદાને કારણે હજારો લોકો ચાલતા થઈ શકયા. વર્ષ ૨૦૧૮ સુધીમાં ૧૦,૦૦૦ થી વધુ લોકોને આ કૃત્રિમહાથ અને પગનું ફીટિંગ કરી આપવામાં આવ્યું છે.

**દાતા શશીભાઇની માતાના નામ ઉપરથી આ ફૂટનું નામકરણ કારાયું પ્રભાફૂટ તેની વિશેષતાને કારણે તે દેશભરમાં જાણીતો થયો.**

## જયબાળાનું પુનઃસ્થાપન

આવા હજારો લાભાર્થીઓમાં એક હૃદયદ્રાવક કિસ્સો મુંબઈનાં પ્રાર્થના સમાજ પાસે રહેતી યુવાનીને ઉંબરે ઉભેલી જયબાળા આશરનો છે. એક અંધારી રાત હતી. કલ્યાણથી બોમ્બે સેન્ટ્રલની ટ્રેઇન પૂરપાટ ઝડપે પાટા ઉપર દોડી રહી હતી. અચાનક મહિલાઓના ડબ્બામાં ગુંડા મવાલીઓની ટોળીએ જયબાળાની છેડછાડ શરૂ કરી. નીડર અને બહાદુર બાળાએ પ્રતિકાર કર્યો, તો ગુંડાઓએ ચાલુ ટ્રેને તેને બહાર ફેંકી દીધી. જયબાળાનાં બંને પગ કપાઈ ગયા. મદદ માટે ચીસો પાડતી, કણસતી લોહીનાં ખાબોચિયામાં કલાકો સુધી બે ટ્રેનના પાટા વચાળે તે રાત્રીનાં અંધકારમાં પડી રહી.

મૃત્યુનાં મુખમાંથી બચી ગયેલી જયબાળાનો કિસ્સો ટાઈમ્સ ઑફ ઇન્ડિયા તથા ચિત્રલેખા વગેરે છાપાઓમાં છપાયો. હાહાકાર મચી ગયો. અમે તેને ભાવનગર બોલાવી. પ્રભાફૂટ પહેરાવ્યા અને ફરી પગ પર ચાલતી કરી. હલન ચલનની ક્ષમતા મળી એટલે રેલવેએ રહેમરાહે તેને ચર્ચગેટ કાર્યાલયમાં કલાર્કની નોકરી આપી. છ



મહિના પછી હું, વિજય નાયક અને અંતુભાઈ રાવળ વગેરે તેના ઘરે મળ્યા ત્યારે જીવન જીવવા માટે સંઘર્ષ કરી રહેલી આ અપહૃતબાળા ખુશખુશાલ હતી. અને જુસ્સો એનો એ જ હતો.

આ ફૂટ માટે નાયકને વડોદરાના ફેડરેશન ઑફ ગુજરાત ઇન્ડસ્ટ્રિઝ તરફથી એવૉર્ડ આપવામાં આવ્યો.

## પોલિસેન્ટ્રિક ની-બ્રેસ

પગના ઘૂંટણના દુઃખાવાના પ્રશ્નો સામાન્ય રીતે દુનિયાના દરેક ભાગમાં જોવા મળે છે, અને ખાસ કરીને ઉંમર લાયક માણસોને આ દુઃખાવો અસહ્ય હોય છે. સામાન્ય રીતે ઘૂંટણનું ઑપરેશન કરાવવું તે એક ઉપાય છે. પરંતુ તે સામાન્ય માણસને પોસાય તેવું નથી. વળી, ઉંમર અને બીજી ઘણી બાબતો વિચાર માંગી લે છે, ઘૂંટણના દુઃખાવાના દર્દીઓ માટે સંસ્થાએ ની બ્રેસ વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરેલ છે. આ બ્રેસ પહેરવામાં સરળ છે. બ્રેસમાં દર્દી સામાન્ય રીતે ચાલી શકે છે. પલાંઠીવાળી બેસી શકે છે. આ બ્રેસમાં ઘૂંટણ ઉપર આવતું શરીરનું વજન બ્રેસ ઉપર ટ્રાન્સફર કરવામાં આવે છે, તેથી દુઃખાવાની તકલીફ અટકે છે. આ બ્રેસ કિંમતમાં સસ્તી અને ઝડપથી તૈયાર કરી શકાય છે.

નાયકની આગેવાની નીચે દેશના બાર જેટલા રાજયોમાં કૃત્રિમસાધનો અને ની બ્રેસના કેમ્પ, છેલ્લા પચ્ચીસ વરસથી સંસ્થા નિરંતર ચલાવી રહી છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં ૧,૬૨,૦૦૦ થી વધુ વયસ્ક નાગરિકોને ની બ્રેસ પહેરાવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૩માં કેન્સરના દર્દીઓને પુનઃસ્થાપિત કરવાના હેતુથી નાયકને, મેક્ષિલા ફેસિયલ પ્રોસ્થેટિકની ટ્રેનિંગ માટે, ઈમ્પેકટ ફાઉન્ડેશન, યુ. કે. ની સ્પોન્સરશિપથી, સ્કોટલૅન્ડ મોકલવામાં આવ્યા હતા. અને ૧૯૮૮-૮૯ ના વર્ષમાં લૅન્ડ માઈનમાં ઘવાયેલાઓ માટે સાધનોની તાલીમ લેવા ઈથિયોપિયા અને ટાન્ઝાનિયા, લિયોનાર્ડ માર્ક (યુ.એસ.એ.)ની સ્પોન્સરશિપથી મોકલવામાં આવ્યા હતા.

‘આ યુવાન સંસ્થા માટે એસેટ્સ બની રહેશે,’ એ મારું વિધાન ખરું પડયું. નાયકના આગમનથી વર્કશોપ અદ્યતન બન્યું. દેશ-વિદેશમાં સંસ્થાની નામના વધી. સાથે કે. એલ. ઇન્સ્ટિટયૂટ અને પી.એન.આર. બંને સંસ્થાએ આર્થિક સધ્ધરતા હાંસલ કરી.



# મફતકાકા: હાથે લોઢું હૈયે મીણ



## માનવ ધર્મના હિમાયતી

૧૯૭૨ની આ વાત છે. મુંબઈથી ચંદ્રકાંતભાઈ શાહ (ઘોઘાવાળા)નો ફોન ચંદુકાકા ઉપર આવ્યો. હીરાના મોટા વેપારી મફતકાકાએ આવતી કાલની ઍપોઇન્ટમેન્ટ આપી છે. બહેરાંમૂંગા શાળાના મકાનના નકશા અને ડોનેશનની અપીલ લઈને બાબાભાઈને મોકલો.

પાલનપુરવાળા સમીર ડાયમન્ડના માલિક મફતલાલ મહેતાનું મુંબઈના દાનવીરોમાં બહુ મોટું નામ હતું. સંસ્થાની મુંબઈ કમિટીને મફતકાકા પાસેથી મોટા દાનની આશા હતી. બહુ મહેનત પછી ચંદ્રકાંતભાઈ આ ઍપોઇન્ટમૅન્ટ મેળવવામાં સફળ થયા હતા. સમાચાર સાંભળી ચંદુકાકા હરખભેર મારી પાસે દોડી આવ્યા. ટ્રેનમાં મુંબઈ પહોંચાય તેટલો સમય ન હતો અને મફતકાકા સમયના પાકા હિમાયતી હતા. ત્યારે ભાવનગરથી મુંબઈ પ્લેનમાં મેં પહેલ વહેલી મુસાફરી કરી. ઍરપૉર્ટની બસમાં વી.ટી. સુધી ને ત્યાંથી ટેક્સીમાં નેપિઅન્સી રોડ ઉપર ચંદ્રકાંતભાઈના ઘરે પહોંચ્યો. બપોરનો એક વાગી ગયો હતો. બે વાગ્યાની ઍપૉઇન્ટમેન્ટ હતી. ચંદ્રકાંતભાઈ કાગડોળે રાહ જોઈ રહ્યા હતા.

**પાલનપુરવાળા સમીર ડાયમન્ડના માલિક મફતલાલ મહેતાનું મુંબઈના દાનવીરોમાં બહુ મોટું નામ હતું.**

## દિવસ રાત માનવસેવા

ચાપાણી નાસ્તાની ઔપચારિકતા પતાવતા-પતાવતા ચંદ્રકાંતભાઈએ મને કાકાના ઈન્ટરવ્યૂ માટે તૈયાર કર્યો. 'પ્રોજેક્ટની ડિટેઈલ પૂછશે. બધી બાબતોના બહુ જાણકાર છે. સ્વભાવના કડક છે. ટુ ધ પોઈન્ટ વાત કરવી.' હજુ આટલું પૂરું ન હોય તેમ એ ગાડી ચલાવતા-ચલાવતા બોલતા જતા હતા. અને હું સાંભળતો જતો હતો. ઓમરપાર્કના નાકા ઉપર મફતકાકાની ઑફિસનું ભવ્ય બિલ્ડિંગ આવી ગયું. દાદર ચડી અમે ઉપર જઈને મુલાકાતીઓની હરોળમાં ગોઠવાઈ ગયા.

## અમારું શું થશે?

એક મોટા હૉલમાં અધિકારીઓ, ટાઈપિસ્ટ, ચપરાશીનો ધમધમાટ ઘણો હતો. વધુમાં ટેલિફોનની ઘંટડીઓ વાગ્યે જતી હતી. ખરેખર તો, ડાયમંડનો ધંધો કાકાના દીકરાઓ સંભાળતા હતા. ઍન્ટવર્પમાં તેમનો મોટો કારોબાર હતો. આ ઑફિસમાં તો કાકા દિવસ રાત માનવ સેવાનું કામકાજ કરે છે, એવી વાતો અમારી આજુબાજુ બેઠેલા મુલાકાતીઓ કરતા હતા. તેઓ સ્ટિમર ભરીને ગરીબોને વહેંચવા, ગરમ ધાબળા, દૂધનો પાઉડર અને હોસ્પિટલ માટેના સેકેન્ડ-હૅન્ડ સાધનો , અમેરિકાથી ઈમ્પોર્ટ કરી દેશભરની સંસ્થાઓને દાન કરતા હતા. ખરેખર કામ બહુ મોટું હતું. મેં મફતકાકાની દિલાવરીની વાતો ઘણી સાંભળેલી પરંતુ પ્રત્યક્ષ જોવાનું પહેલી વખત બન્યું. અમારી સાથે બેઠેલાઓમાં કોઈક તેના ગામની નિશાળ કે ઓરડા માટે સહાય માગવા આવ્યા હતા તો કોઈને ગામમાં મંદિર બાંધવું હતું, તો કોઈ ગાયો માટે ઘાસચારાની મદદ માગવા આવ્યા હતા. ચપરાશી એક પછી એકને વારાફરતી અંદર બોલાવી જતો, તેમ અંદર ગયેલા બહાર નીકળતા હતા. બહાર નીકળતા લોકોમાં કોઈ ખુશ દેખાતા હતા તો કોઈક નિરાશ જણાતા હતા. તેને જોઈને અમારું શું થશે તેની ગડમથલ મનમાં ચાલતી હતી, ત્યાં જ ચપરાશીએ અમને અંદર આવવા ઈશારો કર્યો.

# ચાલતી પકડી

અમે બંને અંદર જઈને મફતકાકાને નમસ્કાર કરીને તેની સામેની ખુરશીમાં ગોઠવાયા. ચંદ્રકાંતભાઈએ મારો પરિચય કરાવ્યો. મેં શ્રવણમંદ બાળકોની સમસ્યા અને સ્કૂલની જરૂરિયાતની વાત કરી તેમની સંવેદના જગાડવાનો પ્રયત્ન કર્યો પણ કાકાના કડક ચહેરા ઉપરના ભાવમાં કાંઈ ફરક જણાયો નહીં. એટલે તરત મેં ટેબલ ઉપર નકશા મૂકયા, યુ.કે. ની રોયલ સ્કૂલ પાસેથી ડેટા મેળવીને અમેરિકાની વિશ્વ વિખ્યાત યેલ યુનિવર્સિટીના આર્કિટેકટ પાસે મકાનની ડિઝાઈન કરાવી છે વગેરે વાત કરી તેમને ઈમ્પ્રેસ કરવાનો પ્રયત્ન કરતા કરતા નકશા બતાવવાની ચેષ્ટા કરી. પરંતુ નકશા જોવામાં તેમણે ખાસ કાંઈ રસ દાખવ્યો નહીં. હું આગળ ચલાવું ત્યાં મારી વાત અધવચ્ચેથી કાપીને તેમણે શાળાને નામ આપવાનું બાકી છે કે કેમ, કેટલા સ્કવેર ફૂટનું બાંધકામ છે, એક સ્કવેર ફૂટની કોસ્ટ શું પડશે કામ કયારે પૂરું થશે એવા ત્રણચાર પ્રશ્ન ઉપરાઉપરી પૂછયા અને હજુ હું પૂરા જવાબ આપુઆપુ ત્યાં તો કહે, ‘ તમારા આ પ્રોજેકટમાં મને રસ નથી બીજુ કાંઈ છે ?’ સાંભળીને ઘડીભર તો અમે દિગ્મૂઢ થઈ ગયા. અમારી પાસે શાળાના મકાન માટે ડોનેશનની અપીલ સિવાય બીજું તો કાંઈ હતું નહીં. અમે એક બીજા સામું જોયું અને ઊભા થઈને ચાલતી પકડી.

# કાકા ભાવવિભોર થઇ ગયા

મફતકાકાને હું મારી વાત સમજાવી ન શકયો તેનો અફસોસ મને ઘણાં વરસ રહ્યો. કયારેક કોઈ કાર્યક્રમમાં મારે કાકાને મળવાનું થતું. હવે તે મને પહેલાં કરતાં વધુ ઓળખવા લાગ્યા હતા. તેઓ અમારી સંસ્થાની પ્રવૃત્તિના સમાચાર મને પૂછતા. પ્રશંસા પણ કરતા. પરંતુ ફરી મેં કયારેય તેમની પાસેથી સહાય માગવાની હિંમત ન કરી. પંદરેક વરસ, આમજ વીતી ગયા. ૧૯૮૭માં પહેલો પોલિયો ઑપરેશન કૅમ્પ અમારે મેડિકલ પ્રૉફેશનલ્સના વિરોધને કારણે બંધ રાખવો પડયો, રાજુલાના નિદાન કેમ્પમાંથી પાછા ફરતાં અમારી ટીમને જીવલેણ અકસ્માત નડયો વગેરે વાતો તેમણે શામજીકાકા પાસેથી હેન્ગિંગ ગાર્ડનમાં સાંભળી ને તેઓ એક સવારે ભાવનગર દોડી આવ્યા.



મારા અકસ્માત પછી મફતકાકા સાથે

**મફતકાકા પોલિયો પીડિત બાળકોના ઑપરેશન કરીને તેને ચાલતાં કરવાની સંસ્થાની પ્રવૃત્તિથી તેઓ ઘણાપ્રભાવિત થયા.**

ત્યારે અંધ ઉદ્યોગ શાળામાં પોલિયોના દર્દીઓ વચ્ચે સિવિલ સર્જન ડૉ. દહિયા સાથે હું રાઉન્ડ મારી રહ્યો હતો. અકસ્માતમાં મને સર્વાઈકલ કોલરનું ફ્રેકચર



થયું હતું. જમણો હાથ ગલપટ્ટામાં ભરાવેલો હતો. બરાબર તે વખતે દર્દીઓની ચિક્કાર ગિરદીને વીંધતા કાકા મારી સામે આવી ઊભા રહી ગયા. દૃશ્ય જોઈને ભાવવિભોર થઈ ગયેલા કાકાએ મારો વાંસો થબથબાવ્યો. પોલિયોપીડિત બાળકોના ઑપરેશન કરીને તેને ચાલતાં કરવાની સંસ્થાની પ્રવૃત્તિથી તેઓ ઘણા પ્રભાવિત થયા. કૅમ્પ જોઈને જતા-જતા મુંબઈ આવો ત્યારે મને મળવાનું કહેતા ગયા.

## દંભ સામે રોષ અને વેદના

મારે સંસ્થાના કામ માટે વારંવાર મુંબઈ જવાનું થતું. મુંબઈ કમિટીના સભ્યો અને મફતકાકા જેવા સંસ્થાના શુભચિંતકોને હૅન્ગિંગ ગાર્ડનમાં શામજીકાકા મારા આગમનના સમાચાર આપી દેતા. સાથો સાથ સંસ્થાની કેવી કેવી જરૂરિયાતોના પ્રોજેક્ટ લઈ આવનાર છું તેની ચર્ચા પણ કરી રાખતા. મુંબઈની બીઝી લાઇફમાં શામજીકાકાની ગાર્ડન કૉમ્યુનિકેશનની આ શ્રેષ્ઠ સિસ્ટિમ હતી. મફતકાકાની ભાવનગર વિઝિટ પછી હું મુંબઈ જાઉં ત્યારે ફોન કરીને મારે કાકાનો સમય લેવાનો, તેમની ઓફિસે જવાનું, અર્ધો કલાક, કલાક સંસ્થાની વાતો કરવાની અને પછી તેમની સાથે તેમના વાલકેશ્વરના એ.જી. બેલ માર્ગ પરના 'કમલા' બંગલામાં જમવાનું, આ શિરસ્તો થઈ ગયો હતો. ત્યારે મેં જોયુ કે બહારથી લોઢા જેવા કડક દેખાતા કાકા અંદરથી મીણ જેવા નરમ હતા. એ

**બહારથી લોઢાજેવા કડક દેખાતા કાકા અંદરથી મીણ જેવા નરમ હતા. એ સમાજની સમસ્યાઓ અને તેના નિરાકરણનું ઉંડુ જ્ઞાન ધરાવતાં હતાં.**

સમાજની સમસ્યાઓ અને તેના નિરાકરણનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. કોઈ ધર્મ કે મંદિર કરતાં માનવ મંદિરમાં તેમને અડગ શ્રદ્ધા હતી. મધર ટેરેસાથી તેઓ પ્રભાવિત હતા અને તેને મળીને પ્રેરણા લેતા. અંધશ્રદ્ધા, સ્ત્રીઓનું શોષણ, ધર્મના નામે ધતિંગના તેઓ કડક આલોચક હતા. ધર્મનો ઠેકો લઈ બેઠેલાઓને 'તમે જ લોકોને બગાડો છો' તેમ એ મોઢામોઢ કહી દેતા. 'આવું પુણ્ય કરીને મારે સ્વર્ગે જવું નથી. ફરી જન્મ મળે તો અહીંયા જ જન્મ લેવો છે' તેમ આશીર્વાદ આપનારા સંત મહાત્માને સંભળાવી દેતાં પણ એ અચકાતા નહીં. તેમની આ કડવી વાણીમાં દંભી સમાજ સામે રોષ અને મનની અંદરની વેદનાના દર્શન થતાં હતાં. કાકા ખરા અર્થમાં માતૃભક્ત હતા. ભૂલેચૂકે પણ કોઈ વૃદ્ધાશ્રમ માટે દાનની માગણી લઈ આવે તો તેની ધૂળ કાઢી નાખતા. માતાની સ્મૃતિ જળવાઈ રહે તે માટે તેમણે દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ બનાવ્યું

**અંધશ્રધ્ધા સ્ત્રીઓનું શોષણ ધર્મના નામે ધંતિંગના તેઓ કડક આલોચક હતા.**



**દિવાળીબહેન મોહનલાલ મહેતા**

હતું અને એ નામથી જ તેઓ સખાવત કરતા રહેતા હતા.

## કાકા વરસ્યા તે કેવા

કાકા કામની ક્વોલિટીના આગ્રહી હતા. વૈજ્ઞાનિક અભિગમને કારણે તેને મારું કામ ગમતું. જૂના અનુભવ પછી મેં ક્યારેય કાકા પાસે પૈસા માગ્યા ન હતા. એ સામે ચાલીને જ વરસ્યા અને કેવા વરસ્યા! તેમણે બહેરાંમૂંગા શાળાના કન્યા છાત્રાલયમાં એક રૂમ બાંધવા, અંધશાળાના મકાનમાં એક માળ બાંધવા, પી.એન.આર. હૉસ્પિટલમાં, સી.પી. બાળકોના અર્લિ ઈન્ટરવેન્શન સેન્ટર માટે ઉદાર હાથે, લાખો રૂપિયાની સહાય કરી. ઉપરાંત કચ્છના ધરતીકંપમાં વિધવાઓને મકાન બાંધી આપવા જાપાનથી રૂપિયા દસ લાખ જેવી માતબર રકમ મગાવીને આપી હતી.

આજે કાકા પછી તેમના પુત્ર અશ્વિનભાઈ સંસ્થામાં સક્રિય રસ લઈ રહ્યા છે. પી.એન.આર. ની AGM દર વર્ષે મુંબઈમાં કાકાના બંગલામાં ગોઠવી આપવાનું સૌજન્ય તેઓ પ્રેમથી અદા કરે છે.

## કાકાનું મહત્ત્વનું પ્રદાન

પી.એન.આર. સોસાયટી અને ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ. કે. વચ્ચે પાર્ટનરશિપ પ્રોગ્રામ શરૂ કરાવવાનું કામ એ મારી દૃષ્ટિએ કાકાનું સૌથી મહત્ત્વનું પ્રદાન છે. આ પાર્ટનરશિપને કારણે વૈશ્વિક સ્તરે પી.એન.આર.ની ઓળખ બની. ઈમ્પેકટના ફાયનેન્સિયલ સપોર્ટને કારણે સંસ્થાએ મહત્ત્વની સિદ્ધિઓ મેળવી. કાકાનો આ નિર્ણય દીર્ઘ દૃષ્ટિવાળો નીવડયો.

**પી.એન.આર. અને ઈમ્પેકટ ફાઉન્ડેશન વચ્ચે પાર્ટનરશિપ પ્રોગ્રામ શરૂ કરાવવાનું કામ એ મારી દષ્ટીએ કાકાનું સૌથી મહત્વનું પ્રદાન છે.**



**સી.પી. બાળકો માટે અર્લિઈન્ટરવેશન સેન્ટર**



**અંધઉદ્યોગ શાળા**

PNR
HOPE 4
HANDICAPPED

# પી.એન.આર. સોસાયટીની સ્થાપના

## આશા કિરણ

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૮૧ નું વર્ષ ‘ઇન્ટરનૅશનલ યર ફોર ડિસેબલ્ડ’ જાહેર કર્યું ત્યારથી સંસ્થાની પ્રવૃત્તિમાં નિર્ણાયક વળાંક આવવાનો શરૂ થયો. માતૃસંસ્થા નવજવાનસંઘની સ્થાપના પછી, સમાજની જરૂરિયાત જણાતાં અમે બહેરાંમૂંગા શાળા અને તેના પછી મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા સ્થાપી. અંધશાળાના વધુ વિકાસ માટે તેનો વહીવટ સંભાળ્યો. આ દરેક સંસ્થા તેના બંધારણ મુજબ, તેના નામપ્રમાણે જે તે એક વિકલાંગતા માટે કામ કરવા સ્થાપાયેલી હતી. ત્રણ દાયકા સુધી કામ કર્યા છતાં, બંધારણની આ મર્યાદા ધ્યાન ઉપર આવી ન હતી તે ‘ઇન્ટરનૅશનલ યર ફોર ડિસેબલ્ડ’ ની ઊજવણી વખતે ધ્યાન ઉપર આવી. જેમકે બંધારણમાં જોગવાઈ ન હોય હલનચલનની ખામીવાળાં પોલિયોગ્રસ્ત વિકલાંગો માટે સંસ્થામાં કામ થઈ શકે નહીં. જ્યારે ઇન્ટરનૅશનલ યર ઊજવવા પાછળનો હેતુ બધી જ વિકલાંગતા માટે કામ કરવાનો હતો. અને તે સમયની માગ પણ હતી. એટલે બધી જ વિકલાંગતા માટે કામ કરવાના હેતુથી,૧૯૮૭મા ‘સોસાયટી ફોર રિલીફ ઍન્ડ રિહેબિલિટેશન ફોર ધી ડિસેબલ્ડ’ ની સ્થાપના કરી. જે નિર્ણય વિકલાંગોના પુનઃસ્થાપન માટે આશાકિરણ સાબિત થયો. ૧૯૮૯માં પોલિયો પીડિત બાળકોની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને ટ્રસ્ટી કાંતિભાઈ નારણદાસ શાહે રૂપિયા એક કરોડનું દાન આપવાની ઈચ્છા વ્યકત કરી. ઑફર સાથે માતુશ્રી શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા)નું નામ સંસ્થાના નામ સાથે જોડવા માટે રૂપિયા અગિયાર લાખનો ચેક અર્પણ કર્યો.

> **૧૯૮૯માં પોલિયો પીડિત બાળકોની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઇને ટ્રસ્ટી કાંતિભાઇ નારણદાસ શાહે રૂપિયા એક કરોડનું દાન આપવાની ઇચ્છા વ્યક્ત કરી.**

## વિઝન અને મિશન

સોસાયટીનું વિઝન વિકલાંગતાની રોકથામ-પ્રિવેન્શન ઑફ ડિસેબિલિટી છે અને જનજાગૃતિ, રસીકરણ, વહેલું નિદાન, જરૂરી શસ્ત્રક્રિયા અને ઑપરેશન બાદની સારસંભાળ, શિક્ષણ અને સ્વનિર્ભર થવા માટેની તાલીમ તથા સંસાધનોનો વિકાસ અને સંશોધન એ સંસ્થાનું મિશન છે. જ્યારે સંવેદના, અનુકંપા, પારદર્શિતા, સમર્પિતતા, પ્રામાણિકતા, સહભાગીદારી અને વૈજ્ઞાનિક અભિગમએ સંસ્થાના હાર્દરૂપ સદ્‌ગુણો છે.

સોસાયટીનું વિઝન વિકલાંગતામુક્ત સમાજના નિર્માણનું છે. આદર્શ સારો છે પરંતુ સ્વપ્ન સાકાર કરવા માટે સમાજે લાંબી મઝલ કાપવાની છે. તે અશક્ય નથી, પરંતુ અવરોધો ઘણાં છે. એમતો દુનિયામાંથી શીતળા અને પોલિયો નાબૂદ થયા જ છે. વિકલાંગતા માટે જવાબદાર ઘણાં બધા રોગોને રસીકરણથી અટકાવી શકાય છે એ સમજશું ત્યારે આપણી પીડાનો અંત આવશે.

> **સોસાયટીનું વિઝન વિકલાંગતા મુકત સમાજના નિર્માણનું છે. આદર્શ સારો છે. પરંતું સ્વપ્ન સાકાર કરવા માટે સમાજે લાંબી મઝલ કાપવાની છે.**

# પોલિયો સર્જરી જ કેમ?



પોલિયોપીડિતોની પીડામાંથી PNR સોસાયટીની સ્થાપના થઈ છે. 'ઈન્ટરનૅશનલ યર ફોર ડિસેબલ્ડ' ની ઉજવણી વખતે ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, શ્રીલંકા, નેપાળ જેવા દુનિયાના તમામ અર્ધ વિકસિત દેશોમાં દર વર્ષે પોલિયોનો રોગચાળો ફાટી નીકળતો અને તેના પરિણામે લાખો બાળકો અપંગ બનીને હલનચલનની શકિત ગુમાવી બેસતાં. હજારોના મૃત્યુ થતાં. પોલિયોના ચેપથી બાળકોને બચાવવા માટે પશ્ચિમના વિકસિત દેશોએ રસીકરણનો ઉપાય અજમાવીને ૧૦૦% સફળતા મેળવી હતી. પોલિયોનો રોગચાળો એ કોઈ દૈવી પ્રકોપ નથી, એ સમજદારીનો સમાજમાં અભાવ હતો અને બીજી તરફ દેશવ્યાપી રસીકરણની ઝુંબેશ ઉપાડવામાં સરકારની ઈચ્છાશકિતનો પણ અભાવ હતો. ત્યારે પોલિયોને થતો અટકાવવા પ્રિવેન્શનનું કામ PNR જેવી એકમાત્ર સંસ્થાથી શકય ન હતું. પોલિયોનો ભોગ બનેલા બાળકોને ડૉ. વ્યગ્રશ્વર રૂડુની 'રૂરલ' પોલિયો કરેકિટવ સર્જરી દ્વારા, તેના પગ પર ચાલતા કરી તેની પીડા ઓછી કરી શકાય તે શકય હતું. એટલે PNR સોસાયટીએ પોલિયો સર્જરીની ઝૂંબેશથી શરૂઆત કરી. આ પોલિયો સર્જરીમાં બાળક બે મહિનામાં પોતાના પગ પર ચાલતું થઈ જતું. આંખે દેખી શકાય એવા આ ચમત્કારિક પરિણામથી દાતાઓ પ્રભાવિત થતા એટલે દાન મેળવવાનું પણ સરળ થતું.

# નિરંતર સેવા માટે ભંડોળ

PNR એ માત્ર એક સંસ્થા નથી પરંતુ સંસ્થાઓનું જૂથ છે. આ જૂથની સંસ્થાઓમાં અત્યંત આધુનિક સાધનો, લેટેસ્ટ, ટૅકિનકના અભિગમ સાથે કૉર્પોરેટ સંસ્થા જેવી સુવિધા પૂરી પાડવામાં આવે છે. ૨૦૧૩-૧૪ માં લાભાર્થીઓની સંખ્યા ૧૧ લાખથી વધુની રહી! સંસ્થામાં ૬૦૦ જેટલા તજજ્ઞો સેવા આપે છે ને સંસ્થાઓનું વાર્ષિક બજેટ રૂપિયા ૧૮ કરોડનું થવા જાય છે. રાજ્ય સરકાર, ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ. કે., તથા દલાલ ફેમિલી ફાઉન્ડેશન, એ.ટી.ઍન્ડ ટી. ફાઉન્ડેશન, હાર્ટ ઍન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ્ડ ફાઉન્ડેશન-યુ.એસ.એ. અને દેશ વિદેશના દાનવીરોનો આર્થિક સહયોગ સંસ્થાને મળતો રહે છે. તેમ છતાં ખર્ચને પહોંચી વળવા માટે મુંબઈના શ્રેષ્ઠીઓનો મહત્ત્વનો સહયોગ જરૂરી બને છે.



# પી.એન.આર. સોસાયટીના પ્રમુખદાતા કાંતિભાઇ શાહ એક જુદી માટીના માનવી

## મૂડી, માતૃસંસ્કારની



કાંતિલાલ નારણદાસ શાહનું, મૂળ ગામ ભાવનગર જિલ્લાનું તળાજા. ભણેલા ઓછું પણ કોઠા સૂઝ ભારે. બચપણમાં કારમી ગરીબીમાં માતા પરસનબેનની સારવાર માટે તળાજાથી ભાવનગરની ટેકસીના પૈસાનો બંદોબસ્ત ન થયો અને માતાએ છેલ્લાં શ્વાસ લીધાં, એ કારમો આઘાત, આ માતૃભકત માનવી જીવનપર્યંત ભૂલ્યા ન હતા. આ ઘટના પછી સ્વમાનભેર જીવન જીવવા માટે પૈસાનું મહત્ત્વ સમજાયું. એટલે સ્વાવલંબી થવા માટે તળાજાથી ભાવનગર આવીને નાની ગુમાસ્તાની નોકરી શરૂ કરી. ત્યાંથી મુંબઈ વડગાદીમાં કોઈકની દુકાનના પાટિયા ઉપર બેસીને રોબીન બ્લૂ ગળીના પડીકાં વેચવાનું શરૂ કરીને તકદીર અજમાવ્યું. આ કપરા સમયે, તેમના હાથમાં પ્રામાણિકતારૂપી માતાના સંસ્કારની મૂડી માત્ર હતી. કાંતિભાઈ ગળીમાં કદાપિ મિલાવટ ન કરે. થોડા જ સમયમાં ૧૦૦% શુદ્ધ માલ માટે કાંતિભાઈનું નામ બજારમાં ગાજતું થઈ ગયું. તકદીરે યારી આપી અને નેશનલ કલર કં.ના માલિક બની ગયા. સુખ અને સંપત્તિ એકાએક મળી જાય ત્યારે માણસ ભૂતકાળ ભૂલી જતો હોય છે. પરંતુ કાંતિભાઈ જુદી માટીના માનવી હતા. તેઓ જીવનપર્યંત પરિશ્રમ કરીને પરસેવાની કમાણી કરતા રહ્યા અને છુટ્ટે હાથે પરોપકારમાં વાપરતા રહ્યા. આ સીધા, સાદા, સરળ માનવીનું હૃદય, ભગવાન મહાવીરની કરુણાથી ભરેલું હતું. કાંતિભાઈ જ્ઞાતિ, જાતિ કે ધર્મનો ભેદ જોયા વગર, સ્કૂલ, કૉલેજ, હૉસ્પિટલ, ધરતીકંપ કે પૂર હોનારત અને સાધુ, સાધ્વી પાછળ દાનની સરવાણી વહેવડાવતા રહ્યા અને જયારે દાતાનું નામ મૂકવાનું થતું ત્યારે પૈસાના અભાવે સારવાર વગર અવસાન પામેલ માતા પરસનબહેનને યાદ કરી તેનું નામમૂકવાનું કહેતા અને એ રીતે પોતાની માતાને યાદ કરી અંજલિ આપતા. એમને વસવસો એ વાતનો હતો કે લાખો રૂપિયા દાનમાં આપ્યા પછી ત્યાં મુકાવવા માટે તેમની પાસે માતાનો એક ફોટો પણ ન હતો.

**સુખ અને સંપતિ એકાએક મળી જાય ત્યારે માણસ ભૂતકાળ ભૂલી જતો હોય છે. પરંતુ કાંતિભાઇ જુદી માટીના માનવી હતા.**
**તેઓ જીવનપર્યંત પરિશ્રમ કરીને પરસેવાની કમાણી કરતા રહ્યાં અને છુટ્ટે હાથે પરોપકારમાં વાપરતા રહ્યાં આ સીધા સાદા સરળ માનવીનું હ્રદય ભગવાન મહાવીરની કરુણાથી ભરેલું હતું.**

## સંસ્થા બચી ગઇ

આવા દરિયાદિલ દાતા કાંતિભાઈને વિકલાંગ બાળકો, મહિલાઓ, ખાસ કરીને દરિદ્રનારાયણ પ્રત્યે વિશેષ લગાવ હતો. ભાવનગર આવે ત્યારે અંધશાળામાં એક આંટો જરૂર મારે! તે વખતે આ સંસ્થાનો ખરાબ સમય ચાલતો હતો, સંસ્થા બંધ કરવી પડે તેવી સ્થિતિમાં, ટ્રસ્ટી મંડળે સંસ્થાનો દોર મને સોંપ્યો હતો. સાથી કાર્યકર મનુભાઈ શેઠની ભલામણથી કાંતિભાઈએ માતુશ્રી પરસનબેનની સ્મૃતિમાં અંધશાળાને દત્તક

લીધી. માતબર દાન આપ્યું અને સંસ્થાને કરજમાંથી બહાર કાઢી ને સંસ્થા બચી ગઈ. કાંતિભાઈએ અંધશાળાનાં બાળકોની પ્રાથમિક જરૂરિયાતની સાધન સામગ્રી વસાવી આપી. સાથે સાથે ડાયનિંગ હોલ વગેરે મકાનોનો જીર્ણોદ્ધાર અને નવા વર્ગ ખંડો માટે મહત્ત્વનું યોગદાન આપીને સંસ્થાનો કાયાકલ્પ કરાવ્યો આથી શાળાએ પ્રગતિના શિખરો સર કર્યા.

આમ જોઈએ તો ''પરસનબેન'' નામજ એવું છે, જે સંસ્થાને લાગ્યું તેનો બેડો પાર થયો જ સમજો. પી.એન.આર. સોસાયટીનું જ દૃષ્ટાંત જોઈએ શામજીકાકા, બાબુભાઈ સંઘવી વગેરે સાથે મળીને તેઓ પોલિયોની પ્રવૃત્તિમાં જોડાયા. તળાજામાં પોતાની હૉસ્પટલમાં પોલિયો ઑપરેશન કેમ્પ પણ કરાવ્યા. પહેલાં સંસ્થાનું નામ હતું, ''સોસાયટી ફોર રિલીફ ઍન્ડ રિહેબિલિટેશન ઑફ ધી ડિસેબલ્ડ''. કાંતિભાઈને વંચિત વિકલાંગોના પુનઃસ્થાપનની આ પ્રવૃત્તિ ગમતી હતી અને સોસાયટીને દાતાની જરૂર હતી. કાંતિભાઈને સોસાયટીના પ્રમુખ દાતા થવા શામજીકાકાએ સમજાવ્યા. કાંતિભાઈએ કહ્યું કે, 'આ પોલિયોપીડિત બાળકોના ઑપરેશન કૅમ્પનું તમારું કામ આપણે દેશભરમાં આગળ વધારીએ તેમ મારી ઈચ્છા છે. તે માટે કેટલા પૈસા જોઈએ એ મને કહો.' અમે કહ્યું, 'એક કરોડ'. તેઓ કહે, 'સારું હું જરા ઘરમાં ચર્ચા કરીને જણાવીશ.' ચાર પાંચ દિવસ પછી તેઓ સામે ચાલીને શામજીકાકાના ઘરે પહોંચ્યા ને જણાવ્યું, 'સોસાયટીની પોલિયો ઑપરેશનની કામગીરીને આગળ વધારવા તમારી માગણી મુજબ દાન આપવા માગું છું. મારી બીજી કોઈ શરત નથી ફક્ત મારી બા પરસનબેનનું નામ સોસાયટી સાથે લગાડવાની ઈચ્છા છે.' કાંતિભાઈની લાગણી અને માગણીને સહર્ષ સ્વીકારવામાં આવી. સંસ્થાનું નવું નામ થયું. ''શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) સોસાયટી ફોર રિલીફ ઍન્ડ રિહેબિલિટેશન ઑફ ધી ડિસેબલ્ડ'' (પી.એન.આર. સોસાયટી). સોસાયટી સાથે પરસનબેનનું નામ જોડાયું, પછી સંસ્થાએ તેની ત્રીસ વર્ષની યાત્રામાં પાછું વાળીને જોયું નથી. ગુજરાતથી શરૂ થયેલી રૂરલ પોલિયો કરેક્ટિવ સર્જરીની ઝુંબેશ દેશ-વિદેશમાં ફેલાણી, લાખો પોલિયોપીડિત બાળકો પોતાના પગ ઉપર ચાલતાં થયાં. ભારતમાં પોલિયોપીડિત બાળકોની સમસ્યા અને તેની સામે સર્જરી કેમ્પની સફળતા જોઈને, ઈમ્પેકટ ફાઉન્ડેશન, યુ.કે.ના ચેરમેન સર જોન વિલ્સન પણ પ્રભાવિત થયા, સોસાયટીને ફાયનાન્સિયલ તેમજ ''ટેકિનકલ નો-હાઉ'' આપવા આગળ આવ્યા અને હવે વૈશ્વિકસ્તર પર સોસાયટીની ગણના થવા લાગી. ઈમ્પેકટ, યુ.કે. સાથે પાર્ટનરશિપ થતાં પોલિયો સર્જરીની સાથેસાથે ભાવી પેઢીમાં વિકલાંગતા આવે જ નહીં તે માટે પ્રિવેન્શન પ્રોગ્રામશરૂ થયો. આ કાર્યક્રમોને મોટી સફળતા મળી.

'માનવ સેવા એ જ પ્રભુ સેવા' માં માનવાવાળા દાતાઓએ દાનની સરવાણી વહેવડાવી. તેનાથી પી.એન.આર. સોસાયટીની સાથેસાથે સંલગ્નિત સંસ્થાઓને




ફાયદો થયો. સંસ્થાઓનું સ્વરૂપ બદલાયું. હવે તે માત્ર વિકલાંગ બાળકોની શાળા નહીં પરંતુ વૈજ્ઞાનિક અભિગમ સાથે પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ બની ગઈ. તેનાં હેતુ અને ઉદ્દેશ, એઈમ્સ ઍન્ડ ઑબ્જેકિટવ્ઝે વિશાળ ફલક ધારણ કર્યું. પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓમાં દરેક પ્રકારની વિકલાંગતા માટે કુમળીવયે નિદાન, સારવાર, કરેકિટવ સર્જરી, કૃત્રિમસાધનો, તજજ્ઞોની સેવા અને સ્વજનોને તાલીમ, વિશિષ્ટ શિક્ષણ અને સંમિલિત શિક્ષણ જેવી જાત જાતની, નવી શાખાઓ ખૂલી.

ભારત સરકારે આ સંસ્થાને દેશની આ પ્રકારની સૌથી મોટી સંસ્થાનું પારિતોષિક આપ્યું. ''ધ વીક'' મૅગેઝીને ભાવનગરને 'વિકલાંગોના પુનઃસ્થાપન માટે દેશનું હબ' કહ્યું. ઉદારદિલ દાતા કાંતિભાઈ જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાના પરસેવાની કમાણી આવા પરોપકારના કાર્યોમાં વાપરતા રહ્યા. આ સંસ્થામાં જ તેમની સખાવત રૂપિયા દોઢ કરોડથી વધુ થવા જાય છે. સોસાયટી ઉપરાંત

**ભારત સરકારે આ સંસ્થાને દેશની આ પ્રકારની સૌથી મોટી સંસ્થાનું પારિતોષિક આપ્યું. ધ વીક મૅગેઝીને ભાવનગરને વિકલાંગોના પુનઃસ્થાપન માટે દેશનું હબ કહ્યું.**

પણ કાંતિભાઈની સખાવતો ઘણી છે. જેમકે તળાજામાં મેમોરિયલ હૉસ્પિટલ, કન્યા શાળા, પાલિતાણામાં ગર્લ્સ કૉલેજ, જૈન ધર્મશાળા અને ભાવનગરમાં નિઃસહાય લોકોને જીવન જરૂરિયાતની ખાધા ખોરાકી માટે સહાય કરતી પાર્શ્વ ભક્તિ મંડળ તેમની ઉદાત્ત ભાવનાનું પ્રતિબિંબ પાડે છે. એ તો ઠીક છે પરંતુ ભાવનગરમાં દલિત કન્યાઓનાં ભાણીબેન છાત્રાલયમાં જીવન જરૂરિયાતની પ્રાથમિક સુવિધાનો પણ જયારે અભાવ હતો ત્યારે કાંતિભાઈએ રૂપિયા પાંચેક લાખનું દાન આપી ખખડધજ થઈ ગયેલા મકાનનું રિપેરિંગ, રંગરોગાન, લાઈટ, પાણી, પંખા, પલંગ, ગાદલા, ઓઢવા પાથરવાનાં અને જમવાનાં વાસણ સુધ્ધા વસાવી આપીને કોમળ હૃદયમાંથી કરુણાનું ઝરણું વહેવડાવ્યું હતું. આવા ઉદારદિલ દાતા કાંતિભાઈનું ટૂંકી બીમારીમાં તા. ૨૫/૦૩/૨૦૧૪ ના રોજ મુંબઈ ખાતે નિધન થયું. સંસ્થાને એક ઉદારદિલ દાતાની ખોટ પડી.

સદ્ભાગ્યે કાંતિભાઈના બંને પુત્રો નરેન્દ્રભાઈ અને રાજભાઈ પિતાએ કંડારેલી કેડી ઉપર ચાલી રહ્યા છે અને આજે મોટા પુત્ર



**નરેન્દ્રભાઈ શાહ**



**રાજભાઈ શાહ**

નરેન્દ્રભાઈ તો પી.એન.આર. સંસ્થાના ચેરમેન પણ છે. તેઓ નટવરભાઈની સાથે રહીને તેમની સક્રિય ભૂમિકા બજાવી રહ્યા છે સાથોસાથ તેમનાં આર્થિક યોગદાનની સરવાણી વહેવડાવી રહ્યા છે.

## ડે કેર સેન્ટર

સ્પેશ્યલ સ્કૂલમાં અઢાર વરસની વય વટાવ્યા પછી વિદ્યાર્થીને રાખી શકાતા નથી. સી.પી., એમ.આર., ઓટિઝમ અને મલ્ટી ડિસેબલ્ડ યુવક યુવતીઓને સરકારના આવા નિયમની સમજ પડતી નથી. એ તો બસ સમય થાય એટલે શાળાએ જવા ધમાલ મચાવે છે. વાલીઓ સમજાવીને થાકી જાય છે. તેને ઘરમાં સાચવવાનું મુશ્કેલ પડે છે. કાંઈક પ્રવૃત્તિ આપવી જોઈએ. આ સમસ્યાને હલ કરવા સંસ્થાનાં નટરાજ કેમ્પસમાં 'કે. એન.શાહ ડે કેર સેન્ટર' શરૂ કરવામાં આવ્યું. તેમાં વીસથી વધુ લાભાર્થીઓ છે.

## ઓટિઝમ સ્કૂલ

આવી બીજી એક સમસ્યા હતી ઓટિઝમ બાળકોની. સમાજમાં આ પ્રકારના બાળકોની સંખ્યા આપણે ધારીએ તેનાં કરતા વધુ છે. આ બાળકો ઘરમાં કે સ્કૂલમાં જલદી સેટ થતા નથી. તેને સ્પેશ્યલ ટ્રેનિંગની જરૂર પડે છે. તેથી સંસ્થાની સી.પી. સ્કૂલમાં 'કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ' શરૂ કરવામાં આવી છે.

આ ડે કેર સેન્ટર માટે વીસ લાખ રૂપિયાનું કોર્પસ ફંડ અને વાર્ષિક દસેક લાખ રૂપિયાનું રિકરિંગ ખર્ચ કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી સંસ્થાને મળે છે. એવી જ રીતે ઓટિઝમ સ્કૂલ માટે વાર્ષિક પંદરેક લાખ રૂપિયાની સહાય મળે છે. આમ, કાંતિભાઈની હયાતી પછી પણ તેમના બંને પુત્રો નરેન્દ્રભાઈ અને રાજભાઈ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

# સર જોન વિલ્સન સાથે મુલાકાત



## ભાવી ડામાડોળ

એક તરફ પોલિયો ઑપરેશનની ઝુંબેશ વેગ પકડી રહી હતી. બીજી તરફ મેડિકલ પ્રૉફેશનલ્સનો જોઈએ એવો સહકાર મળતો ન હતો. ખરું જોતા તો આ કામમાં ડગલે ને પગલે, મેડિકલ, પેરામેડિકલ પ્રૉફેશનલ્સની જરૂર પડે અને અમે રહ્યા 'લે-મેન'! મેડિકલ ફિલ્ડમાં અમે ચંચુપાત કરીએ એ ઘણાંને ગમતી વાત પણ ન હતી. કોઈ મોં મચકોડે, કોઈ બે કડવા શબ્દ પણ સંભળાવી દે. આ અસહકારને કારણે પોલિયો ઝુંબેશ અને સોસાયટીનું ભાવી ડામાડોળ ભાસતું હતું. આ અવઢવમાંથી બહાર નીકળવું જરૂરી હતું. ઈમ્પેક્ટ ફાઉન્ડેશન જેવી વૈશ્વિક સંસ્થાનો સાથ મળે તો ઝુંબેશનું સ્વરૂપ બદલાઈ જાય. તેના વડા સર જોન વિલ્સન મફતકાકાના ખાસ મિત્ર હતા. મેં કાકાને વાત કરી. કાકાએ પોલિયો કેમ્પ સર્જરીને ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે. જેવી વૈશ્વિકસ્તરની વિદેશી સંસ્થાની માન્યતાનો સિક્કો મરાવી દેવાનું બીડું ઝડપ્યું.

**સર જોન એક વિરલ વ્યક્તિત્વના સ્વામી હતા. દુનિયાભરમાં તેમની સાઇટ સેવર સંસ્થા દ્વારા લાખો પ્રજ્ઞાચક્ષુઓના જીવનમાં પ્રકાશ ફેલાવવાની સિદ્ધિ માટે તેમની સરખામણી હેલન કેલર અને આલ્બર્ટ સ્વાઇટ્ઝર સાથે થતી હતી. ૧૨ વર્ષની વયે દ્દષ્ટી ગુમાવી તેઓએ ઓકસફર્ડ યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કર્યો હતો.**

## સર જોન એક વિરલ વ્યક્તિત્વ

મફતકાકાને ખાતરી થઈ હતી કે સ્થાનિક અસહકાર અને પૈસાની કમી સામે, પોલિયોની આ ઝુંબેશ ટકી શકશે નહીં. એટલે કાકાએ ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે. ના ચેરમેન સર જોન વિલ્સનને, તેના મેન્ડેટમાં ન હોવા છતાં પણ, પોલિયો ઓપરેશનની ઝૂંબેશને સપોર્ટ કરવા સમજાવ્યા. સર જોન વિરલ વ્યકિતત્વના સ્વામી હતા. દુનિયાભરમાં તેમની 'સાઈટ સેવર' સંસ્થા દ્વારા, લાખો પ્રજ્ઞાચક્ષુઓના જીવનમાં પ્રકાશ ફેલાવવાની સિદ્ધિ માટે તેમની સરખામણી હેલન કેલર અને આલ્બર્ટ શ્વાઈટ્ઝર સાથે થતી હતી. ૧૨ વર્ષની વયે દૃષ્ટિ ગુમાવી, તેઓએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કર્યો હતો. અને WHO, UNICEF વગેરેના તે સિનિયર કન્સલટન્ટ હતા. ડિપ્લોમેટિક કેરિયર ધરાવતા જોન, બ્રિટનની ફોરેન ઑફિસમાં પરમેનન્ટ અન્ડર સેક્રેટરી, પ્રાઈમ મિનિસ્ટરના પ્રાયવેટ સેક્રેટરી અને ઘણા દેશમાં એમ્બેસેડર અને હાઈકમિશનર રહી ચૂકયા હતા.

## સર જોન વિલ્સન સાથે મુલાકાત

આવા એકિટવિસ્ટ, સર જોન વિલ્સનનું મુંબઈમાં આગમન થયું અને હીરા ઉદ્યોગના અગ્રણી મફતકાકાએ ૨ ફેબ્રુઆરી, ૮૮ ના રોજ મુલાકાત ગોઠવી આપી. હું, શામજીકાકા, ડૉ.આદિનારાયણ રાવ અને અન્ય કાર્યકરો, સર જોન વિલ્સનને મળ્યા. ભારતમાં પોલિયોપીડિત બાળકોની સમસ્યા, કરેકિટવ સર્જરી કેમ્પ, મેડિકલ પ્રૉફેશનલ્સનો પ્રતિકાર, અને ફંડની કમી, વગેરે વાત કરીને તેનો સહકાર માગ્યો. સહકાર નહીં મળે તો આ ઝુંબેશ ટકી શકશે નહીં તેમ પણ જણાવ્યું. અમારી વાત સાંભળી તે ઘણા પ્રભાવિત થયા. નાસીપાસ થયા વગર, ઝુંબેશ ચાલુ રાખવા તેણે સલાહ આપી. અમારી સાથે પ્રજ્ઞાચક્ષુ ડૉ.રાજેન્દ્ર વ્યાસ પણ હતા.

# ડૉ. જીંજર વિલ્સનનું આગમન



## જીંજર વિલ્સનના આગમન સાથે માહોલ બદલાયો

મુંબઈમાં ઈમ્પેકટના પ્રમુખ સર જોન વિલ્સન સાથેની મુલાકાતનું ત્વરિત પરિણામ આવ્યું. સર જોને ઈમ્પેકટના વાઈસ ચેરમેન ડૉ.જીંજર વિલ્સન (ઓર્થો.સર્જન) ને પોલિયો કેમ્પનું નિરીક્ષણ કરીને રિપોર્ટ કરવા નિયુકત કર્યા.

## ડૉ. જીંજર વિલ્સન બ્રિટનના સિનિયર ઑર્થોપેડિક સર્જન

ડૉ.જીંજર વિલ્સન, બ્રિટનના સિનિયર ઓર્થોપેડિક સર્જન અને ઈમ્પેકટના કન્સલટન્ટ હતા. મેડિકલ કૉલેજમાં જેના પુસ્તકો પાઠયપુસ્તક તરીકે ચાલતા હતા, એવા ડૉ.વિલ્સને બીજા વિશ્વયુદ્ધમાં નોંધપાત્ર કામગીરી બજાવી હતી. આવી મહાન હસ્તી પોલિયોના કેમ્પ માટે પી.એન.આર. સોસાયટીની મુલાકાત માટે આવનાર છે, એ સમાચાર જાણીને મેડિકલ ફિલ્ડના લોકોએ ટાઢા પહોરના ગપ્પા કહીને હાંસી ઉડાવી. ‘જીંજર વિલ્સન તે ભાવનગર આવતા હશે ? દી’ ફર્યો છે ?’ એવી કોમેંટ પાસ કરી પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે ડૉ.જીંજર વિલ્સન, તા. ૧૦ થી ૧૮ ફેબ્રુઆરી ૮૯, આઠ દિવસ માટે ભાવનગર આવી પહોંચ્યા અને માહોલ બદલાઈ ગયો. તેના આગમનથી સંસ્થાની પ્રતિષ્ઠા અને સ્ટેટસ રાતોરાત વધી ગયા. ટેલિફોનની ઘંટડીઓ રણકી ઊઠી. સૌની એક જ વાત હતી, ‘અમારે ડૉ.જીંજર વિલ્સનને મળવું છે. તેની સાથે વાત કરવી છે. તેને ચાપાણી પીવા લઈ જવા છે. તો કોઈ કહે તેને સાંભળવા છે!’

**ડૉ. વિલ્સને બીજા વિશ્વયુદ્ધમાં નોંધપાત્ર કામગીરી બજાવી હતી. આવી મહાન હસ્તી પોલિયોના કેમ્પ માટે આવનાર છે. એ સમાચાર જાણીને મેડિકલ ફિલ્ડના લોકોએ ટાઢા પહોરના ગપ્પા કહીને હાંસી ઉડાવી.**

## ગણતરીપૂર્વકનું જોખમ લીધું.

આમ તો અમે ડૉ.જીંજર વિલ્સનના આઠ દિવસનો ટાઈટ શેડ્યુલ ગોઠવ્યો હતો. વળી જે લોકો ડૉ.જીંજર વિલ્સનને મળવાની માગણી કરતા હતા તે એ જ લોકો હતા, જેના વિરોધને કારણે અમારે એક વખત કેમ્પ કેન્સલ કરવો પડયો હતો. એટલે તેની નિષ્ઠા માટે શંકા રહેતી હતી. પરંતુ અમારે તો માહોલ બદલવો હતો અને સહાનુભૂતિ ઊભી કરવી હતી એટલે ગણતરી પૂર્વકનું જોખમ લઈને અમે સાંજના પાંચ વાગે, ડૉક્ટરો સાથે ચા પાણી લેવા ડૉ.જીંજર વિલ્સનનો શેડ્યુલ ગોઠવ્યો . સાથે પી.ડી. ત્રિવેદીને રાખ્યા. ટી-પાર્ટી એકંદરે સારી રહી. એડવાન્સ ઓર્થો. સર્જરી અંગેના પ્રશ્નોના તેમણે જવાબ આપ્યા. વચમાં કોઈએ પોલિયો કેમ્પની યથાર્થતા અંગે પ્રશ્ન કરી ચર્ચાને બીજી બાજુ વાળવા પ્રયત્ન કર્યો, તો કોઈએ સંસ્થા ‘કેમ્પ કરવાને’ બદલે અમને પૈસા આપે, તો અમે અમારી હૉસ્પિટલમાં સર્જરી કરી આપીએ એવી વાત મૂકી.પરંતુ ‘હું તો અહીં ઓબ્ઝર્વેશન’ માટે આવ્યો છું. અત્યારથી કાંઈ કહેવું વહેલું ગણાય એમ કહી ડૉ.જીંજર વિલ્સને વાત વાળી લીધી! એ જ દિવસે રાત્રે ઇન્ડિયન મેડિકલ એસોસિએશનમાં, સર તખ્તસિંહજી હૉસ્પિટલના સિવિલ સર્જન

ડૉ.એમ.આર. દહિયાના નિમંત્રણથી ડૉ.જીંજર વિલ્સને મનનીય પ્રવચન આપ્યું.

## ફોલોઅપ અને ઑપરેશન

ડૉ.જીંજર વિલ્સન માટે અમે ભાવનગર, તળાજા, રાજુલા અને ઉનામાં અગાઉ કરેલા ઓપરેશનના રિઝલ્ટ બતાવવા માટે ચાર દિવસના ચાર ફોલોઅપ કેમ્પ ગોઠવ્યા હતા. આ ફોલોઅપમાં પાંચસો જેટલા બાળકો આવ્યા. ડૉ.જીંજર વિલ્સને ઑપરેશન પહેલાંની બાળકની હાલત કેવી હતી? ઑપરેશન પછી કેવી છે, ઑપરેશનથી કેટલો ફાયદો થયો ? તેની પૂછપરછ કરી. તેમજ બાળકના પગ ઉપર ઑપરેશન માટે મૂકવામાં આવેલ ચેકા, તેને જોડવા માટે લેવામાં આવેલ ટાંકાના નિશાન જોયા અને કેલિપરની ક્વોલિટી અંગે ચર્ચા કરી. એક છોકરીનું પોલિયો ઑપરેશન તેના વાલીએ ભાવનગરની પ્રાઈવેટ હૉસ્પિટલમાં રૂા. ૧૫૦૦૦ ખર્ચીને કરાવ્યું હતું, છતાં ફાયદો થયો ન હતો. પછી તેણે કેમ્પમાં ઓપરેશન કરાવ્યું. એ કેસ પણ ડૉ.વિલ્સને જોયો અને આટલો ચાર્જ તો લંડનમાં પણ નથી લેવાતો એવી કોમેન્ટ કરી.

ત્યાર પછી ઉના, વેરાવળ, જામનગર, અને સુરેન્દ્રનગરમાં ચાર દિવસના ચાર ઑપરેશન કેમ્પ ગોઠવવામાં આવ્યા હતા. આમ, સરકસની જેમ ચાર દિવસના ચાર કૅમ્પ થયા. આ માટે બહુ મોટી ટીમ અને સાધનો જોઈએ. તેની વ્યવસ્થા અમે કરી હતી. ઑપરેશન કેમ્પમાં દર્દીની પસંદગી, તેના લોહી, પેશાબ વગેરેની તપાસ, ઑપરેશન થિયેટરનું ફયુમીગેશન, ઓટોકલેવ, પ્લાસ્ટર રૂમ, દર્દીનો વૉર્ડ, તેની રહેવા જમવાની વ્યવસ્થા વગેરે બધું ડૉ.વિલ્સને જોઈને માહિતી મેળવી. આ ચાર કૅમ્પમાં ડૉ.આદિનારાયણ રાવની ટીમ સાથે અમે ૬૨૧ ઑપરેશન કર્યાં એ જોઈને ડૉ.જીંજર વિલ્સન તો દંગ રહી ગયા.

## ડૉ. વખારિયા સેવાના રંગે રંગાઇ ગયા.

અમારા જામનગર કેમ્પના દાતા જગુભાઈ તન્નાએ, ઇરવિન હૉસ્પિટલમાં કૅમ્પ કરવાનું નક્કી કર્યું હતું. અમે પહોંચ્યા ત્યારે, વૉર્ડ તો શું લૉબીમાં પગ મૂકવાની જગ્યા ન હતી. હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાતી હતી. હવે શું કરવું ? સરકારી હૉસ્પિટલમાં કોઈ જવાબ આપે નહીં. એટલામાં ઑર્થોપેડિક ડિપાર્ટમેન્ટના વડા ડૉ.હસમુખ વખારિયા વહારે આવ્યા. ઇરવીન હૉસ્પિટલની સામે આવેલી આયુર્વેદિક હૉસ્પિટલમાં તેમણે કેમ્પ ગોઠવી આપ્યો અને તે પોતે પણ સર્જરીમાં જોડાયા. કેમ્પમાં ૧૨૬ ઓપરેશન થયાં. લાગણી પ્રધાન અને માનવતાવાદી ડૉ.વખારિયાએ આ કૅમ્પ પછી વર્ષો સુધી સેવા આપીને હજારો બાળકોની પોલિયો સર્જરી કરી અને સેવાના રંગે રંગાઈ ગયા.

**જામનગર ઑર્થોપેડિક ડિપાર્ટમેન્ટના વડા ડૉ. હસમુખ વખારિયા વહારે આવ્યા. ઇરવીન હૉસ્પિટલની સામે આવેલી આયુર્વેદિક હોસ્પિટલમાં તેમણે કેમ્પ ગોઠવી આપ્યો.**



ડૉ. વખારિયાએ હજારો પોલિયો પીડિતોને ચાલતા કર્યા.

છેલ્લે લંડન ઉપડતા પહેલાં ડૉ.જીંજર વિલ્સને કેમ્પની ગુણવત્તા વધારવા માટે, તથા ફોલોઅપ ટ્રીટમેન્ટને વધુ અસરકારક બનાવવા માટે, મુંબઈમાં શામજીકાકા સાથે તેના ઘરે લંબાણથી ચર્ચા કરી અને એકંદરે સંતોષ વ્યકત કર્યો.

**માનવતાવાદી ડૉ. વખારીયાએ આ કેમ્પ પછી વર્ષો સુધી કેમ્પમાં સેવા આપીને હજારો બાળકોની પોલિયો સર્જરી કરી અને સેવાના રંગે રંગાઇ ગયા.**

## પોલિયો કેમ્પની ફિલસૂફી

દાતાશ્રી જગુભાઈ તન્ના વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં, જામનગરના કેમ્પની પૂર્ણાહુતિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જામનગરના જાણીતા ઑર્થોપેડિક સર્જનો પણ ઉપસ્થિત હતા. કેટલાકના મનમાં કેમ્પ સર્જરી માટે શંકાકુશંકા હતી, તે વ્યકત કરવા ડૉ.જીંજર વિલ્સને તક આપી. પ્રશ્ન હતો 'હૉસ્પિટલને બદલે ગામેગામ ગમે ત્યાં પોલિયોની આવી મોટી સર્જરી કરવામાં બાળકોને ઈન્ફેકશન થઈ જવાનું જોખમ નથી?'

ડૉ.વ્યગ્રેશ્વર ફુડુએ, તેનો બહુ સરસ જવાબ આપ્યો. પ્રાઈવેટ પ્રેકિટસ કરતી હોસ્પિટલો મોંઘી હોય છે. તેમાં મોટા ભાગે અમીર લોકોના બાળકો ઑપરેશન માટે આવે છે. જયારે કેમ્પમાં ગરીબોના બાળકો આવે છે. પ્રદુષિત હવા, પાણી, ખોરાકને કારણે ગરીબોના બાળકોમાં રોગના જંતુ સામે પ્રતિકાર કરવાની (ઈમ્યુનિટી) શકિત વધુ હોય છે. જયારે અમીર બાળકોમાં એ ઓછી હોય છે માટે કેમ્પ સર્જરીમાં ગરીબ બાળકોને ઈન્ફેકશનનો ચાન્સ નથી.

ત્યાર પછી ડૉ.વિલ્સને ઊભા થઈને કહ્યું, 'કેમ્પમાં સર્જરી ન થઈ શકે તેવું કાંઈ નથી. સેકન્ડ વર્લ્ડ વોરમાં અમે રણમાં તંબુ ઊભા કરી સૈનિકોની સર્જરી કરતા હતા. સવાલ છે સ્ટાન્ડર્ડ જાળવવાનો અને એ અહીં જળવાય છે. વળી, તમારા દેશમાં લાખો બાળકો પોલિયોથી પીડાય છે. પ્રાયવેટ હૉસ્પિટલમાં ઑપરેશન પછી થેરાપી, કેલિપર મળવાં જોઈએ જેની વ્યવસ્થા તમારે ત્યાં નથી. તે માટે ઑપરેશન પછી દર્દીને જુદીજુદી જગ્યાએ જવું પડે અને ખર્ચ પણ થાય તે એના ગજા બહારનું છે. જયારે સરકારી હૉસ્પિટલોમાં જગ્યા નથી ત્યારે અહીં એક છત્ર નીચે બધું મળે છે. ગામડાના દર્દીઓ માટે તો આ ઉત્તમ સુવિધા કહેવાય. એ પણ ફ્રી ઓફ ચાર્જ! તે સંજોગોમાં ભારત જેવા દેશમાં કેમ્પ સર્જરી એ શ્રેષ્ઠ ઉપાય છે.'

**ડૉ. વિલ્સને કહ્યું કેમ્પમાં સર્જરી ન થઇ કશે તેવું કાંઇ નથી. સેકન્ડ વર્લ્ડ વોરમાં અમે રણમાં તંબુ ઉભા કરી સૈનિકોની સર્જરી કરતા હતા. સવાલ છે સ્ટાન્ડર્ડ જાળવવાનો અને એ અહીં જળવાય છે.**








67

# પોલિયો પીડિતો માટે હોસ્પિટલનું નિર્માણ

## પોલિયો ગાડી

સોસાયટીની સ્થાપના પછી દિનપ્રતિદિન સૌરાષ્ટ્રભરમાં પોલિયો કેમ્પની ઝૂંબેશ જોર પકડી રહી હતી. પોલિયોના ઓપરેશન માટે આવતા દર્દીઓમાં જેને મોટા ઑપરેશનની જરૂર હોય તેના કેસમાં 'ઈન્સ્ટિટ્યૂશનલ સર્જરી' એમ લખાઈ આવતું. હૉસ્પિટલ તો હતી નહીં એટલે આવા બાળકોને તિરુપતિ દેવસ્થાનની હોસ્પિટલમાં ડૉ.વ્યગ્રેશ્વર રૂડુ પાસે ઑપરેશન માટે મોકલવાનું શરૂ કર્યું હતું. ત્યાં વ્યવસ્થા સારી હતી પરંતુ દક્ષિણ ભારતમાં ચા ને બદલે કૉફી અને ખાવામાં ઈડલી, વડા, સંભાર જ મળે. જે ગુજરાતીઓને માફક આવે નહીં. છેવટે અમે ગુજરાતી રસોયાને મોકલીને તિરુપતિમાં રસોડું ચાલુ કર્યું, ત્યાર પછી ગુજરાતમાંથી તિરુપતિ જતી આવતી દરેક ટ્રેનના ડબ્બા પોલિયોના દર્દીઓથી ભરેલા રહેતા. લોકો તેને પોલિયો ગાડી કહેતા.

**ગુજરાતમાંથી તિરૂપતિ જતી આવતી દરેક ટ્રેનના ડબ્બા પોલિયોના દર્દીઓથી ભરેલા રહેતા. લોકો તેને પોલિયો ગાડી કહેતા.**

## અદ્યતન હૉસ્પિટલનું નિર્માણ

આટલી સગવડતા ઊભી કર્યા પછી પણ નાનાનાના બાળકોને તિરુપતિમાં ઑપરેશન કરાવી પાછા લાવવા, વળી પાછા પ્લાસ્ટર તોડાવવા, ફિઝિયોથેરાપી કરાવવા અને કેલિપર પહેરાવવા તિરુપતિ જવા



આવવામાં ટ્રાવેલિંગની હાડમારી તથા ભાષા અને ખોરાકની ઘણી મુશ્કેલી રહેતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે અંધશાળાના કૅમ્પસમાં અદ્યતન ઑપરેશન થિયેટર સાથે ૧૨૭ બેડની હૉસ્પિટલનું નિર્માણ કર્યું. અને તેને 'શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઑફ ધી ડિસેબલ્ડ' નામ આપ્યું. જેમાં પોલિયો, કલબ ફૂટ, ઓર્થો. સર્જરી, કપાયેલા હોઠ, તાળવામાં કાણું વગેરે જેનેટિક ડિફોર્મિટીની પ્લાસ્ટિક સર્જરી તથા બાળકોની ત્રાંસી આંખ તેમજ વયસ્કોની કેટરેકટ સર્જરીની વ્યવસ્થા કરવામાં આવી.

## નવતર પ્રયોગ

આ હૉસ્પિટલના નિર્માણ માટે એક નવતર પ્રયોગ કર્યો છે. ૧૯૮૭માં પી.એન.આર. સોસાયટીની સ્થાપના થઈ ત્યારે સોસાયટી પાસે હૉસ્પિટલ બાંધવા જમીન ન હતી. બીજી તરફ અંધશાળામાં જગ્યાનો અવકાશ અને વિકાસની તક હતી. એટલે અંધશાળાએ સહયોગ કરીને હૉસ્પિટલની જરૂરિયાત મુજબનું મકાન બંધાવી આપ્યું. પી.એન.આર. ના દાતાઓએ હૉસ્પિટલના બાંધકામ માટે દાનની સરવાણી વહેવડાવી અને સાથોસાથ અંધશાળાના મકાનોના બાંધકામ વગેરે માટે ઉદાર હાથે સહાય કરી, જેથી શાળાના કૅમ્પસની રોનક બદલાઈ ગઈ. આમ, પી.એન.આર.ની હૉસ્પિટલના નિર્માણમાં અંધશાળાનું પ્રદાન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ વીસેક હજાર સ્કવેર ફીટના ગ્રાઉન્ડ પ્લસ બે માળના બિલ્ડિંગ બાંધકામમાં ફંડ એકઠું કરવા માટે એક પથારીના રૂા. ૧૦,૦૦૦/-, દર્દીના વૉર્ડના રૂા. ૧૫,૦૦૦/-, મોટા વિભાગના રૂા. ૫૦,૦૦૦/- એમ નાના નાના વિભાગો કરીને વધુમાં વધુ દાતાઓને શુભકાર્યમાં સાંકળવાનો પ્રયોગ કર્યો જે સફળ નીવડયો. તદ્ઉપરાંત કે.એન.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, હર્ષદભાઈ દેસાઈ, ખુશેન્દ્રભાઈ દેસાઈ, શામજીભાઈ પારેખ, મફતલાલ મહેતા, દીપચંદ ગાર્ડી, બાબુભાઈ સંઘવી, શાંતિભાઈ શાહ (આફ્રિકાવાળા), પ્રવીણભાઈ સંઘવી, વસંતભાઈ ગાંધી (યુ.એસ.એ.), ગૌતમભાઈ દીવાન, મહેશભાઈ વાડીલાલ ગાંધી, રેખાબહેન મહેતા, વૃજલાલભાઈ મહેતા અને મોહનભાઈ પટેલ વગેરેએ હૉસ્પિટલ બાંધકામ માટે દાનની સરવાણી વહેવડાવી; પરિણામે આ હૉસ્પિટલનું નિર્માણ થઈ શકયું. આ હૉસ્પિટલમાં જનરલ ઓ.પી.ડી. સાથોસાથ ઈ.એન.ટી., ઓપ્થેલમિક, ઓર્થોપેડિક, ડેન્ટલ, ડિજિટલ એકસ-રે, પેથોલોજી લેબોરેટરી, આંખની છારી કાઢવા લેસર વિભાગ અને ઑપરેશન થિયેટરની અદ્યતન સુવિધા કરવામાં આવી છે. જેનો સૌથી વિશેષ લાભ વિકલાંગ બાળકો લઈ રહ્યાં છે.

## જીતુભાઈ મહેતાનું ઉત્તમ દષ્ટાંત

સમાજનાં નાના મોટા અનેક લોકોનાં યોગદાનથી આ હૉસ્પિટલનું નિર્માણ શકય બન્યું. તાજેતરમાં જ સંસ્થાનાં એક નિષ્ઠાવાન નાના કર્મચારી જીતેન્દ્ર ચંપકલાલ મહેતાએ જનરલ ઓ.પી.ડી. માટે રૂા. ૨,૫૦,૦૦૦/- ની સખાવત કરીને સમાજને ઉત્તમ દષ્ટાંત પૂરું પાડયું છે. તેઓએ બહેરાંમૂંગા શાળમાં વર્ષો સુધી મેનેજર (એકાઉન્ટ) ની જગ્યા ઉપર કામ કરીને સંસ્થાને આર્થિક સદ્ધર બનાવવા મહત્ત્વનું યોગદાન આપ્યું હતુ.



ડાબી બાજુથી પુત્રી ઉર્વશી, પાછળ ધ્વનિશકુમાર, પત્નિ મદૃલાબહેન, દાતા જીતુભાઈ મહેતા, પુત્રી જિજ્ઞા, પાછળ પંક્જકુમાર

# કરુણા મોટો ધર્મ - દાતા ખુશેન્દ્રભાઇ દેસાઇ



ખુશેન્દ્રભાઇ દેસાઇ



થોરૂન્નબહેન દેસાઇ

## પ્રેરણા લેવા જેવી કથા

આઈસલૅન્ડ, દુનિયાના નકશામાં એક નાનો એવો ટાપુ છે. જે ઈંગ્લેન્ડની ઉત્તર પશ્ચિમે સાવ નજીક આવેલો છે. તેનું પાટનગર રિકનીવિક છે. જયાં ચેસ રમતની આંતરરાષ્ટ્રીય મેચો રમાય છે અને તેના માટે પ્રખ્યાત છે. આ દેશ હિમાચ્છાદિત છે. પણ ત્યાં ગરમપાણીના ઝરા છે જે સ્વાસ્થ્ય માટે સારા છે. ભારત સરકારે ત્યાં આપણી એમ્બેસી ખોલી છે. નામ પ્રમાણે અતિ ઠંડો પ્રદેશ. દેશની વસતિ માંડ પાંચેક લાખની. તેમાં વર્ષોથી એક માત્ર ગુજરાતી ખુશેન્દ્રભાઈ દેસાઈ તેની સ્પેનીશ પત્ની થોરૂન્નબહેન, (જેનું અહીંનું નામ તોરલબહેન છે), અને તેમનો યુવાન પુત્ર ગુણવંત, પુત્રી એડ્ડા અને પૌત્ર બ્રાન્ડો સાથે રહે છે. કોઈ કહેશે કે દરેક પરિવારની હોય છે એવી આ સીધી સાદી વાત છે. એક પતિ, પત્ની અને તેના બાળકો ખાઈ, પી ને મજા કરે છે એમજ ને ? પરંતુ ના. આ દંપતીની કથા અહીંયાથી જ જુદી પડે છે અને તે પ્રેરણા લેવા જેવી છે.

## પતિ પત્નીના ધર્મ જુદા પણ...

ખુશેન્દ્રભાઈનું મૂળ વતન બગસરા. જન્મ મોસાળમાં સૌરાષ્ટ્રના નાનકડા ગામ વાંકિયામાં. પિતા જયંતીલાલ દુર્લભજી દેસાઈ (ઝાટકિયા) અને માતા વસંતબેન. પરિવાર ધંધાર્થે સિંગાપુર જઈ વસ્યો. ખુશેન્દ્રભાઈ એન્જિનિયર બનીને લંડન અને ત્યાંથી આઈસલૅન્ડમાં સ્થાયી થયા. ત્યાં કામકરતા-કરતા પ્રેમપાંગર્યો અને થોરૂન્નબહેન સાથે પ્રભુતામાં પગલાં માંડયા. પતિ સ્થાનકવાસી જૈન, પત્ની ક્રિશ્ચિયન અને આમબંનેના ધર્મ જુદા પરંતુ માનવતાવાદી અભિગમમાં બંને એક!

આઈસલૅન્ડમાં દુનિયાભરના પ્રવાસીઓ આવે. ખુશેન્દ્રભાઈ ગુજરાતી જીવ. નોકરી મૂકીને હેન્ડિક્રાફ્ટનો શો રૂમ કર્યો. પતિ, પત્ની બંને લાગી પડયા ધંધામાં. એ લાગી પડયા તે કેવા લાગી પડયા ? એક દિવસ રતન તાતા અહીં કોઈ ગુજરાતી છે કે નહીં એમ પૂછતાપૂછતા ખુશેન્દ્રભાઈની દુકાનમાં આવી ચડયા. એ ગયા પછી કોઈએ કહ્યું: ‘તમને ખબર છે? તમારી દુકાનમાં આજે ઈન્ડિયાના એક મોટા ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ રતન તાતા આવી ગયા.’ ખુશેન્દ્રભાઈ: ‘કહે મારે ત્યાં કેટલાય ગ્રાહકો આવે છે, હું કેટલાનું ધ્યાન રાખું!’ આવા બિન્ધાસ્ત! પણ મહેનત રંગ લાવી અને થયા બે પાંદડે.

## સાસુ-વહુની ગજબની જોડી

આવા ખુશેન્દ્રભાઈને તેની માતા વસંતબેન માટે અનહદ પ્રેમ. છેલ્લા કેટલાય વર્ષથી ખુશેન્દ્રભાઈ અને તેની આ વિદેશી પત્ની પરિવારને મળવા આઇસલૅન્ડથી સિંગાપુર જાય. પછી વૃદ્ધ માતા વસંતબહેનને લઈને મુંબઈ બહેન જસ્મિનના ઘરે આવે. ત્યાંથી રાજકોટ, ગોંડલ, બગસરા, ભાવનગર વગેરે જગ્યાએ સગાં-સંબંધી, દેવ મંદિર, ઉપાશ્રય અને મહાસતીજીનાં દર્શન

કરાવે અને દાનનો પ્રવાહ પણ વહેવડાવે. પ્રતિ વર્ષ ગોઠવાતી આ મુસાફરીમાં સાસુવહુની જોડી ગજબની જામી ગઈ. થોરૂન્નબહેન સાસુ વસંતબહેનની સગી માની જેમ સેવા ચાકરી કરે. ઇંગ્લિશ મેડમ માટે આપણા સમાજમાં એક લઘુતાગ્રંથિ તો છે જ અને એમાં વળી સાસુ અને વહુ! હું જોતો જ રહી ગયો. મનમાં થયું આ સપનું છે કે સાચું ? થોરૂન્નબહેન સાસુના માથામાં તેલ નાખીને વાળ ઓળે, નેઇલકટરથી નખ કાપે, કપડાં સંવારીને સાસુમાને વ્હિલચેરમાં બેસારી જાતે દોરવીને ફેરવે! પાછા આ સાસુવહુ એકબીજાની ભાષા તો જાણે નહીં પરંતુ બંનેના હૃદયની ભાષાએ બધા બેરિયર વટાવી દીધાં હતાં. એ જયાં જાય ત્યાં તેને જોવા સ્ત્રીઓ ટોળે વળે. લોકોને કૌતુક થાય. કહે આવું તો કયાંય જોયું નથી, તો કોઈ કહે સાસુ નસીબદાર છે.

**સાસુવહુની જોડી ગજબની જામી ગઇ. ઇંગ્લિશ મેડમ માટે આપણા સમાજમાં એક લઘુતાગ્રંથિ તો છે જ અને એમા વળી સાસુ અને વહુ !**

## પ્રાર્થનાસભાનો સિલસિલો

૧૯૯૫ માં આ સેવામૂર્તિ દંપતીનો મારા ભાઈ અશ્વિનના ઘરે ભેટો થઈ ગયો. અશ્વિનની પત્ની ભાવના ખુશેન્દ્રભાઈના ફૈબાની દીકરી થાય. એ આવ્યા હતા તો મળવા, ત્યાં ભાવનાએ ખુશેન્દ્રભાઈને અમારી વિકલાંગોની સંસ્થાની વાત કરી. મને મળવા બોલાવ્યો. આ દંપતીનો સાવ સાદો ભારતીય વેશ પરિધાન, હૉટલને બદલે સગાંસંબંધી મિત્રોના ઘરે ઉતારો, શુદ્ધ શાકાહારી ભોજન, તેમાં પણ ખુશેન્દ્રભાઈ તો દિવસમાં એક વખત સાંજના જ જમે. વચ્ચે આચરકૂચર કાંઈ નહીં અને સસ્તામાં સસ્તી મુસાફરી શોધીને ફરવાનું. શોખ તો કહે સગાસંબંધીઓને મળીને ખબરઅંતર પૂછવાનો ! જાણીને મને કુતૂહલ થયું. તેમાંથી અમારી દોસ્તી થઈ. હું તેમને અંકુર સંસ્થા જોવા લઈ ગયો. શાળા, કૅમ્પસનું સ્વચ્છ અને સુંદર વાતાવરણ તેમને ગમી ગયું અને વિકલાંગ બાળકોને જોઈને તેમની આંખો ભીંજાણી, સંવેદના જાગી. ૮ માર્ચ ખુશેન્દ્રભાઈના પિતાની મૃત્યુ તિથિ હતી, તેમણે સંસ્થામાં પ્રાર્થનાસભા કરાવી અને સવા ત્રણ લાખ રૂપિયાનું પ્રથમદાન આપ્યું. પછી તો દાનનો આ સિલસિલો ચાલુ થયો. ખુશેન્દ્રભાઈ લગભગ દર વર્ષે તેમની ટુરમાં ભાવનગરનો સમાવેશ કરે. અગાઉથી તેમની પસંદગીના ભજન ‘ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહીં’, ‘ચલોચલે માં સ્વપ્નો કે ગાંવ મેં’, ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ વગેરેનું લિસ્ટ મોકલાવે. મફતભાઈના માર્ગદર્શન નીચે નેહલબહેન ગઢવી, ભાવનાબહેન મહેતા વગેરે કર્ણપ્રિય ભજનોનું આયોજન કરે અને અંકુરમાં તેમના દાનથી બનેલા કૉમ્યુનિટી હોલમાં પ્રાર્થનાસભા થાય.

## બુંદબુંદ બને સાગર

આમ કરતાં કરતાં આજે ૨૫ વરસ થયાં. શાળાઓના વર્ગખંડો, ગેસ્ટ રૂમ, ફેન્સિંગ વોલ, ઓટો રીફરેકટોમીટર, મેટ્રિક



થેરાપી મશીન અને બાળકોના કપાયેલા હોઠ, તાળવામાં કાણું, કોકલિયર ઈમ્પ્લાન્ટ જેવી માઈક્રો સર્જરી. અદ્યતન લુમેનાર એર ફ્લો ઑપરેશન થીયેટર વગેરે માટે ખુશેન્દ્રભાઈએ 'બુંદબુંદ બને સાગર' ની જેમ અત્યાર સુધીમાં સવા કરોડ રૂપિયાનું માતબર દાન કર્યું.

તો થોરૂન્નબહેન કેમ પાછળ રહે?! પોતાની માતા લોરા અને પિતા ડેનિયલની સ્મૃતિમાં ખિસ્સા ખાલી થઈ જાય ત્યાં સુધી યોગદાન કરવામાં તેણે પાછી પાની કરી નહીં.



જયંતીલાલ દુર્લભજી દેસાઇ



વસંતબહેન જયંતીલાલ દેસાઇ

## કરુણા મોટો ધર્મ

પરંતુ સમય સમયનું કામકરે છે. તેમની વ્હાલસોયી માતા વસંતબહેનના નિધનથી ખુશેન્દ્રભાઈને ઊંડો આઘાત લાગ્યો. હજુ આ ઘા રૂઝાયો ન હતો ત્યાં પત્ની થોરૂન્નબહેનનું તા. ૧૨-૦૩-૧૬ ના નિધન થયું. હવે ખુશેન્દ્રભાઈ ભાંગી પડયા. પિતા, માતા અને પત્ની ત્રણેયની એક સાથે યોજાતી પ્રાર્થનાસભામાં તે આવે તો છે પણ ઉમંગ અને ઉત્સાહ ખૂટે છે. ખુશેન્દ્રભાઈને મન કરુણા મોટો ધર્મ છે, 'મને તમારું આ કરુણાનું કામ ગમે છે એટલે જ હું આવું છું, પણ હવે કયાં સુધી આવી શકીશ એ તો ઈશ્વર જાણે.' આ વખતે અમે છૂટા પડયા ત્યારે ભગ્ન હૃદયે બોલાયેલા તેમના આ શબ્દો મારા કાનમાં હજી ગુંજે છે. તેમનો એક મોટો પ્રોજેકટ સંસ્થામાં પૂર્ણતાના આરે છે. તે જાન્યુઆરી ૨૦૨૦માં ઉદ્ઘાટન માટે તૈયાર થશે. મેં કહ્યું: 'એ કાર્યક્રમમાં તમે જરૂર આવજો.' જવાબમાં એક ઊંડા નિઃસાસા સાથે સ્મિત!




અંકુરમાં કોમ્યુનિટી હોલનું લોકાર્પણ ડાબી બાજુથી બીજા ખુશેન્દ્રભાઇ, થોરૂન્નબહેન અને માતા વસંતબહેન વગેરે

**મને તમારું આ કરુણાંનું કામ ગમે છે. એટલે જ હું આવું છું પણ હવે કયાં સુધી આવી શકીશ એ તો ઇશ્વર જાણે.**

# સહાય કરતાં સફળતા મોટી

## લડાયક માણસ

ડૉ.જીંજર વિલ્સન લડાયક માણસ હતા. બીજા વિશ્વયુદ્ધમાં તેમણે ટેન્ટમાં સૈનિકોની સર્જરી કરી હતી. યુદ્ધના ધોરણે ચાલતા પોલિયો કેમ્પ જોઈને તેમને તેનો ભૂતકાળ યાદ આવી ગયો. અમારે ત્યાં નિઃસ્વાર્થભાવે, સમાજના છેવાડાના બાળકોને તેના પગ પર ખડા કરવાની ચાલતી સર્જરીથી, તે બહુ પ્રભાવિત થયા. સાથોસાથ નીજી સ્વાર્થ માટે વિરોધ કરનારા વિઘ્નસંતોષીઓના ઈરાદા પણ તેમની સમજમાં આવી ગયા.

## આંતરરાષ્ટ્રીય માન્યતા

ડૉ.જીંજર વિલ્સને લંડન પહોંચીને અમને સપોર્ટ કરવા જોરદાર રજૂઆત કરી. પછી ઈમ્પેકટ ફાઉન્ડેશન (યુ.કે.)એ પોલિયોના એક દર્દીના ઑપરેશન માટે ૫૦ % ના ધોરણે એટલે ૨૦ પૌંડ (રૂા. ૧૦૦૦)ની સહાય મંજૂર કરી. આ સહાયમાં કલોલ, સાવલી, લક્ષ્મીપુરા અને ડુંગરપુરના કેમ્પ સામેલ હતા. સહાય કરતા, WHO અને UNICEF સાથે સંકળાયેલી ઈમ્પેકટ ફાઉન્ડેશન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાની માન્યતા મળી તે સફળતા મોટી હતી.

## ગણેશજીના ચાહક

ડૉ.જીંજર વિલ્સનની પહેલી વિઝિટને હજુ તો બે વરસ થયા હતાં ત્યાં તેનો ઈ-મેલ આવ્યો. 'માઉન્ટ આબુમાં ઑર્થોપેડિક સર્જનોની કૉન્ફરન્સમાં આવું છું, તમે મને ત્યાંથી પીક અપ કરો. પોલિયોના ઑપરેશનથી કોને કેવો ફાયદો થયો છે તેનો મારે જાતે અભ્યાસ કરવો છે.'

૧૧ થી ૨૧ સપ્ટે.૯૨ એમ દસ દિવસ ડૉ.જીંજર વિલ્સન અમારી સાથે રોકાયા. હું, કાંતિકાકા અને વ્યાસભાઈ વગેરે આબુ રોડ પહોચ્યા. માઉન્ટ આબુ અમે અડધું ચડયા, ત્યાં ડૉ.જીંજર વિલ્સન સામા મળ્યા. અમે પાછા નીચે ઉતર્યા. તેને અમારા વાનમાં લીધા; અને અંબાજીનો રસ્તો પકડયો. અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો હતો. હજારો માણસો માતાજીના દર્શન કરવા હાથમાં ધજા લઈને પગપાળા ચાલી રહ્યા હતા. એ જોવાની ડૉક્ટરને ભારે મજા આવી. દર્શનાર્થીઓનો એટલો ભારે ટ્રાફિક હતો કે અઢી કલાકનો અંબાજીનો રસ્તો કાપતાં







ઑપરેશનથી સારૂ થઇ ગયુ છે.
ફેંકી દયો કેલિપર - ડૉ. વિલ્સન

અમને છ કલાક લાગ્યા. ડૉ.જીંજર વિલ્સને હિન્દુ ધર્મ અને દેવી દેવતાઓ અંગે ઘણાં પ્રશ્નો કર્યા, અમારી સમજ મુજબ તેમને જવાબો આપ્યા ત્યારે ખબર પડી કે એ ગણેશજીના ચાહક છે. ઑપરેશનમાં જાય ત્યારે હંમેશાં ગણેશની મૂર્તિ ખિસ્સામાં રાખતા. હાથીનું નાક માનવી ઉપર લગાડવાની સર્જરી મેડિકલના અભ્યાસમાં તેને બહુ દિલચસ્પ લાગી હતી. ગણેશજીમાં ડૉ.જીંજર વિલ્સનનો રસ જાણ્યા પછી દરેક વખતે તેમને ગણેશજીની મૂર્તિ ગિફ્ટમાં આપતા અને એ બહુ રાજી થતા. આ પ્રવાસમાં ડૉ.જીંજર વિલ્સન ઈડર, ખેડબ્રહ્મા, લક્ષ્મીપુરા, ડુંગરપુર વગેરેમાં દાતાઓ, ડૉક્ટરો, સંસ્થાઓના કાર્યકરોને મળ્યા. સાથોસાથ ઑપરેશન કરેલા પોલિયોના દર્દીઓમાં કોઈના ઘરે, તો કોઈની સ્કૂલમાં તેને જોવા ગયા. આ બધામાં તેને બે કેસમાં બહુ રસ પડયો. તેની સકસેસ સ્ટોરી બનાવડાવી, ફોટા સાથે યુ.કે. લઈ ગયા. તે વાંચીને ઘણાં લોકોના યુ.કે. થી પત્રો આવ્યા. એ સ્ટોરી હતી. 'કન્હૈયા અને નાથીની'.

**ડૉ. જીંજર વિલ્સને હિન્દું ધર્મ અને દેવીદેવતાઓ અંગે ઘણાં પ્રશ્નો કર્યા. એ ગણેશજીના ચાહક છે. હાથીનું નાક માનવી ઉપર લગાડવાની સર્જરી મેડિકલના અભ્યાસમાં તેને બહુ દિલચસ્પ લાગી હતી.**

# કનૈયા નહીં કન્હૈયા

## કન્હૈયા ભીખ પણ માગે છે અને ભણે પણ છે.

**અભણ ગામડિયા જેવો લાગતો આ દર્દી પોતાના નામનો અંગ્રેજી સ્પેલિંગ સુધરાવે એ જોઇને નવાઇ લાગી.**


'મેરા નામ કનૈયા નહી કન્હૈયા લિખીએ.' ડુંગરપુરના પોલિયો ફોલોઅપ કેમ્પમાં દર્દીઓનાં ટોળાં વચ્ચે લાલ ખમીશ, કાળું પૅન્ટ, પગમાં કેલિપર અને બે હાથમાં ઘોડી લઈને ઊભેલો સશક્ત બાંધાનો, ભરાવદાર ચહેરાવાળો પંદર વર્ષનો આદિવાસી છોકરો કેસ લખનારને કહી રહ્યો હતો. લઘરવઘર અભણ ગામડિયા જેવો લાગતો આ દર્દી,પોતાના નામનો અંગ્રેજી સ્પેલિંગ સુધારાવે એ જોઈને નવાઈ લાગી. શું ચાલી રહ્યું છે એ જોવા હું એ બાજુ વળ્યો. 'કયા તકલીફ હૈ ?' મેં પૂછ્યું.

'મેરા નામ કન્હૈયા હૈ, યે લોગ કનૈયા લિખતે હૈં, વહ ગલત હૈ' તેણે આત્મવિશ્વાસ સાથે કહ્યું. 'અચ્છા તુમ પઢતે હો કયા ?' 'હાં, આઠવી શ્રેણીમેં પઢતા હૂં.' સાંભળીને મારું આશ્ચર્ય વધી ગયું. 'કહાં કે રહેનેવાલે હો ?' 'બડોદ સ્કૂલ કિતની દૂર હૈ કાફી દૂર હૈ ફિર ભિ કિતની મુઝે બતા', તેણે કહ્યું.'કરીબ ડેઢ કિલોમીટર હૈ, સા'બ !'

તેની આ વાત સાંભળીને પહેલાં તો હું માની જ ન શકયો. એક તો આદિવાસી, જે સામાન્ય રીતે ભણતા નથી. વળી, આ તો બંને પગે અપંગ, વરસ દિવસ પહેલાં અહીં પોલિયો કૅમ્પમાં તેના બંને પગે પાંચ છ ઓપરેશન કર્યાં હતાં. તે પહેલાં તો તે પશુની જેમ ચાર પગે ચાલતો હતો. ઘરમાં તેનો બાપ, મા અને બીજા ત્રણ ભાઈબહેનો સૌ મજૂરી કરતાં હતાં. કન્હૈયાને તેના બાપે બસ સ્ટૅન્ડ ઉપર ભીખ માગવા મૂકી દીધો ત્યારે તેણે બાપને એમ કહીને મનાવી લીધો કે,'હું ભીખ પણ માગીશ અને ભણવા પણ જઈશ.' તેનો બાપ કે મોટોભાઈ તેને પીઠ ઉપર ઉપાડીને બસ સ્ટૅન્ડ ઉપર અને નિશાળે મૂકી આવતા. આજે પોલિયો ઑપરેશન પછી તે પોતાના પગ ઉપર ચાલે છે, કોઈના સહારાની જરૂર નથી પડતી 'સ્કૂલ મેં અબ તુઝે કૈસા લગતા હૈ ?' એમ જયારે તેને પૂછવામાં આવ્યું, ત્યારે કન્હૈયો ગર્વ સાથે બોલી ઊઠયો, ,'પહેલે સબ લડકે મુઝે સતાતે થે, અબ મૈં સબ કો સતાતા હૂઁ, ખેલતા હૂઁ, દોડતા હૂઁ, સબ કા પીછા કરતા હૂઁ,' 'તુમકહાં તક પઢોગે ?' તો કહે, 'જબ તક નોકરી મીલે.' મતલબ નોકરી માટે તેને કાબેલ થવું હતું, એ તેની મહત્ત્વાકાંક્ષા હતી. ઑપરેશન પછી પણ તે ભીખ માગી લે છે અને ભણે પણ છે. કયો આત્મવિશ્વાસ આ ગરીબ અબુધ આદિવાસી છોકરાને, પોતાનું ભવિષ્ય બનાવવા માટે સંઘર્ષ કરવાની પ્રેરણા આપતો હશે ? તેનો પ્રત્યુત્તર મેળવવા હું મંથન કરતો રહ્યો. જેનો ઉકેલ આજ સુધી મળ્યો નથી. ૩ ડિસે. ૨૦૧૮ ના રોજ ડુંગરપુરના કાર્યકર વિનોદભાઈએ સમાચાર આપ્યા કેઃ 'કન્હૈયો હવે તેના ગામની સ્કૂલમાં શિક્ષક બની ગયો ને તેના લગ્ન પણ થઈ ગયા છે.'



# નાથી 'હાઉ સ્વીટ' !



નાથી પોલિયો ઑપરેશન પછી

બે વરસ પછી ડૉ.જીંજર વિલ્સન ફરીથી પોલિયો કેમ્પ જોવા આવ્યા ત્યારે તેને લઈને અમે હિંમતનગરથી ડુંગરપુર જઈ રહ્યા હતા. રસ્તામાં ગુજરાત-રાજસ્થાનની બોર્ડર ઉપર એક ગામડું આવે. તેમાં ઑપરેશન કરેલ એક પેશન્ટ 'નાથી' હતી. એ ગામ બહુ અંદર હતું અને રસ્તો ખરાબ. અમે તેને ડ્રૉપ કરવાનું વિચારતા હતા ત્યાં ડૉ.જીંજર વિલ્સન કહે,' મારે એ છોકરીને જોવી છે.' શોધતાં શોધતાં તેના ઘરે તો પહોંચ્યા, પરંતુ નાથી ઘરે ન હતી તે પાણી ભરવા ગઈ છે, હમણાં આવશે એમ ઘરમાંથી જવાબ મળ્યો. વિચાર કરતાં તેના ઘરની ગલીમાં તેની રાહ


**નાથી ઘરે ન હતી તે પાણી ભરવા ગઇ છે. હમણાં આવશે એમ ઘરેમાંથી જવાબ મળ્યો. અમારા આશ્ચર્ય વચ્ચે થોડીવારમાં ગલીના સામે છેડે નાથી દેખાણી. માથે પાણીની પિત્તળની ચળકતી બે હેલ. પોલિયો સર્જરીની આવી અદ્‌ભૂત સફળતા ડૉ. જીંજર વિલ્સનના માન્યામાં આવતી ન હતી.**

જોતા ઊભા હતા. અમારા આશ્ચર્ય વચ્ચે થોડીવારમાં ગલીના સામે છેડે નાથી દેખાણી. માથે પાણીની ભરેલી પિત્તળની ચળકતી બે હેલ. તે દૂરથી અમને ઓળખી ગઈ, તેની આંખો ચમકી. મોઢું મલકાયું. અમે સામે ગયા. પોલિયો સર્જરીની આવી અદ્‌ભૂત સફળતા, ડૉ.જીંજર વિલ્સનના માન્યામાં આવતી ન હતી. એ તો તેના કેમેરામાં નાથી ના ફોટા ઉપર ફોટા પાડવા માંડયા. ફોટો પાડે અને બોલી ઊઠે, 'હાઉ સ્વીટ'.

## વિલ્સન નાચી ઉઠ્યા

ઈંગલેન્ડમાં પોલિયોનો રોગ વર્ષો પહેલાં નાબૂદ થઈ ગયેલો હતો, એટલે ડૉ.જીંજર વિલ્સને પોલિયો વિશે પુસ્તકો લખેલા, પરંતુ તેના ભાગે પોલિયોના દર્દીની ટ્રીટમેન્ટ આવી ન હતી. નાથી ના કેસની સફળતા તેની કલ્પના બહારની હતી. ફોટા પડાવતાં પડાવતાં નાથી તેના ઘર નજીક આવી, એટલે ડૉ.જીંજર વિલ્સને તેના માથેથી પાણીની એક હેલ ઉતારી, પોતાનાં માથે મૂકી અને તે આનંદ વિભોર બનીને નાચી ઊઠયા.

૧૯૯૯ના ફોલોઅપમાં સમાચાર મળ્યા કે નાથીને જીવનસાથી મળી ગયો છે. ઘર ચલાવવા મજૂરીકામકરે છે ને સાથોસાથ પોતાનાં બાળકોને ઉછેરે છે.



ઑપરેશનની સફળતા જોઇને ડૉ. વિલ્સન નાચી ઊઠયા

# શ્રીમતી કલેર હિકસ વણથંભી વિકાસકૂચના સાથી



## તાણાવાણા ગૂંથવાનું કામ

વિકલાંગતા માટે જવાબદાર કહી શકાય એવા રોગોની નાબૂદી એ સર જોન વિલ્સનનું સ્વપ્ન હતું. આ સ્વપ્નને સાકાર કરવા તેમની પુત્રી શ્રીમતી કલેર હિકસે ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. માં ચીફ એક્ઝિક્યુટિવ રહીને કમર કસી હતી. ભારતમાં ઈમ્પેકટ ઈન્ડિયા બ્રાન્ચ છતાં પી.એન.આર. ને પાર્ટનરનો દરજ્જો આપીને સર જોન વિલ્સને તેની દીર્ઘદૃષ્ટિનો સંકેત આપી દીધો હતો. હવે આ બે સંસ્થા વચ્ચે તાણાવાણા ગૂંથવાનું કામ સરજોન વિલ્સને પોતાની પુત્રી કલેર ઉપર છોડયું હતું.

**ભારતમાં ઇમ્પેકટ ઇન્ડિયા બ્રાન્ચ છતા પી.એન.આર ને પાર્ટનરનો દરજ્જો આપીને સર જોન વિલ્સને તેની દીર્ઘદષ્ટિનો સંકેત આપી દીધા**

પીડિતોના કલ્યાણ માટે Becacon Price for Family Philanthropy તથા ‘મેમ્બર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર’ ના ઍવોર્ડથી સન્માનિત આ જાજરમાન મહિલા, ઈમ્પેકટ સાથે પોલિયો સર્જરીનું કામ શરૂ થયા પછી માર્ચ ૧૯૯૪માં પહેલાવહેલા સંસ્થાની મુલાકાત માટે ભાવનગર આવી પહોંચ્યાં. સાથે આસિસ્ટન્ટ જુડી સ્ટેગ પણ હતી. ત્રણ દિવસના રોકાણ દરમ્યાન તેમણે પોલિયો ઑપરેશન કેમ્પ જોયો, ઑપરેશન કરેલા દર્દીઓના ઘરની મુલાકાત કરી અને સંસ્થાના કૃત્રિમ સાધનોના વર્કશોપની મુલાકાત લઈને સંતોષ વ્યકત કર્યો. ત્યાર પછી પાર્ટનરશિપ પ્રોગ્રામને આગળ વધારવા ઈમ્પેકટ શું સહાય કરી શકે તેની ખુલ્લા મને ચર્ચા કરીને આગળના પ્લાનિંગની વાત કરી. ત્રણ દિવસના આ રોકાણ દરમ્યાન વિરલ વ્યક્તિત્વની સ્વામિની એવી કલેર હિકસે તેના સાદા સરળ સ્વભાવથી સૌનાં મન જીતી લીધાં.

## સંબંધો ભાઇ બહેનના

તેની વિદાયના છેલ્લા દિવસે તળાજામાં જૈન મંદિરો અને બૌધ ગુફાઓનો યાદગાર પ્રવાસ અમે કર્યો. અમારી વાતવાતમાં મૈત્રી દૃઢ બની. મેં કલેરને બહેન કહેવાનું અને તેણીએ મને બાબાભાઈ કહેવાનું શરૂ કર્યું. અમારા આ ભાઈબહેનના સંબંધોના તાણાવાણાથી બે સંસ્થાઓ વચ્ચે મજબૂત સંબંધોના બીજ રોપાયાં. પછી વર્ષોવર્ષ ઈમ્પેકટની સહાય વધતી ચાલી. તો પી.એન.આર. એ પણ ઈમ્પેકટની અપેક્ષા કરતા સવાયા લક્ષ્યાંકો સિદ્ધ કરીને બતાવ્યા.



**બે સંસ્થા વચ્ચે તાણાવાણા ગૂંથવાનું કામ સર જોને કલેર ઉપર છોડયુ હતુ.**



ગ્રામ્ય શિબિરમાં કલેર હિક્સ



મહુવામાં પોલિયો રેલીને ફલેગ ઓફ આપતાં
ડૉ. સરધારવાલા બાજુમાં કલેર હિક્સ

## કચ્છનો ધરતીકંપ

૨૦૦૧માં કચ્છના ધરતીકંપથી દુનિયામાં હાહાકાર મચી ગયો. બી.બી.સી.ના સમાચાર જોઈને કલેરબહેનનું હૃદય દ્રવી ઊઠ્યું. રાત્રે જ ફોન જોડીને તાબડતોબ રાહત કામગીરી શરૂ કરવા અને પૈસાની ચિંતા નહીં કરવા કહ્યું. અમે કચ્છમાં દોઢ વરસ સુધી ટેન્ટ હૉસ્પિટલ અને ચાર રિહેબિલિટેશન સેન્ટર ચલાવ્યાં અને ગાંધીધામમાં 'ટ્રેન ઑન વ્હિલ્સ' લાવી શકયા તે ઈમ્પેકટની જ દેન હતી. જાન્યુઆરી ૨૦૦૨માં કલેરબહેન ઈમ્પેકટના ચેરપર્સન લેડી પ્રાન્સ તથા એલિઝાબેથ અને ડૉ.માઈકેલ વગેરેને પી.એન.આર.ની પ્રવૃત્તિ બતાવવા લઈ આવ્યાં. મહુવામાં ભવ્ય પોલિયો રેલીનું આયોજન કર્યું. સાથોસાથ મોટી જાગધાર અને પાંચપીપળામાં મહિલા શિબિર તથા ઘોઘામાં CBR અને રૂબેલા વેકિસનેશન વગેરે કાર્યક્રમ બતાવીને તેમને ગાંધીધામ અને ભૂજમાં ચાલતી ધરતીકંપ પછીની પુનઃસ્થાપનની કામગીરી બતાવવા લઈ ગયાં. ત્યાંના હૃદયદ્રાવક દૃશ્યો જોઈને તેઓ ભારે હૈયે યુ.કે. પાછાં ગયાં.

**અમે કચ્છમાં દોઢ વરસ સુધી ટેન્ટ હૉસ્પિટલ અને ચાર રિહેબિલિટેશન સેન્ટર ચલાવ્યાં અને ગાંધીધામમાં ટ્રેન ઓન વ્હિલ્સ લાવી શક્યા તે ઇમ્પેકટની જ દેન હતી.**

## મહત્વનું યોગદાન

ફરી ૨૦૦૩ તથા ૨૦૦૮માં તેઓ ઈમ્પેકટના નવા વરાયેલા ચેરમેન ડેવીડ વોકરને લઈને ભાવનગર આવ્યાં ત્યારે તળાજા, પાવઠી વગેરેમાં 'સેફર મધરહુડ' વગેરે કાર્યક્રમનું આયોજન કર્યું. કલેરબહેનને પી.એન.આર. ના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં અનહદ શ્રદ્ધા હતી. ડૉ.સરધારવાલા સાથે ચર્ચા કરીને અમે જે પ્રોજેકટ બનાવીને મોકલતા તે આંખો મીંચીને મંજૂર કરી આપતાં. ઈમ્પેકટની કરોડોની સહાય ઉપરાંત ઈંગ્લેન્ડથી તે દર વર્ષે મોટામોટા ફિલાનથ્રોપિસ્ટોના ગ્રૂપને ભાવનગર મોકલતા અને તેને પૈસા આપવા સમજાવતાં. આ રીતે ત્રણ દાયકાની વણથંભી વિકાસકૂચમાં સાથી કલેરબહેનનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

## જુડી સ્ટેગ



કલેરબહેનની નિવૃત્તિ પછી જુડી સ્ટેગે તેનો ચાર્જ સંભાળ્યો. વર્ષો સુધી કલેર સાથે રહીને એ બરાબર તૈયાર થઈ ગયાં હતાં. તેણે સંસ્થા સાથે સહકારથી કામ કરવાની ઈમ્પેકટની પરંપરા જાળવી રાખી. તેના કારણે પી.એન.આર.-ઈમ્પેકટની નાવ કિનારે પહોંચી.

# જોન હાટઃ ફ્રી લાન્સ જર્નાલિસ્ટ





## વિશ્વના ફલક પર

અમારી પોલિયોની ઝુંબેશની માહિતી આમઆદમી સુધી પહોંચે, સમાજમાં જાગૃતિ વધે, અને દાતાઓની સંવેદના જાગે, તે માટે પ્રેસ અને મીડિયાના ઉપયોગને પ્રાધાન્ય આપતા હતા. સર જોન વિલ્સન, પોલિયો કરેક્ટિવ સર્જરીની ઝૂંબેશને વિશ્વના ફલક ઉપર મૂકવાનું જરૂરી સમજતાં હતાં. તે માટે તેમણે ઘણાં પ્રયત્ન કર્યા. તેમાંનો એક યાદગાર પ્રસંગ હતો, જોન હાટ, લંડનના ફ્રી લાન્સ જર્નાલિસ્ટને ભાવનગર મોકલવાનો.

## ધી ટ્રોપીકલ ટ્રાવેલર

જાણીતા બ્રિટિશ પત્રકાર ટ્રાવેલ રાઈટર, જોન હાટે, દુનિયાના સો જેટલા દેશોમાં ફરીને સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત કરી હતી. તેની 'ધી ટ્રોપીકલ ટ્રાવેલર' નામની લેખમાળા યુરોપમાં બહુ લોકપ્રિય થઈ હતી. સર જોન વિલ્સનની સલાહ મુજબ ૬ થી ૧૬ એપ્રિલ ૯૬, જોન હાટ ૧૦ દિવસ સાથે રહ્યાં. તેની મુલાકાતનો હેતુ સંસ્થાની પોલિયોની પ્રવૃત્તિઓની જાતમાહિતી મેળવીને તેના અસરકારક અમલમાં શું મદદ થઈ શકે તે જોવાનો અને લખવાનો હતો. આ માટે તેણે સંસ્થાના નિદાન કૅમ્પ, કેલિપર વિતરણ, ફિઝિયોથેરાપી, સેરીબ્રલ પાલ્સી અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર, કૃત્રિમસાધનો બનાવવાનું વર્કશોપ વગેરેની મુલાકાત કરીને માહિતી એકઠી કરી. ઉપરાંત ધોમધખતા તડકામાં ભાલ પંથકના ગામડાંઓમાં ફરીને પોલિયોની સર્જરી કરાવી ગયેલાં બાળકોના ઘરની વિઝિટ કરીને તેને, ઑપરેશનથી કેટલો ફાયદો થયો છે તેનો અભ્યાસ કર્યો. સાથોસાથ પોલિયોની રસીથી વિકસિત દેશોમાં નાબૂદ થયેલો આ રોગ ભારતમાં કેવી રીતે નાબૂદ થઈ શકે તે માટેના ઉપાયોની ચર્ચા કરી. સંસ્થા તરફથી મુંબઈમાં તેના માનમાં યોજાયેલા ફેરવેલ પ્રોગ્રામમાં પ્રવચન કરતાં જોન હાટે કહ્યું, 'આ સંસ્થા પોલિયો માટે જે અસરકારક કામગીરી કરે છે તેવી કામગીરી મેં બીજા કોઈ દેશમાં જોઈ નથી.'

## ઉત્તમદષ્ટાંત

જોન હાટનો આંખે દેખ્યો આ અહેવાલ, બહોળી પ્રસિદ્ધિ ધરાવતા યુ.કે. નાં 'ટેલિગ્રાફ' મૅગેઝિનમાં છપાયો. સંસ્થાની આ હ્યુમિનિટેરિયન એક્ટિવિટીમાં સહાય કરવાની જોન હાટની અપીલને સારો રિસ્પોન્સ મળ્યો. આ વાત ઘણાં લોકોનાં હૃદયને સ્પર્શી ને તેના પરિણામે વિદેશી મહેમાનો અને દાતાઓ સંસ્થા જોવા આવવા લાગ્યા. તેમાં જોન એસ્કેન્ઝી જેવા કેટલાક ફિલાનથ્રોપીસ્ટ, સંસ્થાનાં કાયમી શુભચિંતક અને દાતા બની ગયા.એક ફ્રી લાન્સ જર્નાલિસ્ટ શું કરી શકે, તેનું આ ઉત્તમ દષ્ટાંત છે.

પછી તો જોન હાટ સંસ્થાના દાતા અને શુભચિંતક બની ગયા. તેણે ઉદયપુરનાં પોલિયો ઑપરેશન કૅમ્પનાં કરાવ્યો. કચ્છનાં ધરતીકંપનો રિપોર્ટ લેવા પણ આવ્યા.

**આ સંસ્થા પોલિયો માટે જે અસરકારક કામગીરી કરે છે તેવી કામગીરી મેં બીજા કોઇ દેશમાં જોઇ નથી.**

# ડૉ. બ્રિન્ડા લક સાઇકલવાળી સ્વયંસેવિકા

## આંખનાં ભવાં ચડી ગયાં

એનું નામ ડૉ.બ્રિન્ડા લક. પાંત્રીસેક વરસની દૂબળીપાતળી બ્રિટિશ યુવતી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન સાથે વાત થયા મુજબ, ડિસે '૯૮ માં સ્ટડી ટુરમાં આવી પહોંચી. તેને ભારતમાં પોલિયોનો રોગચાળો, પીડિત બાળકો, તેની સારવાર, ફિઝિયોથેરાપી, કેલિપર્સ, ક્રચિઝની ક્વોલિટી, કરેક્ટિવ સર્જરી, રિહેબિલિટેશન અને પોલિયો નાબૂદી માટે ચાલતો પ્રિવેન્શન પ્રોગ્રામનો સ્ટડી કરવામાં રસ હતો. સ્વયંસેવક બનીને કામ કરતાં કરતાં અનુભવના આધારે, સ્ટડી કરવાનો તેનો પ્લાન હતો. કામ મોટું હતું અને તે રોકાવાની હતી ફક્ત એક મહિનો. એમાં વળી આ ઈંગ્લિશ મેડમ પછાત વિસ્તારમાં જઈને શું સ્ટડી કરશે? એમ કહીને અમારા સ્વયંસેવકો તેને અંડર એસ્ટિમેટ કરતા હતા. પરંતુ બીજા દિવસે ફ્રોકને બદલે પંજાબી ડ્રેસ અને બજારમાંથી નવી નક્કોર લેડિઝ સાઇકલ લઈને તે આવી ત્યારે બધાની આંખના ભવાં ચડી ગયાં. એ મહિલા છે, અજાણી છે, અને ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાં કામ કરવાનું છે અને પાછી આપણી મહેમાન છે, એટલે તેની સુરક્ષાની દ્રષ્ટિએ સાથે એક સ્વયંસેવક બેનને રાખવા અને તે સંસ્થાની ગાડીમાં જવા આવવાનું રાખે તેવી સૂચના આપેલી. પરંતુ પહેલે જ દિવસે તેણે, આ વિશેષ સુવિધાની કોઈ જરૂર નથી, એમ કહીને અમારો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. તેના ઉપરથી તેના આત્મબળ અને જુસ્સાનો ખ્યાલ આવી ગયો.

જોતજોતામાં એ બધામાં ભળી ગઈ અને સાઇકલવાળી બ્રિન્ડા મેડમના નામથી જાણીતી થઈ ગઈ. ભીલવાડા સર્કલ, કરચલિયા પરા, ખેડૂતવાસ, આનંદનગર, ભરતનગર જેવા શહેર ફરતા વિસ્તારોમાં એ ખભે બગલથેલો નાખીને, સાઇકલ ઉપર નીકળી પડતી. 'રસી પીવડાવો, પોલિયો હટાવો' ની પત્રિકા ઘેરઘેર વહેંચતી જાય. વળી, એ હતી રમૂજી સ્વભાવની અને બહુ મળતાવડી એટલે તેને ભાષાની કોઈ તકલીફ પડતી નહોતી. ઈશારાથી લોકોને સમજાવતી અને પોતે સમજતી. થોડા દિવસોમાં બધા મહોલ્લાઓમાં એ ઘેરઘરની જાણીતી થઈ ગઈ. એની આગળ પાછળ છોકરાઓનું ટોળું સૂત્રો બોલાવતું ચાલે, 'રસી પીવડાવો, પોલિયો હટાવો' માતાઓ ઘરનું બધું કામ પડતું મૂકીને તેને ઘેરી વળતી. તેને જોઈને લોકોને કૌતુક થતું અને બ્રિન્ડાનું કામ! પલ્સ પોલિયો હોય કે મોપ અપ રાઉન્ડ હોય, વધુમાં વધુ બાળકોને બૂથ ઉપર કોઈ લઈ આવતું હોય તો તે બ્રિન્ડા લક હતી.

એ પછી દસેક વરસ સુધી વારંવાર આવતી રહી. તેણે સંસ્થાના જુદાજુદા વિભાગોમાં અને જિલ્લાનાં ગામડાઓમાં પણ કામકરીને અનુભવ મેળવ્યો. તેનો જોમ, જુસ્સો અને લોકસંપર્ક કરવાની આવડત જોઈને અમારા સ્વયંસેવકોને ઘણું શીખવા મળ્યું. ભાવનગર જિલ્લામાં પોલિયો રસીકરણની સફળ કામગીરીમાં સાઇકલવાળી બ્રિન્ડા લકનો મહત્ત્વનો ફાળો રહ્યો.



# ભાવથી ભરેલા ટિફિન

## ભૂખ્યાં પેટની વેદના

સમાજમાં ઘણી વખત સાવ નાનું લાગતું કામપણ બહુ મોટું હોય છે. આવા કામની કિંમત પૈસામાં આંકી શકાતી નથી. એવું એક કામછે ભૂખ્યાને ભોજન!, ભરેલા



પેટે, ભૂખ્યાં પેટની વેદનાનો અનુભવ ન સમજાય. પોલિયોના દર્દીઓને રહેવાની વ્યવસ્થા અંધશાળામાં કરી, પછી સવાલ ઊઠયો ભોજનનો. રસોડું ન હતું. દર્દી ગામડાના. એક સાથે એક તો હોય જ. સવારસાંજ ખાવાનું તો જોઈએ. લોકસેવક ચૂનીકાકાએ સરકારી હૉસ્પિટલમાં, દર્દીના વાલીઓ માટે બહુ સરસ ટિફિન સેવા શરૂ કરી હતી. અમે તેનું અનુકરણ કર્યું.

## ૨૫૦૦ અન્નદાતા

સાકરદાદાએ, ત્રિકમભાઈ પટેલ, ભૂપતભાઈ ડાહ્યાભાઈ, અંધશાળાના ગૃહમાતા મિનાક્ષીબેન અને કૉલેજના એન.એસ.એસ.ના કેડેટને સાથે લીધા. મહિનામાં એક દિવસ એક ટિફિન, ઘરમાં જે રસોઈ કરી હોય, ભરી આપીને ભૂખ્યાને ભોજન કરાવે એવા ૨૫૦૦ અન્નદાતાઓના નામ નોંધ્યા. એરિયા મુજબ સ્વયંસેવક નકકી કર્યા. દર્દી અને સાથે તેના સગાની સંખ્યા ગણીને, વારા પ્રમાણે ઘરેઘરેથી સ્વયંસેવક ટિફિન ભરીને લાવી મૂકે. વળી ટિફિનવાળા છોકરાને અન્નદાતા હોંશેહોંશે એક રૂપિયો વાપરવા આપે. આમ, ભૂખ્યાને ભોજન મળવા લાગ્યું. છોકરાઓને કામ અને અન્નદાતાને એક દર્દી દેવને જમાડવાનો સંતોષ! આ ટિફિન યોજના ૩ જૂન ૯૧ ના રોજ મુ. માનભાઈ ભટ્ટ અને મુ. ચૂનીકાકાના આશીર્વાદ લઈને શરૂ કરી હતી. સંસ્થાની હૉસ્પિટલમાં આજે પણ આ યોજના કૌશિક પરમાર અને મેહુલ બુધેલિયા, વગેરેની દેખરેખમાં રમેશ પરમાર થકી ચાલે છે. પોલિયો ઓપરેશનના દર્દી ઘટવા લાગ્યા તો કમ્પ્યૂટરની તાલીમ માટે એ. ટી. ઍન્ડ ટી. ના પોલિયોગ્રસ્ત યુવક યુવતીઓની સંખ્યા વધવા લાગી. ટિફિનની જરૂરિયાત તો એવીને એવી આજે પણ છે.

## ભાવનાથી ભરેલા ટિફિન

આ નાના લાગતા કામમાં પચ્ચીસ વરસમાં છ લાખ જેટલા ટિફિન જરૂરતમંદ લોકોને નિઃશુલ્ક અપાયાં. આ ટિફિનમાં ભોજન સાથે અન્નદાતાઓની ભાવના ભારોભાર ભરેલી હતી, તેનું મૂલ્ય આંકી શકાય નહીં. 'ભૂખ્યાંને અન્ન' , એ આપણી સંસ્કૃતિનું પ્રદાન છે. વ્યવસ્થા ગોઠવીએ તો સમાજની ઘણી સમસ્યાઓ આમજ હલ થઈ જતી હોય છે, કોઈ કે શરૂઆત કરવી જોઈએ. દેશવિદેશના ઘણાં લોકો આ યોજના જોઈને, આનંદ સાથે આશ્ચર્ય વ્યકત કરે છે.

તા.ક. તા. ૨૪-૦૮-૨૦૧૯ ભાઈ રમેશ પરમારનું દુઃખદ અવસાન થયું. સંસ્થાને એક નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી.

**પચ્ચીસ વરસમાં છ લાખ જેટલા ટિફિન જરૂરતમંદ લોકોને નિઃશુલ્ક અપાયા. ટિફિનમાં ભોજન સાથે અન્નદાતાઓની ભાવના ભારોભાર ભરેલી હતી, તેનું મૂલ્ય આંકી શકાય નહીં.**

# શેર એન્ડ કેર અને હાર્ટ એન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ્ડ




## ટીપે ટીપે સરોવર ભરાય

અમેરિકામાં વસતા આપણાં ગુજરાતીઓએ માતૃભૂમિનું ઋણ અદા કરવા શેર ઍન્ડ કેર ફાઉન્ડેશન નામની એક સંસ્થાની સ્થાપના કરેલી છે. આ સંસ્થા ભારતમાં ગરીબ બાળકો અને મહિલાઓના અધિકાર, શિક્ષણ અને આરોગ્ય, સેનિટેશન અને હાઈજીન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને સહાય કરે છે. મફતકાકાએ આ સંસ્થાના પ્રેસિડેન્ટ વિજયભાઈ દલાલનો સંપર્ક અમને પચ્ચીસેક વરસ પહેલાં કરાવેલો. કેટલીક વખત આવી ઔપચારિક લાગતી ઓળખ ભવિષ્યમાં ઉપકારક બની રહે છે. થોડો પત્રવ્યવહાર અને દર વર્ષે નિયમિત રિપોર્ટ કરવાનું શરૂ કર્યું. એટલે કોઈ વરસ ડેફ, બ્લાઈન્ડ, એમ.આર. બાળકોના યુનિફોર્મ, હિયરિંગ એઈડ, તો કોઈ વરસ પોલિયો સર્જરી માટે લાખ બે લાખ રૂપિયા જેવી સહાય મળવા લાગી. દર વર્ષે શેર ઍન્ડ કેરના કોઈ ને કોઈ મેમ્બર ડિસેમ્બર-




**અમેરિકામાં વસતા આપણાં ગુજરાતીઓએ માતૃભૂમિનું ઋણ અદા કરવા શેર એન્ડ કેર નામની એક સંસ્થાની સ્થાપના કરેલી છે. મફતકાકાએ આ સંસ્થાના પ્રેસિડેન્ટ વિજયભાઈ દલાલનો સંપર્ક અમને પચ્ચીસેક વરસ પહેલાં કરાવેલો. કેટલીક વખત આવી ઓળખ ઉપકારક બની રહે છે.**

જાન્યુઆરીમાં ભારત આવે ત્યારે સંસ્થાની મુલાકાતે આવવા લાગ્યા. ત્યારે તેની પાસેથી ઘણું જાણવાનું મળ્યું. વિજયભાઈ દલાલ અને તેમના પત્ની આશાબહેન પછી જયંતભાઈ શ્રોફ અને તેમના પત્ની યોગિનીબહેન સંસ્થામાં ઘણી વખત આવ્યાં. જયંતભાઈ શ્રોફ પાસેથી મૅનેજમેન્ટ અને પ્લાનિંગ માટે ઘણુંઘણું શીખવા મળ્યું. જયંતભાઈ સાથે પ્રફુલ્લભાઈ શાહ તો હોય જ. તેમાંથી વિકલાંગો માટે એ. ટી. ઍન્ડ ટી. ટૅકનૉલૉજી પાર્ક-કૉમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટરનો વિચાર મૂર્તિમંત થયો. આજે તો તેમાંથી બે હજાર કરતાં વધુ વિકલાંગ યુવક યુવતીઓ તાલીમલઈને પગભર થઈ ગયા છે. ત્યાર પછી તો હવે પ્રફુલ્લભાઈ શાહ દર વર્ષે નિયમિત આવે છે.

આમ શેર ઍન્ડ કેર સાથે આ રીતે એક નાનકડી શરૂઆત થઈ, બે સંસ્થા વચ્ચે સંબંધો બંધાયા. વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું તો સંસ્થાને અત્યાર સુધીમાં રૂપિયા એક કરોડ પંદર લાખથી વધુ સહાય મળી. (૨,૫૧,૦૦૦ ડોલરથી વધુ) આ સહાય સંસ્થાઓને ઘણી ઉપયોગી નીવડી.

## 3H નું ડિનર ટેબલ ડોનેશન

અમેરિકામાં આવી જ એક બહુ ઓછી જાણીતી સંસ્થા છે ૩ H એટલે હાર્ટ ઍન્ડ હેન્ડ ફોર ધી હૅન્ડિકેપ્ડ. કેટલું સરસ મજાનું નામ! આ સંસ્થામાં બિનનિવાસી ભારતીયોમાં થોડા ગુજરાતીઓ અને વધુ



દક્ષિણ ભારતીયો છે. તેના પ્રોજેક્ટ કો-ઑર્ડિનેટર પદ્મા રીચવાલ્ડ સાથે પચ્ચીસેક વરસથી પત્રવ્યવહારથી જોડાયેલા છીએ. તે બહુ દયાળુ મહિલા છે. આ સંસ્થા ભારતમાં ૨૦૦ જેટલી વિકલાંગ બાળકોની સંસ્થાઓને સહાય કરે છે. ૩ H એ સંસ્થામાં પોલિયો સર્જરી માટે વર્ષે ૪૦૦૦ ડોલરની અનુદાનથી શરૂઆત કરી હતી. તેમાં ૨૦૦૦ ડોલર ભરતભાઈ આશરા આપતા. હવે પોલિયોના દર્દીઓ ઘટી જતાં સેરીબ્રલ પાલ્સી બાળકોની સર્જરી માટે સહાય કરે છે.


૩ H ને ઘણી વખત આમંત્રણ આપવા છતાં ખાસ કોઈ પ્રતિનિધિએ સંસ્થાની મુલાકાત લીધી નથી. સંસ્થાનો રિપોર્ટ અને લાભાર્થીના ફોટોગ્રાફ તેમના માટે પૂરતા છે. ચારપાંચ વરસ પહેલા ડૉ.રમેશભાઈ ઝવેરી અમેરિકાથી અચાનક જ આવી ચડયા. ડૉ.ઝવેરી ન્યુરોલોજિસ્ટ છે. તેમણે ઓટિઝમમાં રસ દર્શાવ્યો. નટરાજ સી.પી. સ્કૂલમાં ઓટિઝમ બાળકો ઉપર કામ થાય છે તે જોઈને તેઓ રાજી થયા. ઓટિઝમ માટે એક પ્રોજેક્ટ બનાવી ૩ H માં મોકલવાનું તેઓ કહી ગયા. અમે પ્રોજેક્ટ મોકલ્યો અને ૨૫૦૦૦ ડોલરની બીજી એક સહાય દર બે વર્ષે આવવાનું શરૂ થઈ ગયું.

**જયંતભાઈ સાથે પ્રફુલ્લભાઈ શાહ તો હોય જ. તેમાંથી વિકલાંગો માટે એ.ટી.ઍન્ડ ટી. ટૅકનૉલૉજી પાર્ક-કોમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટરનો વિચાર મૂર્તિમંત થયો.**

આ ૩ H સંસ્થા ભારતમાં સહાય કરવા માટે દર વર્ષે ફંડ રેઈઝિંગ ફંકશન ગોઠવે છે, તેની બહુ રસપ્રદ વાત જાણવા મળી. ફંકશનમાં આવતા ફિલાનથ્રોપિસ્ટ ડિનર ટેબલ બુક કરાવે છે. સ્ટેજ ઉપરથી સંસ્થાઓની જરૂરિયાત અને થયેલી કામગીરી LED સ્ક્રીન ઉપર દર્શાવાય છે. જેને જે ગમે તેને માટે દાનની રકમતે બોલે છે. એક વખત સંસ્થાના પ્રતિનિધિ પ્રદીપભાઈ ભટ્ટ 12 માં હતા, ત્યારે તેમણે તેમાં હાજરી આપી હતી. એવી જ રીતે નયનભાઈ, દલાલ ફેમિલી ફાઉન્ડેશન(US)એ પણ આ ફંકશનમાં ભાગ લીધો હતો. ૩ H ની સહાય દર વર્ષે થોડીથોડી થતાં અત્યાર સુધીમાં ૭૫ લાખથી વધુ એટલે એક લાખ પાંત્રીસ હજાર ડોલર જેટલી થવા જાય છે. વિદેશથી આવી સહાય મેળવવા માટે નિયમિત પત્રવ્યવહાર, રિપોર્ટિંગ, FCRA એકાઉન્ટમાં ચોકસાઈ, ફોલોઅપ, લાભાર્થીઓના ફોટોગ્રાફ વગેરે બરાબર

મોકલવામાં આવે તો ટીપેટીપે સરોવર ભરાય તેમ સંસ્થાના દાનની ઝોળી છલકાય જાય તે નિર્વિવાદ છે. આ કાર્યભાર સંભાળવામાં પીયૂષભાઈ પારાશર્ય અને કે.ડી. પડિયાનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

**આ 3H સંસ્થા ભારતમાં સહાય કરવા માટે દર વર્ષે ફંડ રેઈઝિંગ ફંક્શન ગોઠવે છે. તેની સહાય અત્યાર સુધીમાં ૭૫ લાખથી વધુ એટલે એક લાખ પાંત્રીસ હજાર ડોલર જેટલી થવા જાય છે.**





ઓટીઝમ



# વજુભાઈ મહેતા, દરિયાદિલ દાતા



## માનવમંદિરની જાત્રા

સખાવતમાં લાલપુરવાળા સ્વ. વીરચંદ મીઠાલાલ મહેતા પરિવારના વજુભાઈનું નામ મોટું રહ્યું છે. વ્યવસાય અર્થે નાનાભાઈઓ સાથે આ પરિવાર ઈંગ્લૅન્ડના માન્ચેસ્ટરમાં સ્થાયી થયો છે. સદ્‌ગુરુદેવ રાકેશજી સાથે લગાવ અને વતન પ્રત્યે પ્રેમ, એટલે મુંબઈના આંટાફેરા ખરા. એ મુંબઈમાં હોય ત્યારે હેંગિંગ ગાર્ડનમાં સવારે ચાલવા આવે. બાબુભાઈ સંઘવી સાથે ગાર્ડનમાં તેમની ઊઠકબેઠક. 'પાલિતાણાની જાત્રા સાથે અમારી માનવ મંદિર જેવી સંસ્થાની જાત્રા કરવા જેવી છે.' એમ બાબુભાઈ તેમને વારંવાર કહેતા, પરંતુ તેનો યોગ આવતો ન હતો.

'વજુભાઈના સાળા શિવલાલભાઈ શાહ, ભાવનગરમાં બીમાર છે. તેની ખબર કાઢવા અને પાલિતાણાની જાત્રા કરવા વજુભાઈ, તેના પત્ની વનિતાબેન સાથે મુંબઈથી આજ સાંજની ફ્લાઈટમાં ભાવનગર આવે છે.' તેમ બાબુભાઈ પાસેથી સમાચાર મળ્યા. દિવસ હતો ૨૩ નવેમ્બર ૨૦૦૩. આમતો વજુભાઈની સખાવતો અંગે વાતો સાંભળેલી, પરંતુ ક્યારેય તેમને મળવાનું થયું ન હતું. પરંતુ આ વખતે બાબુભાઈના આગ્રહથી પાલિતાણાની જાત્રા કરીને, બીજા દિવસે સંસ્થા જોવાનું તેમણે સ્વીકાર્યું હતું.

આ દંપતીનું ભાવનગર ઍરપૉર્ટ ઉપર ઉષ્માભર્યું સ્વાગત કર્યું. લંડન, અમેરિકામાં સ્થાયી થઈને મોટો કારોબાર ચલાવતા વજુભાઈ, કોઈ મોટી કાર્પોરેટ કંપનીના ડિરેક્ટર જેવા સૂટેડ બૂટેડ હશે એવી ધારણા, તેમને સાદા સફેદ વસ્ત્રોમાં જોઈને ખોટી પડી. શિવલાલભાઈની ખબર પૂછીને, વજુભાઈ અને વનિતાબેન પી.એન.આર. હૉસ્પિટલના ગેસ્ટરૂમમાં રાત્રી રોકાયાં.

**'પાલિતાણાની જાત્રા સાથે અમારી માનવમંદિર જેવી સંસ્થાની જાત્રા કરવા જેવી છે.'**
**એમ બાબુભાઈ વારંવાર કહેતા.**

વહેલી સવારમાં સંસ્થાના ડ્રાઈવર પીતાંબરભાઈએ તેમને પાલિતાણા જાત્રા કરાવી. રાત્રે તેઓ પાછા ફર્યાં.

બીજા દિવસ સવારે હૉસ્પિટલ, મગજના લકવાગ્રસ્ત બાળકોની સારવાર, પ્રજ્ઞાચક્ષુ અને બહેરાંમૂંગા બાળકોનું શિક્ષણ અને કૃત્રિમસાધનો બનાવવાનું વર્કશોપ, તેમજ 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા વગેરે જોતાં-જોતાં તેમનું હૃદય ભરાઈ ગયું.

## અહમ્ કે અભિમાન વગર સહજભાવે દાન

સંસ્થાનો રાઉન્ડ પૂરો કરીને અમે ઑફિસમાં બેઠાં એટલે તેમણે તાકીદની જરૂરિયાત માટે પૂછ્યું. 'અમારી બહેરાંમૂંગા શાળાનું મકાન તો બંધાઈ ગયું. પરંતુ તેનું શિરમોર સમાન ઑડિટોરિયમ, ફંડના અભાવે ત્રીસ વરસથી અધૂરું પડયું છે.' ખર્ચ મોટું હતું. કોઈ દાતા મળતા ન હતા. વજુભાઈને તે અધુરું કામબતાવવા અગાશીમાં લઈ ગયા. મારી સાથે કાંતિકાકા અને અંતુભાઈ રાવળ હતા. આ સાઉન્ડ પ્રૂફ એરકંડિશન્ડ ઑડિટોરિયમમાં ત્રણસો બાળકો પ્રાર્થના કરશે, પછી ગીતસંગીતના તાલે નાચશે કુદશે. આ કામપૂરું કરવા માટે સંસ્થાને અગિયાર લાખની જરૂરત છે!' એમકહીને વાત મૂકી. વાત સાંભળીને તે સહજ ભાવે બોલ્યા, 'તમારું કામ થઈ જશે'! આટલું મુશ્કેલ કામ, આટલી સરળતાથી થઈ જશે, એવી તો અમારી કોઈ કલ્પના ન હતી.



તેમનો આભાર વ્યક્ત કરી, અમે પાછા ઑફિસમાં આવીને બેઠાં.

'પી.એન.આર. હૉસ્પિટલમાં પૈસાના અભાવે ગરીબ દર્દી પાછા ન જાય એ માટે કોર્પસ ફંડની શું વ્યવસ્થા છે ?' વજુભાઈએ પૂછયું. 'એવી તો કોઈ વ્યવસ્થા નથી ' મે કહ્યું, તો કહે, 'તો કોઈ વ્યવસ્થા કરો, હું રકમઆપું. બોલો, કેટલું ફંડ જોઈએ?' મેં દસ લાખ રૂપિયાની માગણી કરી, તો તેમણે સહજભાવે મંજૂર કરી. સાથે સૂચન કર્યું.'કોર્પસ જાળવી જ રાખવું, એવો આગ્રહ નથી. જરૂર પડે તો વ્યાજ સાથે મુદલ વાપરી નાખવાની તમને છૂટ છે. હેતુ જળવાય તે જરૂરી છે.'

અમને એમ થયું કે હવે બહુ થયું, તે અટકશે. પરંતુ ફરી પાછો એ જ સવાલ તેમણે પૂછયો, એટલે 'અંકુર સ્કૂલમાં મંદબુદ્ધિ બાળકો પાકી ફેન્સીંગના અભાવે રોડ ઉપર ચાલ્યા જાય છે. માંડમાંડ મકાનનું કામપૂરું કર્યું છે, હવે પૈસા નથી. ત્રણ લાખ રૂપિયાની જરૂરિયાત છે.' માગણી મૂકી તો કહે, 'મળી જશે.'

પછી હસતાહસતા કહે, 'હવે કાંઈ બાકી?' હું ના કહેવા જતો હતો ત્યાં કાંતિકાકા બોલ્યા, 'અમારે નટરાજ કૉલેજમાં એક કલાસ રૂમબાકી રહી ગયો છે, અઢી લાખની જરૂર છે.' તો કહે, 'એ પણ મળી જશે.'

આમ, વાતવાતમાં સહજભાવે વજુભાઈએ કોઈ અહમ્ કે અભિમાન વગર, રૂપિયા છવ્વીસ લાખ ને એકાવન હજારનું દાન કરીને, સદ્ગુરુદેવે કંડારેલી કેડી કંડારી અને પી.એન.આર. ના 'FERA' એકાઉન્ટમાં, માન્ચેસ્ટરથી દાનની રકમનો ચેક મોકલવા વ્યવસ્થા કરી.

**સહજભાવે વજુભાઈએ કોઈ અહમ્ કે અભિમાન વગર, રૂપિયા છવ્વીસ લાખ ને એકાવન હજારનું દાન કરીને સદ્ગુરુદેવે કંડારેલી કેડી કંડારી**

## ક્રેડિટિબિલિટીનો ખ્યાલ આવી ગયો

અમે એરપોર્ટ જવાની રાહમાં વજુભાઈ સાથે બેઠા હતા. કોઈ પરિચય વગર પહેલી મુલાકાતમાં આટલી મોટી રકમનું દાન વજુભાઈએ સહજભાવે કરી દીધું, તેનું રહસ્ય મારી સમજમાં આવતું ન હતું. જિજ્ઞાસાવશ મારાથી તેમને પૂછાઈ ગયુંઃ તમે સંસ્થાને પહેલી મુલાકાતમાં આટલું મોટું દાન કર્યું, પણ તમે તો અમને ઓળખતા ન હતા!' વજુભાઈએ ખુબસરસ જવાબ આપ્યો. કહે, 'કાલે તમે મારી સાથે પાલિતાણા તમારો ડ્રાઈવર મોકલ્યો હતો ને, તેનું શું નામ?' મેં કહ્યું, 'પીતાંબર' તો કહે, 'એ પીતાંબર પાસેથી મેં રસ્તામાં સંસ્થાની ઘણી વાતો સાંભળી. ભાવનગર પહોંચીને મેં તેને સો રૂપિયાની ટીપ આપી. તેણે ધરાર ન લીધી. સંસ્થાનો આટલો નાનો માણસ પણ પૈસાને ન અડકે, એ સંસ્થાની ક્રેડિટિબિલિટી કેટલી હોય તેનો મને ખ્યાલ આવી ગયો.'

૨૦૦૪ની આખરમાં માતુશ્રી નવલબેન વીરચંદ મહેતા અને પિતાશ્રી વીરચંદ મીઠાલાલ મહેતાની સ્મૃતિમાં મહાવીર ઑડિટોરિયમતૈયાર થઈ ગયું. હૉસ્પિટલમાં મહાવીર મેડિકલ રિલિફ કોર્પસ ફંડની સ્થાપના પણ થઈ, સાથે વજુભાઈએ મંજૂર કરેલા 'અંકુર' અને 'નટરાજ'ના કામપૂરાં થયાં અને તા. ૨૫, ૨૬ ડિસેમ્બર

૨૦૦૪ તેનો લોકાર્પણ સમારંભ યોજાયો. સંજોગવશાત્ તેમાં વજુભાઈ ઉપસ્થિત રહી શક્યા નહીં અને ૨૬ જાન્યુ. ૨૦૦૫ના રોજ તેમનું દુઃખદ અવસાન થઈ ગયું. સંસ્થાને એક દરિયાદિલ દાતાની ખોટ પડી.

વજુભાઈના નિધન પછી તેમના પરિવારના સભ્યો, તેમજ તેમના બેન બનેવી વગેરેએ અવાર નવાર સંસ્થાની મુલાકાત કરીને, સંસ્થા સાથે સંપર્ક જાળવી રાખ્યો. એ સંબંધોને વધુ ગાઢ બનાવવા હું, મારી પત્ની ઈલા અને નટવરભાઈ, ડોનેશન ડ્રાઈવ માટે યુ.કે. ગયા ત્યારે, માન્ચેસ્ટરમાં આ પરિવારના ઘરે જઈને તેમની મહેમાનગતિ માણી આવ્યા હતા. તેમાં વજુભાઈના નાનાભાઈ હસમુખભાઈ સાથેના સંબંધો વધુ વિકસ્યા. પરિણામે આ પરિવારે વજુભાઈની ખોટ સંસ્થાને વર્તાવા દીધી નહીં અને પ્રસંગોપાત્ સંસ્થામાં દાનની સરવાણી વહેવડાવતા રહ્યા જે એક કરોડથી વધુ થવા જાય છે. તેમાં નટરાજ કોલેજ એનેક્ષી, પાલિતાણા અને શિહોર રિસોર્સ સેન્ટરનું મેન્ટેનન્સ કોર્પસ ફંડ અને સર્વ શિક્ષા અભિયાન વગેરેનો પણ સમાવેશ થાય છે. આ રીતે સામાજિક ઋણ અદા કરવાની પરંપરા સ્વ.વીરચંદ મીઠાલાલ મહેતા પરિવારે ગૌરવભેર જાળવી રાખી છે.



પાલીતાણા રીસોર્સ સેન્ટર ઉપર દાતા પરિવાર




**પીતાંબર પાસેથી મેં રસ્તામાં ઘણી વાતો સાંભળી. મેં તેને સો રૂપિયાની ટીપ આપી. તેણે ધરાર ન લીધી. સંસ્થાનો આટલો નાનો માણસ પણ પૈસાને ન અડકે, એ સંસ્થાની ક્રેડિટિબિલિટી કેટલી હોય તેનો મને ખ્યાલ આવી ગયો.**

# ગોલ્ડન એરા ઑફ પી.એન.આર. ડૉ. સરધારવાલાઃ એક ફ્રેન્ડ ફિલોસોફર ઍન્ડ ગાઈડ



## ગોલ્ડન એરા-સુવર્ણકાળ

પી.એન.આર. સોસાયટી અને ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. ની પાર્ટનરશિપ લગાતાર ૩૦ વરસ ચાલી. ઈમ્પેકટને કારણે પી.એન.આર.ની વૈશ્વિક છબી બની. એક સમયે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સંઘર્ષ કરતી સંસ્થા, પી.એન.આર. એક વટવૃક્ષની જેમ ફૂલીફાલી. આ સમયને પી.એન.આર.નો ગોલ્ડન એરા (સુવર્ણકાળ) કહુ છું. તેમાં ઈમ્પેકટનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે.

## સંબંધનો સેતુ

બે સંસ્થાઓ વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી, સંબંધોનો મજબૂત સેતુ બનાવવાની મહત્ત્વની કામગીરી કોઈએ કરી હોય તો તે હતા ડૉ.આઈ. બી. સરધારવાલા. ઈમ્પેકટના ચેરમેન સર જોનનો સરધારવાલામાં ભારે વિશ્વાસ અને સરધારવાલાને મારામાં. આ વિશ્વાસ અમારી બંને વચ્ચેના સંબંધોની આધારશિલા હતો.

> **બે સંસ્થાઓ વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી, સંબંધોનો મજબૂત સેતુ બનાવવાની મહત્ત્વની કામગીરી કોઈએ કરી હોય તો તે હતા ડૉ. આઈ. બી. સરધારવાલા**

## પહેલા ઈન્ડિયન

તેનું નામ ડૉ.ઈમદાદઅલી સરધારવાલા. હું તેમને સરધારવાલાસાહેબ કહું અને એ મને બાબાભાઈ. એમનો જન્મ ઝાંઝીબાર, તાન્ઝાનિયા, ઈસ્ટ આફ્રિકામાં થયેલો. આમજુઓ તો, તેઓ રાજકોટ પાસેના સરધાર ગામના વ્હોરા હતા. ઝાંઝીબારમાં તેમણે સેકન્ડરી એજ્યુકેશન પૂરું કર્યું. મુંબઈ આવીને તેમણે MBBS, DCH કર્યું. પછી લંડન જઈને પીડિયાટ્રિકમાં PG કર્યું. દરમ્યાન તેમને ઈનહેરીટેડ મેટાબોલિકમાં રસ જાગ્યો. ટોરન્ટોમાં બે વરસ રિસર્ચ ફેલો રહ્યા. લંડન પાછા આવીને માન્ચેસ્ટર ચિલ્ડ્રન હૉસ્પિટલમાં કન્સલ્ટન્ટ પીડિયાટ્રિશિયનની જગ્યા ઉપર નિમાયા અને છેવટે વિલિંક બાયોકેમિકલ જેનેટિક યુનિટના ડાયરેકટર બન્યા અને ત્યાંથી જ રિટાયર્ડ થયા. આ હોદ્દા ઉપર પહોંચનારા તેઓ પહેલા ભારતીય હતા.

કોમનવેલ્થ ઍસોસિયેશન સાથે વિકસતા દેશોમાં 'પ્રિવેન્શન ઑફ મૅન્ટલ હેન્ડિકેપ' ની કામગીરી પછી, તેઓ ઈમ્પેકટ ફાઉન્ડેશન (યુ.કે.) માં જોડાયા. દરમ્યાન ઈમ્પેકટે દુનિયાના પછાત દેશો માટે પ્રિવેન્શનની સાદી, સસ્તી અને સરળ ઉપચાર પદ્ધતિ વિકસાવી. આ કામગીરીના પ્રચાર-પ્રસાર માટે ડૉ.સરધારવાલા, દુનિયામાં ચાલતા ઈમ્પેકટના પ્રોજેકટની મુલાકાત લેતા હતા.

> **ઈમ્પેકટનું સૂત્ર હતુ 'એકશન ટુડે ટુ પ્રિવેન્ટ ડિસેબિલિટી ટુમોરો'**

## બરાબરીનો દરજ્જો

ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. ને ત્રીજા વિશ્વના દેશોમાં ઈમ્પેકટ ઈન્ડિયા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા,

કમ્બોડિયા એમ અનેક શાખાઓ હતી. ભારતમાં પોતાની બ્રાન્ચ હોવા છતાં, પી.એન.આર. સાથે પાર્ટનરશિપ કરીને ઈમ્પેક્ટે, અમારી સંસ્થાને બરાબરીનો દરજ્જો આપ્યો એ ઘણું મહત્ત્વનું હતું. ઈમ્પેક્ટના ચેરમેન, સર જોન વિલ્સનને PNR માં ઘણી આશા હતી. PNR તેની પ્રવર્તમાન પ્રવૃત્તિની સાથેસાથે 'પોલિયો ફ્રી ભાવનગર' ઝુંબેશ ઉપાડે, તેમ તેઓ ઇચ્છા ધરાવતા હતા. તેમણે અમને તેનું પ્લાનિંગ કરવાનું સૂચન કર્યું હતું. કામગીરી થોડી કપરી હતી. તે સમયે જિલ્લામાં ફક્ત ૩૦% બાળકોનું જ ૧૦૦% રસીકરણ થતું હતું અને સરકારી એજન્સીઓ સુષુપ્ત જણાતી હતી. આ સંજોગોમાં સર જોન વિલ્સને ૧૯૯૫માં, ડૉ. સરધારવાલાને સંસ્થાની તપાસ અને ઈમ્યુનાઇઝેશન સી.બી.આર.ના ખાસ મિશન સાથે PNR ની વિઝિટ માટે ભાવનગર મોકલ્યા.

**PNR સંસ્થાએ 'પોલિયો ફ્રી ભાવનગર'ની ઝૂંબેશ ઉપાડવી જોઈએ. આ એક વૈજ્ઞાનિક અભિગમ છે અને તેમાં સંસ્થાનું ભવિષ્ય છે. એ વાત અમને સમજાવવામાં ડૉ.સરધારવાલા સફળ રહ્યા.**

## સંસ્થાનું ઉજ્જવળ ભવિષ્ય

ઈમ્પેક્ટનું સૂત્ર હતું 'એકશન ટુડે ટુ પ્રિવેન્ટ ડિસેબિલિટી ટુમોરો-કાલે આવનારી અપંગતાને આજે અટકાવીએ.' રસીકરણથી પ્લેગ અને શીતળા જેવા મહાભયંકર રોગો પૃથ્વી ઉપરથી નાબૂદ કરી શકાયા અને વિકસિત દેશોમાંથી પોલિયો પણ નાબૂદ થઈ ગયો. પરંતુ પછાત અને ગરીબ વિકાસશીલ દેશોમાં તે નાબૂદ થતો નથી.'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશને ૨૦૦૦ની સાલ સુધીમાં, સમગ્ર વિશ્વમાંથી પોલિયો નાબૂદીની ઘોષણા કરી. ભારત સરકારે પણ આ ઈમ્યુનાઇઝેશનનો એકસપાન્ડેડ પ્રોગ્રામ અને પલ્સ પોલિયોના પ્રોગ્રામનો અમલ શરૂ કર્યો છે, ત્યારે PNR જેવી સ્વૈચ્છિક સંસ્થાએ 'પોલિયો ફ્રી ભાવનગર'ની ઝુંબેશ ઉપાડવી જોઈએ. આ એક વૈજ્ઞાનિક અભિગમછે અને તેમાં સંસ્થાનું ઉજ્જવળ ભવિષ્ય છે.' એ વાત અમને સમજાવવા ડૉ.સરધારવાલા સફળ રહ્યા. ડૉ.સરધારવાલાની આ મુલાકાત પછી સંસ્થાની પ્રવૃત્તિનું મેઈન લક્ષ્ય, પોલિયો સર્જરીને બદલે પ્રિવેન્શન અને કમ્યુનિટી બેઈઝડ રિહેબિલિટેશન(CBR) ઉપર કેન્દ્રિત થઈ ગયું. ત્યાર પછી PNR અને સંલગ્નિત સંસ્થાઓએ આકાશને આંબવાની ઊંચી ઉડાન ભરી પછી આજ સુધી નીચે ઊતરવાનું નામ લીધું નથી. જે આજના યુગ સાથે તાલ મિલાવવા માટે જરૂરી હતું.

## કાયાપલટ

સંસ્થાના આ વિઝન અને મિશનને અપડેટ કરવામાં ડૉ.સરધારવાલાએ ખૂબ જ ધીરજપૂર્વકકામ કર્યું. માન્ચેસ્ટરથી તે વર્ષોવર્ષ PNR ની મુલાકાત લેતા રહ્યા. અહીં આવીને એ સંસ્થાઓની પ્રવૃત્તિઓ જુએ. સિદ્ધ થયેલા લક્ષ્યાંકો, ઈમ્પેક્ટના બજેટ મુજબ થયેલ આવક ખર્ચ, ખૂટતી સુવિધાઓ, નવા વરસનું પ્લાનિંગ અને ફંડિંગની જરૂરિયાતની માહિતી એકત્રિત કરી, ઈમ્પેક્ટને રિપોર્ટ કરતા. એટલું જ નહીં, પરંતુ ઈમ્પેક્ટની કાઉન્સિલ મીટિંગમાં અમને સહાય માટે ભાર પૂર્વક ભલામણ કરતા. તેના પરિણામે સંસ્થાને અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની સહાય, ગુડવીલ અને સાધનો પ્રાપ્ત થયાં. આ સહાયથી જ સંસ્થા અને તેના વંચિત વિકલાંગોની કાયા પલટ થઈ શકી.

**સંસ્થાના આ વિઝન અને મિશનને અપડેટ કરવામાં ડૉ. સરધારવાલાએ ખૂબ જ ધીરજપુર્વક કામ કર્યું. તેના પરિણામે સંસ્થાને અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની સહાય, ગુડવીલ અને સાધનો પ્રાપ્ત થયાં.**

## દિલ જીતી શક્યા

ઈમ્પેક્ટની આ સહાય માટે હું ડૉ.સરધારવાલાની મધ્યસ્થીને શ્રેય આપું છું. જ્યારે તે બ્રિટિશરોને ગમી જાય એવા મારા સ્ટ્રોંગ ઍડ્મિનિસ્ટ્રેશનને શ્રેય આપે છે. આ એડમિનિસ્ટ્રેશનને અસરકારક રીતે ચલાવવામાં સંસ્થાને ચંદ્રકાંત ત્રિવેદી, પીયૂષ પારાશર્ય, પછી હેમા ઉદેશી, પારસ શાહ અને કે.ડી.પડિયા ઘણા ઉપયોગી થયાં. અમારા ત્રણ દાયકાના ઈમ્પેકટ સાથેના વ્યવહારમાં ક્યારેય એક પણ નૅગેટિવ રિમાર્ક થયો નથી. PNR એક વખત કામ હાથ ઉપર લેશે એટલે



**ડૉ. સરધારવાલા, ડૉ. જીંજર વિલ્સન, જેરી જોન્સ**

પૂરું કરીને જ રહેશે, તેની ઈમ્પેક્ટને હંમેશાં ખાતરી રહેતી. તેમના તરફથી આવેલા બજેટની પાઈએ પાઈ અમે કરકસરથી વાપરતા, કેટલીક વખત તો પૈસા બચાવીને પાછા પણ આપ્યા, છતાં લક્ષ્યાંકો સિદ્ધ કર્યા, એ પારદર્શક વહીવટથી અમે તે લોકોના દિલ જીતી શકયાં.

## મોસાળમાં જમવાનું અને માઁ...

ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. સાથે કામકરવાનું નકકી થયું ત્યારે મને કલ્પના પણ ન હતી કે તેમાં ડૉ.સરધારવાલા જેવા એક ભલા, ભોળા અને માયાળુ ગુજરાતી પણ ત્યાં હશે. એ પોતે ગુજરાતી, તેમને માદરે વતન પ્રત્યે ઊંડો પ્રેમ, આ તો મોસાળમાં જમવાનું અને મા પીરસવા વાળી એવો ઘાટ થયો. આવા ડૉ.સરધારવાલાએ મને ઘણું શીખવાડયું, હું શીખતો ગયો, તેનો પ્રતિસાદ આપતો ગયો. એમ કરતા કરતા અમારી મૈત્રી થઈ ગઈ. એવી મૈત્રી કે દર વર્ષે મળ્યા વગર ચાલે નહીં. ડૉ.સરધારવાલાની તબિયતને લીધે છેલ્લે ૨૦૧૫માં જ ભાવનગર આવ્યા પછી અમારે ફોનથી જ વાત થાય છે. આ ફ્રેન્ડ, ફિલૉસૉફર ઍન્ડ ગાઇડને ફરી મળવા અમે આતુર છીએ.

તા.ક. તા. ૮ જુલાઈ, ૨૦૧૯ નાં રોજ ડો. સરધારવાલા સાહેબનાં દુઃખદ અવસાનના સમાચાર આવ્યા. જેને મળવાની આશા હતી તેની પ્રાર્થના સભાનું આયોજન કરવું પડયું. ડૉ. સરધારવાલા જેવા મિત્રની ખોટ કદી પુરાશે નહીં.



**પહેલી હરોળમાં ચંદ્રકાંતભાઇ ત્રિવેદી, લેડી પ્રાન્સ, કલેર હિકસ ડૉ. સરધારવાલા, મનુભાઇ શેઠ**

# મોંઘેરા મહેમાન સર જોન વિલ્સન



## નિમંત્રણ

ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. ના ચેરમેન સર જોન વિલ્સનને મુંબઈમાં મળવાનું સદ્ભાગ્ય અમને સાંપડયું હતું. ૧૯૮૮ ની આ મુલાકાત ફળદાયી નીવડી. આ મુલાકાત પછી પોલિયો કેમ્પ માટે અમને ઈમ્પેકટની આર્થિક સહાય, ટેકનિકલ માર્ગદર્શન અને મોરલ સપોર્ટ મળવાનું શરૂ થયું હતું.

સર જોન વિલ્સનને ભાવનગર આવવા માટે અમે નિમંત્રણ પાઠવેલું હતું. પરંતુ તેમની મુલાકાત શકય બની ન હતી. ૧૯૯૩માં મુંબઈની રેડિયો કલબમાં અમે ફરી મળ્યા ત્યારે, પોલિયો કેમ્પ માટે સર જોને અમને એક ટેમ્પો ટ્રાવેલ મેડિકલ વાન ભેટ આપ્યું. ત્યાર પછી ઈમ્પેકટ તરફથી ઘણાં વાન ભેટ મળ્યા. તેમાં જર્સી ઓવરસીસ એડ કમિશનનો ફાળો મહત્ત્વનો હતો. એક સમયે એક એક કરતા સંસ્થા પાસે બાવીશથી વધુ વાહનો થઈ ગયા હતા. આ વાહનો દેશના અઢાર રાજયોમાં પહોંચી વળવા માટે જરૂરી હતા. ૧૯૯૬માં હું અને શામજીકાકા, નાયકને સાથે લઈને સર જોનને મુંબઈમાં વોલ્ટાસના ગેસ્ટ હાઉસમાં મળ્યા, ત્યારે પોલિયોની અદ્યતન હૉસ્પિટલ બનાવવાની અને તેમાં ઈમ્પેકટ કેવી રીતે સહાય કરી શકે તેની ચર્ચા થઈ.

## આનંદનો માહોલ

આખરે ૧૦ વરસ પછી, સર જોન વિલ્સન અને લેડી વિલ્સન PNR ની મુલાકાત માટે આવી પહોંચ્યાં.

૯ થી ૧૧ જાન્યુઆરી ૯૯, ત્રણ દિવસ આ મોંઘેરા મહેમાનના આગમનથી



**લેડી વિલ્સન, સર જોન, મનુભાઇ ,બાબુભાઇ અને હીરાબહેન સંઘવી**
**બંને મહાનુભાવોનાં જન્મ દિવસની ઉજવણી**




**ભાવનગરમાં પોલિયો રેલીને સર જોન વિલ્સનનું સંબોધન**
**બાજુમાં લેડી વિલ્સન, ડૉ. મનોરમાબહેન અને બાબુભાઇ સંઘવી**

> **પચાસ વર્ષમાં મેં સિત્તેર દેશોની મુલાકાત લીધી છે. પણ આટલું વ્યવસ્થિત અને સુંદર આયોજન બદ્ધ કાર્ય, એક જ સંકુલમાં થતું ક્યાંય જોયું નથી**

સંસ્થામાં આનંદનો માહોલ છવાઈ ગયો. વળી, આ દિવસે બાબુભાઈ સંઘવી તેના પત્ની હીરાબેન સાથે, સંસ્થામાં આવેલા હતા અને યોગાનુયોગ આ બંને મહાનુભાવોનો જન્મદિવસ પણ હતો. તે દિવસે રાત્રે બહેરાંમૂંગા શાળાના પટાંગણમાં જન્મદિવસની ઊજવણી બાળકોના નાચગાન સાથે કરવામાં આવી. બીજા દિવસે સાંજના અંધશાળાના મેદાનમાં, સર જોન વિલ્સનના જાહેર સન્માન સમારંભનું આયોજન, માજી ન્યાયમૂર્તિ બટુકભાઈ મહેતાના પ્રમુખ સ્થાને થયું.

> **ભાવનગર શહેરની ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની 'પોલિયો હટાવ' રેલીનું આયોજન કરવામાં આવ્યું. સર જોન વિલ્સને તેને ફ્લેગ ઑફ આપ્યો.**

## રેલીને ફ્લેગ ઑફ

ત્રીજા દિવસે સવારે, ભાવનગર શહેરની શાળાઓના ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની 'પોલિયો હટાવ' રેલીનું આયોજન એ.વી.સ્કૂલના મેદાનમાં કરવામાં આવ્યું. સર જોન વિલ્સને આ રેલીને સંબોધન કર્યું અને તેને ફ્લેગ ઑફ આપ્યો. બપોર પછી સર જોન સાથે કાર્યકર્તાઓની મીટિંગ રાખવામાં આવી. આ મીટિંગમાં ભાવનગર જિલ્લાનો ૧૧૦૦ કિ.મી. જેટલો વિસ્તાર, ૮૦૦ થી વધુ ગામડાંઓ, લોકોના રીતરિવાજ અને માન્યતાને ધ્યાનમાં લઈને, પોલિયો રસીકરણનું લક્ષ્યાંક સિદ્ધ કરવા શું કરી શકાય, તેના વિશે ચર્ચા થઈ અને સર જોન વિલ્સને માર્ગદર્શન આપ્યું.

ત્રણ દિવસના રોકાણ દરમ્યાન સર જોન



**મારી જમણી બાજુ લેડી વિલ્સન ડાબી બાજુ સર જોન વિલ્સન**

વિલ્સને, સંસ્થાની પોલિયો હૉસ્પિટલ, થેરાપી સેન્ટર, અંધશાળા, બહેરાંમૂંગા શાળા, અંકુર મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા, પી.આર.વાઘર કૃત્રિમ સાધનોનું વર્કશોપ વગેરેની મુલાકાત લીધી અને તેના તજજ્ઞો સાથે ચર્ચા કરી. ઉપરાંત શહેરના આગેવાન નાગરિકો, જિલ્લા વિકાસ અધિકારી, નગરપાલિકાના હેલ્થ ઑફિસર, અને ઇમ્યુનાઇઝેશનનું કામકરતા કર્મચારીઓ અને પત્રકારોને મળીને ૨૦૦૦ની સાલ સુધીમાં જિલ્લાને પોલિયો ફ્રી બનાવવા કમર કસવા અપીલ કરી.



**રંગારંગ કાર્યક્રમમાં સર જોન સાથે લેડી વિલ્સન**

સર જોન વિલ્સન આ મુલાકાતથી ઘણા પ્રભાવિત થયા. પોતાના અભિપ્રાયમાં તેમણે લખ્યું, 'પચાસ વર્ષમાં મેં સિત્તેર દેશોની મુલાકાત લીધી છે, પણ આટલું વ્યવસ્થિત અને સુંદર આયોજન બદ્ધ કાર્ય, એક જ સંકુલમાં થતું કયાંય જોયું નથી.' લંડન જઈને તેમણે મારી સ્કૂલના દિવસોથી શરૂ થયેલી યાત્રાની કથા દુનિયા સમક્ષ મુકવા માટે કાંઈક કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી ને અમે મિત્રો બન્યા. તેમનો એક અંગત પત્ર મેં આજે પણ સાચવી રાખ્યો છે.

Dear Mr. Anant Shah

(or May I now join the circle of your friends who have the privilege of calling you Bababhai ?)

Jean and I have spent much of the past 50 years visiting so many countries but in none of them have we met such warmth & such generosity of spirit as at the Reception you so kindly prepared for us. We will always remember the joy of the festivities, the generosity of your welcome, the enthusiasm of your colleagues and the happiness of the children. Please accept our very true thanks and pride at now being able to call you, not only our colleague, but a friend***.....The story of your own commitment dating back to your school days is itself so remarkable that it deserves to be known internationally. We in the U K IMPACT Foundation and the international IMPACT Programme will do anything we can to bring your work to international attention and to support it.***

Once again, with very true thanks.

Regards, - *JOHN (WILSON)*

# કરુણાભીની આંખો

'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે!' એ પ્રાર્થના કાને પડે એટલે, પ્રેમઅને કરુણાભીની આંખોવાળું ગુરુદેવ ચિત્રભાનુજીનું મરક મરક થતું મુખારવિંદ, આજે પણ સ્મૃતિપટ પર છવાઈ જાય છે.

૧૯૭૦ થી ૮૦ ના દાયકામાં સંસ્થાના ભંડોળ માટે મારે વારંવાર મુંબઈ જવાનું થતું. સાથમાં મનુભાઈ શેઠ, હીરાભાઈ શાહ કે અંતુભાઈ રાવળમાંથી કોઈ ને કોઈ હોય. વાલકેશ્વર તીનબત્તીથી ચોપાટી બૅન્ડ સ્ટૅન્ડ તરફ ઢાળમાં ઊતરીએ, ત્યાં 'કિવન્સ વ્યૂ' બિલ્ડિંગ દેખાય એટલે, ગુરુદેવ ચિત્રભાનુજીના દર્શન કરવા મન લલચાય. ગમે તેવું કામ હોય તો પણ અમે, ગુરુદેવ પાસે પહોંચી જતા. તેમને વંચિત વિકલાંગ બાળકો માટે થતું કામ બહુ ગમતું. તેઓ અમારી પાસેથી સંસ્થાના પ્રોજેકટની વાતો રસ પૂર્વક સાંભળતા અને સંસ્થાનું સાહિત્ય મૂકી જવાનું કહેતા. પોતાના અનુયાયીઓને કહેતા કે, 'પાલિતાણા જાવ છો તો ભાવનગરમાં પણ એક તીર્થસ્થાન છે' તે જરૂર જોતા આવજો.

'માનવતા વગરનો ધર્મ એ ધર્મ નથી' એ ચિત્રભાનુજીનો જીવનમંત્ર રહ્યો છે. જીવન દરમ્યાન અને જીવન પછી મનુષ્યને રાહ ચીંધનાર ગુરુદેવ, તેમના અમેરિકન અનુયાયીઓ સાથે પાલિતાણાની જાત્રાએ નીકળ્યા ત્યારે, બે વખત સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. તે સમયે ગુરુદેવ ચિત્રભાનુજીએ સાથે રહીને અનુયાયીઓને બહેરાંમૂંગા, અંધ અને પોલિયો પીડિત બાળકોની આ સંસ્થામાં થતી સારસંભાળ અને શિક્ષણની પ્રવૃત્તિ બતાવી હતી. સંસ્થામાં નિઃસ્વાર્થ ભાવે થતી આ માનવ સેવાની પ્રવૃત્તિ નિહાળીને તેમના અનુયાયીઓ ઘણાં પ્રભાવિત થયા. વર્ષ ૨૦૦૦ માં તેમના બે શિષ્યોને તેમણે સંસ્થા જોવા મોકલ્યા હતા. તેમાં એક લિયોનાર્ડ માર્ક અને બીજા જેરી જોન્સ, સંસ્થા દર્શન પછી આ બંને જીવનભર સંસ્થાના શુભચિંતક બની ગયા.

**'ક્વિન્સ વ્યૂ' દેખાય એટલે, ગુરુદેવ ચિત્રભાનુજીના દર્શન કરવા મન લલચાય. ગમે તેવું કામ હોય તો પણ અમે, ગુરુદેવ પાસે પહોંચી જતા. તેમને વંચિત વિકલાંગ બાળકો માટે થતું કામ બહુ ગમતું.**



**ગુરૂદેવ ચિત્રભાનુ મહારાજ**

# લાસ્ટ વિલ ઑફ લિયોનાર્ડ માર્ક



## મધુમિતાનો મેલ

૮ જૂન ૨૦૧૧ નાં ડો.મધુમિતા પુરી, ડિસેબિલિટી ઇન્ડિયા નેટવર્ક, નવી દિલ્હીનો એક ઈમેલ અમને મળ્યો. લખ્યુ હતું 'ડેવિડસન ડાઉસન એન્ડ કલાર્ક, લો ફર્મ, ન્યુયોર્ક તરફથી, તમારી સંસ્થાના નામનું એક પેકેટ અમને મળ્યું છે. તેમાં કાંઇક લીગલ ડોકયુમૅન્ટ હોય તેવું લાગે છે. તમારે તે જોઈએ છે? કે હું મોકલનારને રિટર્ન કરી દઉં ? ૪૮ કલાકમાં તમારો જવાબ નહીં મળે, તો પેકેટ હું પાછું મોકલી દઈશ.'

ઑફિસમાં પીયૂષભાઈ આ મેઈલ લઈને આવ્યા, ત્યારે મનમાં અનેક તર્કવિર્તક થવા લાગ્યાં. ન્યૂ યોર્કમાં સંસ્થાની કોઈ કોર્ટ મેટર ચાલતી ન હતી કે એવા કોઈ સમાચાર પણ ન હતાં. તો લો ફર્મ તરફથી લીગલ ડોકયુમૅન્ટ તે વળી શું બલા હશે? અને વળી ન્યુયોર્કથી આવેલું આપણાં નામનું પેકેટ દિલ્હી કેવી રીતે પહોંચી જાય ? એડવાન્સ્ડ ઈન્ફર્મેશન ટૅકનૉલૉજીના આજના દિવસોમાં જાત જાતના ફ્રોડ થતા હોય છે અને તેમાં દિલ્હીના ઠગો જાણીતા છે. પરંતુ મન મર્કટ છે એટલે તર્કવિર્તકના અંતે થયું કે મંગાવી તો લઈએ કે છે શું ?

**લીગલ ડૉક્યુમેન્ટ તે વળી શું બલા હશે ? અને વળી ન્યુયોર્કથી આવેલું આપણાં નામનું પેકેટ? ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના આજના દિવસોમાં જાત જાતના ફ્રોડ થતાં હોય છે તેમાં દિલ્હીના ઠગો જાણીતા છે.**

## ઘેરાતું રહસ્ય

આ મેટરમાં જરા સંભાળીને કામલેવાનું અમે નક્કી કર્યું. પછી પીયૂષભાઈએ ડૉ.મધુમિતાને દિલ્હી ફોન કરીને 'પેકેટ' કુરિયરથી ભાવનગર મોકલી આપવા વિનંતી કરી. અને ખરેખર ડો.મધુમિતાએ પેકેટ મોકલવાનું સૌજન્ય દાખવ્યું. જોયું તો પેકેટ ન્યુયોર્કથી આવેલું હતું. પેકેટ ઉપર નામસાચું હતું પરંતુ સરનામું ન્યુ દિલ્હીનું હતું. આ એક ભૂલને કારણે

**છાપાઓમાં આવા ઘણા કિસ્સા આવતા હોઈ વિશ્વાસ બેસતો ન હતો.**

ભળતાં નામે આ ગોટાળો થયો હોય તેમપ્રથમદ્રષ્ટિએ તો લાગતું હતું.

અમે જિજ્ઞાસાવશ પેકેટ ખોલ્યું ડોકયુમૅન્ટ ઉપર Last will & Testament of Leonard Marks લખેલું હતું. આ વિલ બનાવનારે 'PNR સોસાયટી અસ્તિત્વ ધરાવતી હોય તો તેને' પોતાની મિલકતમાંથી ૫૦,૦૦૦ (પચાસ હજાર) ડોલરનું દાન આપવા લખ્યું હતું. વિલ સાથે અમેરિકાના કાઉન્સેલર એટ લો નો પત્ર અને ન્યુયોર્કની કોર્ટનાં પ્રોબેટની નકલ પણ હતી. લાખ પ્રયત્ન કરવા છતાં અમને લિયોનાર્ડ માર્કસ કોણ એ યાદ આવતું ન હતું. વળી છાપાઓમાં આવા ઘણા કિસ્સા આવતા હોઈ વિશ્વાસ બેસતો ન હતો. આમ, લલચાવીને આ લોયર કંપની આપણી પાસેથી પૈસા પડાવીને છૂમંતર તો નહી થઈ જાય ને? રહસ્ય ઘેરાતું જતું હતું.

## તથ્ય જણાયું

ખાતરી કરવા માટે અમે ન્યુજર્સીમાં સંસ્થાનાં કાર્યકર પ્રફુલ્લભાઈ શાહને કહ્યું. પ્રફુલ્લભાઈએ લોયર સાથે ફોનમાં વાત કરી. વાતમાં તથ્ય જણાયું. વધુમાં પ્રોબેટની વિધિ પૂરી થતાં ચારેક મહિના લાગશે તેમજાણવા મળ્યું . બહુ વિચાર કર્યા પછી મને યાદ આવ્યું. ગુરુદેવ ચિત્રભાનુજી સાથે ૧૯૯૦ થી ૨૦૦૦ દરમ્યાન તેના બે ત્રણ અમેરિકન

**ગુરુદેવ ચિત્રભાનુજી સાથે બે ત્રણ અમેરિકન અનુયાયીઓ અને તેના ગૃપ સંસ્થા જોવા આવેલા. તેમાં એક લિયોનાર્ડ માર્ક જેવું કોઈ હતું ખરું !**

અનુયાયીઓ અને તેના ગૃપના સભ્યો સંસ્થા જોવા આવેલા. ઉપરાંત, ગુરુદેવ જે કોઈ પાલિતાણા જાત્રા કરવા આવે તેને અમારી સંસ્થા જોવા ખાસ મોકલતા પણ ખરા. તેમાં એક લિયોનાર્ડ માર્કસ જેવું કોઈ હતું ખરું! મેં મારી જૂની ડાયરીઓ ફંફોળી તો તેમાંથી મારા આશ્ચર્ય વચ્ચે લિયોનાર્ડ માર્કસનું પોસ્ટલ ઍડ્રેસ મળી આવ્યું. આ લિયોનાર્ડ માર્કસે સંસ્થાનાં એન્જિનિયર વિજય નાયકને કેપ ટાઉન (સાઉથ આફ્રિકા)ની એક સર્વ ધર્મ પરિષદમાં જવા માટેનો ખર્ચ પણ આપ્યો હતો. એ વાતો યાદ આવી અને મેં હાશકારો અનુભવ્યો.

## લિયોનાર્ડને અંજલિ

આખરે લિયોનાર્ડ માર્કના લોયરની સૂચના પ્રમાણે યુ.એસ. એમ્બસી, મુંબઈનાં કૉન્સ્યુલેટ જનરલની સામે બેસીને મેં અમેરિકાથી આવેલા વિલનાં ડૉક્યુમેન્ટ મુજબનાં લીગલ પેપર્સમાં મારા સહી સિક્કાની વિધિ પૂરી કરી. આ પહેલાં અમેરિકાની દિલ્હી સ્થિત એમ્બસીમાં આવેલા ફંડની જાણ કરી. ભાવનગર એટલે ગુજરાતમાં અને તેથી દિલ્હી કરતાં મુંબઈ નજીક પડે અને જો દિલ્હીની ઑફિસ મુંબઈ ઑફિસને જાણ કરી દે તો કામ સરળ પડે તે વાત સમજાવવામાં પીયૂષભાઈ સફળ થયા અને તેથી દિલ્હીને બદલે મુંબઈ સ્થિત બ્રાંદ્રાકુર્લા વિસ્તારમાં આવેલી યુ.એસ. ઍમ્બસીમાં બહુ થોડા જ સમયમાં સરળતાથી કામપાર પડ્યું. આ મુંબઈ ઍમ્બસીના કામમાં નટવરભાઈ દેસાઈનો પણ મોટો ફાળો રહ્યો. ૩ જાન્યુ ૨૦૧૩નાં જેયનેલ મેથવિન, વિલના ઍક્ઝિક્યુટરનાં પત્ર સાથે ૫૦,૦૦૦ ડોલરનો ચેક આવ્યો, તેનું અમે રૂા. ૨૬ લાખ જેવું જનરલ પરપઝ માટે અલગ ફંડ ઊભું કર્યું. ગુરુદેવ ચિત્રભાનુજીના આ અનુયાયી કોઈ પણ જાતની પ્રસિદ્ધિ, આડંબર કે શરત વગર પોતાને ગમતા માનવતાના કાર્યની જ્યોતને સદાય જલતી રાખવા આટલી મોટી રકમનું યોગદાન કરતા ગયા. આ મહાન આત્માની કાયમી સ્મૃતિ જાળવી રાખવા અમે તેમની પુત્રી એમી માર્કસ પાસેથી લિયોનાર્ડ માર્કનો ફોટો મગાવીને, નટરાજ કૉલેજમાં લગાવીને તેને અંજલિ આપી કૃતાર્થતા અનુભવી.

**લિયોનાર્ડ માર્કના લોયરની સૂચના પ્રમાણે ૫૦,૦૦૦ ડોલરનો ચેક આવ્યો, તેનું અમે રૂા. ૨૬ લાખ જેવું જનરલ પરપઝ માટે અલગ ફંડ ઊભું કર્યું.**